અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત


28 DECEMBER-2025 SUNDAY | Vol. : 17 | Issue : 177 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad


Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  ભાજપનેતા ઘરમાં ઘૂસ્યો, છરી બતાવી દુષ્કર્મ આચર્યું

4  એક્સિડન્ટ નાં વળતર રૂપે સારી એવી રકમ મળી હતી છતાં રામુકાકા કેમ ઉદાસ હતાં?

6  રિયા ચક્રવર્તી માં બનવા માગે છે

7  શાઓમી 17 અલ્ટ્રા ફ્લેગશિપ સ્માર્ટફોન લૉન્ચ

### રાહુલે કહ્યું- મોદી વન મેન શો ચલાવી રહ્યા છે:તેનો ફાયદો 2-3 અબજોપતિઓને મળી રહ્યો છે

# ખડગે બોલ્યા - મોદીને ગાંધી સરનેમથી તકલીફ

**નવી દિલ્હી, તા.27**

મનરેગાનું નામ બદલીને VB G RAM G કરવાનો વિરોધ કોંગ્રેસ પાર્ટી રસ્તાઓ પર ઉતરીને કરશે. 5 જાન્યુઆરીથી આ અભિયાન દેશભરમાં શરૂ કરવામાં આવશે. આ માહિતી શનિવારે કોંગ્રેસ વર્કિંગ કમિટી (CWC) ની બેઠક પછી કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આપી. તેમણે કહ્યું- મોદીને ગાંધી સરનેમથી તકલીફ છે, તેથી મનરેગાનું નામ બદલવામાં આવ્યું. રાહુલ ગાંધીએ કહ્યું- મનરેગા માત્ર યોજના નહોતી. મનરેગા રાઈટ બેઝ્ડ કોન્સેપ્ટ હતો. એટલે કે તેનાથી દેશના કરોડો લોકોને મિનિમમ વેજ (ન્યૂનતમ આવક) મળતી હતી. મનરેગા બંધ કરવું એ ડાયરેક્ટ રાઈટ બેઝ્ડના કોન્સેપ્ટ પર આક્રમણ છે. આ જે પૈસા લેવામાં આવી રહ્યા છે, તે રાજ્યો પાસેથી છીનવીને કેન્દ્ર સરકાર લઈ રહી છે. આ પાવર અને ફાઈનાન્સનું કોન્ટ્રેક્શન છે. આ નિર્ણય સીધો પીએમ હાઉસમાંથી લેવામાં આવ્યો છે. દિલ્હીમાં કોંગ્રેસ કાર્યસમિતિ (CWC)ની બેઠકમાં ખડગેએ એમ પણ કહ્યું કે મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)ની પ્રક્રિયા લોકતાંત્રિક અધિકારોને ઘટાડવાનું સુનિયોજિત ષડયંત્ર છે. ઘરે-ઘરે જઈને એ સુનિશ્ચિત કરો કે ગરીબ, દલિત, આદિવાસી અને લઘુમતી સમુદાયના મતદારોના નામ મતદાર યાદીમાંથી ન હટે.



#### ખડગેએ કહ્યું- SIR અધિકારોને કાપવાનું ષડયંત્ર

મનરેગા સોનિયા ગાંધીની ટીમે આપ્યો હતો. લાખો પરિવારોનું ભરણપોષણ કર્યું. મનરેગા ન હોત તો લાખો લોકો મરી જાત. કોંગ્રેસ કોઈપણ ભોગે મનરેગાનું રક્ષણ કરશે. મજૂરોના અધિકારો માટે અમે સંઘર્ષ કરીશું. કેન્દ્ર સરકારે સલાહ લીધા વિના મનરેગાને ખતમ કર્યું. મનરેગામાંથી રાષ્ટ્રપિતા ગાંધીનું નામ હટાવવું એ તેમનું અપમાન છે. કારણ કે સોનિયા ગાંધી, મનમોહનજીએ મનરેગાને કાયદો બનાવ્યો હતો. અમે હક આપ્યો. તમે નામ બદલી રહ્યા છો.

**NEWS BRIEF**

## સાસરામાં જમાઈનું તલવારથી તાંડવ

### પત્ની પિયરથી પાછી ન આવતાં ઘરે જઈ સસરાનું માથું ફોડ્યું, સાસુ-પત્નીને મારી; પાડોશીઓ ડરના માર્યા ઘરમાં છુપાયા

રાજસ્થાનના પાલીમાં એક યુવકે સાસરિયાંમાં જઈને સાસુ-સસરા અને પત્ની પર તલવાર વડે આડેધડ હુમલો કર્યો. પત્ની પિયરથી પાછી ન આવતાં તે નારાજ હતો. ઘટનાનો સીસીટીવી પણ સામે આવ્યો છે, જેમાં દેખાઈ રહ્યું છે કે આરોપી બાઈક પર હેલ્મેટ પહેરીને જેકેટમાં તલવાર છુપાવીને પહોંચ્યો હતો. પત્નીને જોતાં જ તલવાર લઈને તેની પાછળ દોડ્યો. આ દરમિયાન બચાવ કરવા આવેલાં સાસુ-સસરા પર પણ હુમલો કર્યો. એક જ વારમાં સસરા બેભાન થઈને જમીન પર પડી ગયા, જ્યારે માતા-પુત્રી જીવ બચાવવા માટે આમતેમ ભાગતી રહી. આરોપી જમાઈ શેરીમાં 30 મિનિટ સુધી તલવાર લહેરાવીને હોબાળો કરતો રહ્યો. જે બચાવ કરવા આવ્યો તેને ભગાડ્યો. આ પછી તે ફરાર થઈ ગયો. શેરીના લોકોએ ત્રણેય ઘાયલોને બાંગડ હોસ્પિટલ પહોંચાડ્યાં, જ્યાંથી સસરા અને સાસુને જોધપુર રીફર કરવામાં આવ્યાં. હાલ સસરા વેન્ટિલેટર પર છે. ઘટના શહેરના રામદેવ રોડ પર આવેલી મહાત્મા ગાંધી કોલોનીમાં શુક્રવારે સાંજે 6 વાગ્યાની છે. આ મામલે પાલી સીઓ સિટી મદન સિંહનું કહેવું છે કે આરોપીની ધરપકડ માટે નાકાબંધી કરાવવામાં આવી છે. ટોલ નાકાના સીસીટીવી ફૂટેજ તપાસવામાં આવી રહ્યા છે.

## સુરતની ચેસ ચેમ્પિયનથી લઈ ક્રિકેટર વૈભવને મળ્યો બાળ પુરસ્કાર

વીર બાળ દિવસ નિમિત્તે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ શુક્રવારે 18 રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી પસંદ કરાયેલાં 20 બાળકને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર એનાયત કર્યો. તેમાંથી એક બિહારનો 14 વર્ષનો ક્રિકેટર વૈભવ સૂર્યવંશી પણ છે. સુરતની 7 વર્ષની ચેસ ખેલાડી વાકા લક્ષ્મી પ્રાજ્ઞિકાને રમતગમતક્ષેત્રે પુરસ્કાર મળ્યો છે. લક્ષ્મી 2025 FIDE વર્લ્ડ સ્કૂલ ચેસ ચેમ્પિયનશિપમાં અંડર-7 ગર્લ્સ કેટેગરીમાં વર્લ્ડ ચેમ્પિયન બની, તેણે તેની બધી નવ મેચ જીતીને ગોલ્ડ મેડલ જીત્યો. પીએમ મોદીએ વીર બાળ દિવસ પર બાળકોને સંબોધન કર્યું. મોદીએ કહ્યું- મને Gen-Z પર ખૂબ વિશ્વાસ છે. નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે પીએમ મોદી વિજેતા બાળકોને મળ્યા અને પછી તેમને સંબોધન કર્યું. મોદીએ કહ્યું, 'મારો યુવાન ભારત, સંગઠન સાથે જોડાયેલા ઘણા યુવાનો અહીં ભેગા થયા છે. એક રીતે તમે બધા Gen-Z છો. તમે Gen-આલ્ફા પણ છો. તમારી પેઢી ભારતને વિકસિત ભારતના લક્ષ્ય તરફ લઈ જશે.' મને ઝેન-જીની ક્ષમતાઓ, તમારો આત્મવિશ્વાસ દેખાય છે. હું સમજુ છું અને તેથી જ મને તમારા પર ખૂબ વિશ્વાસ છે. પીએમએ કહ્યું, 'આજે દેશ વીર બાળ દિવસની ઉજવણી કરી રહ્યો છે. આજે આપણે તે બહાદુર બાળકોને યાદ કરી રહ્યા છીએ, જેઓ આપણા ભારતનું ગૌરવ છે. તેઓ અદમ્ય હિંમત, બહાદુરી અને વીરતાના પ્રતીક છે. તેઓ બહાદુર રાજકુમારો છે, જેમણે ઉંમર અને દરજ્જાની બધી સીમાઓને તોડી નાખી. ક્રૂર મુઘલ સલ્તનત સામે બહાદુર સાહિબજાદાઓ પહાડની જેમ ઊભા રહ્યા અને ધાર્મિક કટ્ટરતા અને આતંકવાદના અસ્તિત્વને હચમચાવી નાખ્યું. જે રાષ્ટ્રનો ભૂતકાળ આટલો ભવ્ય હોય, જેની યુવા પેઢીને આવી પ્રેરણા વારસામાં મળી હોય, તે કંઈપણ કરી શકે છે. ક્રૂર મુઘલ સલ્તનત સામે બહાદુર સાહિબજાદાઓ પહાડની જેમ ઊભા હતા. રાષ્ટ્રીય બાળ પુરસ્કાર મેળવનારાં બાળકોમાં ઓપરેશન સિંદૂર દરમિયાન સરહદ પર જવાનોને ચા અને નાસ્તો આપનાર ફિરોઝપુરના શ્રવણ સિંહનો પણ સમાવેશ થાય છે. બે બાળકોને મરણોત્તર પુરસ્કાર આપવામાં આવ્યો. તામિલનાડુ વ્યોમા અને બિહારના કમલેશ કુમાર. તેમનાં માતાપિતાએ પુરસ્કારો સ્વીકાર્યા હતા. વૈભવ સૂર્યવંશી દિલ્હી પહોંચી ગયો હતો.

## યુપીમાં SIRથી 2.89 કરોડ મતદારોના નામ કપાયા : 31 ડિસેમ્બરે ફાઇનલ ડ્રાફ્ટ આવશે

### અગાઉ 11 રાજ્યોમાંથી 3.69 કરોડ નામ કપાયા હતા

**યુપી, તા.27**

યુપીમાં SIR એટલે કે મતદાર યાદીના વિશેષ સઘન પુનરાવર્તનનું કામ પૂર્ણ થઈ ગયું છે. રાજ્યમાં 2.89 કરોડ મતદારોના નામ કાપી નાખવામાં આવ્યા છે. મુખ્ય ચૂંટણી અધિકારી નવદીપ રિણવાએ જણાવ્યું કે- SIR થાય તે પહેલાં યુપીમાં કુલ 15 કરોડ 44 લાખ મતદારો હતા. 26 ડિસેમ્બરે પ્રથમ તબક્કા હેઠળ ગણતરી પત્રો જમા કરાવવાનું અને ડિજિટલાઈઝેશનનું કામ પૂર્ણ થયું છે. અત્યાર સુધીમાં 2.89 કરોડ મતદારો ઓછા થયા છે. અંતિમ આંકડા અને ડ્રાફ્ટ યાદી 31 ડિસેમ્બરે જાહેર કરવામાં આવશે. સૂત્રો અનુસાર,



1.26 કરોડ મતદારો એવા છે જેઓ યુપીની બહાર કાયમી ધોરણે સ્થળાંતર કરી ચૂક્યા છે. 45.95 લાખ મતદારોનું અવસાન થયું છે. 23.32 લાખ ડુપ્લિકેટ છે. 84.20 લાખ ગુમ છે અને 9.37 લાખે ફોર્મ જમા કરાવ્યા નથી. યુપીમાં 15 દિવસની સમય મર્યાદા વધારવાથી લગભગ બે લાખ મતદારો વધ્યા છે. આ પહેલા 11 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની SIR ડ્રાફ્ટ મતદાર યાદી આવી ચૂકી છે. જેમાં 3.69 કરોડ મતદારોના નામ હટાવવામાં આવ્યા છે. આમાં એમપીમાં 42.74 લાખ, છત્તીસગઢમાં 27.34 લાખ, કેરળમાં 24.08 લાખ, આંદામાન અને નિકોબાર દ્વીપ સમૂહમાં 3.10 લાખ મતદારો, પશ્ચિમ બંગાળમાં 58.20 લાખ, રાજસ્થાનમાં 41.85 લાખ, ગોવામાં 11.85 લાખ, પુડુચેરીમાં 1.03 લાખ, લક્ષદ્વીપમાં 1,616, તમિલનાડુમાં 97 લાખ, ગુજરાતમાં 73 લાખ મતદારોના નામ કાપવામાં આવ્યા છે.

## ઇન્ડિગોની ફ્લાઇટમાં 100+ મુસાફરોનો હોબાળો

### ખરાબ હવામાનને કારણે હૈદરાબાદ-દરભંગા ફ્લાઈટ ડાયવર્ટ; કોલકાતામાં ફસાયા મુસાફરો

**હૈદરાબાદ, તા.27**

ખરાબ હવામાનને કારણે હૈદરાબાદથી દરભંગા આવી રહેલી ફ્લાઈટને ડાયવર્ટ કરવામાં આવી છે. 100થી વધુ મુસાફરો કોલકાતામાં ફસાયા છે. મુસાફરોએ ફ્લાઈટની અંદર જ ભારે હોબાળો મચાવ્યો છે. વિમાનની અંદર થયેલા હોબાળાનો વીડિયો પણ સામે આવ્યો છે. હૈદરાબાદથી દરભંગા આવતી ઈન્ડિગો એરલાઈન્સની ફ્લાઈટ નંબર 6E 537ને નિર્ધારિત સમય બપોરે 2.05 વાગ્યે દરભંગામાં ઉતરવાની હતી, પરંતુ ખરાબ હવામાનને કારણે વિમાનને કોલકાતા ડાયવર્ટ કરવામાં આવી. દરભંગા ઉતરવાના મુસાફરો અચાનક કોલકાતા પહોંચી જવાથી નારાજ થઈ ગયા. વિમાનની અંદર જ મુસાફરોએ હોબાળો શરૂ કરી દીધો અને પાયલટ અને એરલાઈન સ્ટાફ પર દરભંગા પહોંચાડવા દબાણ કરવા લાગ્યા. મુસાફરોનું કહેવું હતું કે તેમને વૈકલ્પિક વ્યવસ્થા વિના કોલકાતા ઉતારી દેવામાં આવી રહ્યા છે, જેના કારણે તેમની આગળની યાત્રા



સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ છે. ઘણા મુસાફરો ફ્લાઈટમાંથી ઉતરવા તૈયાર ન હતા અને વિમાનની અંદર જ વિરોધ પ્રદર્શિત કરતા રહ્યા. પરિસ્થિતિને સંભાળવા માટે એરલાઈન સ્ટાફ મુસાફરોને સમજાવવાનો પ્રયાસ કરતો રહ્યો, પરંતુ ઘણી વાર સુધી માહોલ તણાવપૂર્ણ રહ્યો. એરલાઈન સૂત્રો અનુસાર, ખરાબ હવામાન અને સુરક્ષા કારણોસર ફ્લાઈટને ડાયવર્ટ કરવી મજબૂરી હતી.

## ઓસ્ટ્રેલિયાની ચેતવણીઃ ભારતમાં નકલી રેબીઝ વેક્સિન મળી રહી છે

**ઓસ્ટ્રેલિયા, તા.27**

ઓસ્ટ્રેલિયામાં રસી માટે કામ કરતી સરકારી સંસ્થા ઓસ્ટ્રેલિયન ટેકનિકલ એડવાઈઝરી ગ્રુપ ઓન ઈમ્યુનાઈઝેશન (ATAGI) એ શુક્રવારે ભારતમાં ઉપયોગમાં લેવાતી રેબીઝ રસી માટે ચેતવણી જાહેર કરી છે. આ ચેતવણી ABHAYRAB બ્રાન્ડ માટે જાહેર કરવામાં આવી છે. ચેતવણીમાં કહેવામાં આવ્યું છે કે ABHAYRAB બ્રાન્ડની રસી નકલી છે અને રેબીઝ રોગ માટે ફાયદાકારક નથી. નવેમ્બર 2023 થી આ નકલી રસી સપ્લાય થઈ રહી છે. ATAGI અનુસાર, નકલી રસીમાં સક્રિય ઘટકો યોગ્ય માત્રામાં નથી. ABHAYRAB નો ઉપયોગ ઓસ્ટ્રેલિયામાં થતો નથી, તેથી આ સલાહ મુખ્યત્વે તે પ્રવાસીઓ માટે છે જેમણે નવેમ્બર 2023 પછી ભારતમાં રસી લીધી હતી. ઓસ્ટ્રેલિયન અધિકારીઓએ આવા લોકોને સલાહ



આપી છે કે તેઓ તે ડોઝને સંભવિતપણે અમાન્ય માને અને તેને Rabipur અથવા Verorab જેવી રજિસ્ટર્ડ રસીઓથી બદલે. ઓસ્ટ્રેલિયન ચેતવણી ભારત માટે શા માટે મહત્વપૂર્ણ છે? વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) અનુસાર, ભારતમાં દર વર્ષે અંદાજિત 18,000 થી 20,000 લોકોના મૃત્યુ રેબીઝથી થાય છે.

**285 લોકોની ધરપકડ, 1306 લોકોની પૂછપરછ**

## નવા વર્ષ પહેલા દિલ્હી પોલીસનું ઓપરેશન આઘાત : 6 કિલો ગાંજો, 2.30 લાખ રૂપિયા જપ્ત



**દિલ્હી, તા.27**

દિલ્હી પોલીસની સાઉથ ઈસ્ટ ડિસ્ટ્રિક્ટ ટીમે 'ઓપરેશન આઘાત 3.0' હેઠળ શુક્રવારે રાત્રે 285 ગુનેગારોની ધરપકડ કરી છે. ડીસીપી હેમંત તિવારીના જણાવ્યા અનુસાર, આ અભિયાનમાં એક્સાઈઝ એક્ટ, એનડીપીએસ એક્ટ અને જુગાર અધિનિયમ હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી. આ ઉપરાંત, 504 લોકોને સાવચેતીના પગલાં હેઠળ પકડવામાં આવ્યા હતા અને 116 બદમાશોની ધરપકડ કરવામાં આવી હતી. અભિયાનમાં 10 પ્રોપર્ટી ઓફેન્ડર અને 5 ઓટો લિફ્ટરની પણ ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે 21 સીએમપી, 20 જીવતા કારતૂસ અને 27 છરીઓ જપ્ત કરી હતી. આ સાથે ગેરકાયદેસર દારૂ, 6.01 કિલો ગાંજો અને 2,30,990 રોકડા જપ્ત કરવામાં આવ્યા હતા. પોલીસે જણાવ્યું કે 310 મોબાઈલ ફોન, 231 ટુ-વ્હીલર અને એક ફોર-વ્હીલર પણ જપ્ત કરવામાં આવ્યા છે. ડીસીપીએ જણાવ્યું કે અભિયાન દરમિયાન કુલ 1,306 લોકોને રોકીને પૂછપરછ કરવામાં આવી હતી, જેથી ગુનાહિત પ્રવૃત્તિઓ પર અંકુશ લગાવી શકાય અને કાયદો અને વ્યવસ્થાને મજબૂત બનાવી શકાય. દિલ્હી પોલીસનું ઓપરેશન આઘાત એક વિશેષ અભિયાન છે, જેને દિલ્હી પોલીસે (ખાસ કરીને સાઉથ-ઈસ્ટ જિલ્લામાં) સંગઠિત અપરાધ, નશાની દાણચોરી, ગેરકાયદેસર દારૂ, જુગાર, હથિયારો સાથેના અપરાધીઓ અને આદતવાળા અપરાધીઓ પર લગામ લગાવવા માટે શરૂ કર્યું છે.



## ન્યૂઝ ટ્રેક

### ફટાકડાથી દાઝેલા 9 વર્ષના બાળકને નવું જીવન મળ્યું:બે મહિનાની જટિલ પ્લાસ્ટિક સર્જરી બાદ હસતા મુખે ચાલીને ઘરે ગયો, ખીસ્સામાં રાખેલા ફટાકડા ફૂટતા ગંભીર રીતે દાઝી ગયો'તો

રાજકોટ, તા.27

દિવાળીનો તહેવાર એટલે નવું વર્ષ, આ તહેવારને લોકો ઉત્સાહ અને ઉમંગથી ઉજવતા હોય છે. જો કે, રાજકોટના વેજાગામ ખાતે રહેતા કલોલા પરિવાર માટે આ તહેવાર આફત બનીને આવ્યો હતો. કારણ કે દિવાળીના તહેવાર પર દિલીપભાઈ કાલોલાનો પુત્ર યુગ (ઉં.વ.૭) ખિસ્સામાં ફટાકડા લઈને ફટાકડા ફોડી રહ્યો હતો. દરમિયાન ખિસ્સામાં રહેલા ફટાકડા કોઈ કારણોસર ફૂટવા લાગતા યુગને શરીરમાં કમરથી નીચેના ભાગે બન્ને પગમાં દાઝી જવાથી ગંભીર ઈજા પહોંચી હતી. જેને પગલે સિવિલમાં તેની સારવાર કરવામાં આવી હતી. સિવિલ હોસ્પિટલના પ્લાસ્ટિક સર્જરી વિભાગના તબીબોની અથાગ મહેનતથી 9 વર્ષના બાળકને એક નવું જીવન મળ્યું હોય તેમ તે પોતે હસતા હસતા હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ મેળવી ચાલીને પોતાના ઘરે ગયો હતો. યુગના પિતા દિલીપભાઈ કલોલાએ જણાવ્યું હતું કે, યુગ દાઝી જવાના કારણે તેને તાત્કાલિક પ્રારંભિક સારવાર ખાનગી હોસ્પિટલમાં આપવામાં આવી હતી, પરંતુ ત્યારબાદ પરિસ્થિતિ વધારે ગંભીર જણાતા વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે બર્ન્સ વોર્ડમાં દાખલ કરવામાં આવ્યો હતો. અહીં તેમને એક દિવસ પ્રાથમિક સારવાર બાદ પ્લાસ્ટિક સર્જરી વિભાગમાં આગળની સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો. સિવિલ અધિક્ષક અને પ્લાસ્ટિક સર્જરી વિભાગના હેડ ડો. મોનાલી માકડીયાની ટીમની સર્જરીઓ, નિયમિત ડ્રેસિંગ અને બે માસની સંભાળ બાદ યુગને હવે સારું થતા રજા આપવામાં આવી છે. યુગ હસતા હસતા ધીમા ડગલે આવજો આવજો કહેતા કહેતા ચાલી રહ્યો હતો. ત્યારે સ્ટાફના ચહેરા પર માનવીય સેવા કર્યાનો આનંદ સ્પષ્ટ દેખાતો હતો. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, શરૂઆતમાં યુગની પરિસ્થિતિ ખૂબ ખરાબ હતી. રાજકોટ સિવિલ હોસ્પિટલના ડોક્ટરો અને સ્ટાફે જે રીતે સારવાર કરી તે અવિસ્મરણીય છે. અહીંના ડોક્ટર્સ અને સ્ટાફની મહેનતનાં કારણે મારા બાળકને હવે સારું છે. આજે મારું બાળક ફરી ચાલી શકે છે. જ્યારે અહીં દાખલ થયા ત્યારે યુગના પગમાં ઈન્ફેક્શન થઈ ગયું હતું તે ચાલી પણ શકતો ન હતો, પરંતુ સારી સારવારના પગલે યુગના બંને પગ પ્લાસ્ટિક સર્જરીથી સાજા થઈ ગયા છે. તમામ સારવાર નિઃશુલ્ક રીતે પૂરી પાડવા બદલ રાજ્ય સરકારનો પણ પરિવારજનોએ આભાર માન્યો હતો.

### ખુલ્લી ગટરમાં એકનો જીવ ગયા બાદ વડોદરા મનપા જાગી રાતોરાત ઢાંકણ મૂકી બેરેકેડિંગ કરી દેવાયું



વડોદરા, તા.27

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં મહાનગરપાલિકાની ઘોર બેદરકારીને કારણે એક યુવકને જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. માંજલપુર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ પાસે પાલિકાના પાણીપુરવઠા વિભાગ દ્વારા ટાંકીની સફાઈ દરમિયાન પાણીના નિકાલ માટે 15 ફૂટથી વધુ ઊંડી ચેમ્બરનું ઢાંકણ ખુલ્લું રાખવામાં આવ્યું હતું, જેમાં પડી જવાથી યુવકે જીવ ગુમાવ્યો છે. ઘટનાસ્થળે પહોંચી તપાસ કરતાં વડોદરા મનપાએ રાતોરાત મેન હોલ પર ઢાંકણું મૂકી ફરતે બેરિકેડિંગ કરી દીધું હતું. મ્યુ. કમિશનરે ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે આ ઘટનામાં જેમની પણ બેદરકારી છે તેમની સામે પગલાં લેવામાં આવશે. માંજલપુર વિસ્તારમાં બનેલી આ દુઃખદ ઘટનામાં એલેમ્બિકમાં નોકરી કરતા અને નિવૃત્ત DySPના પુત્ર વિપુલસિંહ મોહનસિંહ ઝાલા (ઉંમર વર્ષ 43)નું મોત નીપજ્યું હતું. આ યુવક અને તેમના સંબંધી સાથે ચાઈનીઝ ખાવા ગયા હતા અને આ દુર્ઘટના સર્જાઈ હતી. મૃતક વિપુલસિંહ ઝાલાને પાંચ વર્ષનો પુત્ર છે. આજે એકના એક દીકરાએ પિતાની છત્રછાયા ગુમાવી છે. આ ઘટના અંગે અમે સ્થળ પર પહોંચ્યા તો બેદરકાર તંત્રએ યુવકના મોત બાદ ગટરની ચેમ્બર બંધ કરી તેના પર બોર્ડ મૂકી દીધું હતું. આ ચેમ્બર આસપાસ જડબેસલાક ઘટના બાદ તાત્કાલિક બેરેકેડિંગ કરેલું નજરે પડ્યું હતું. આ ઘટના અંગે આસપાસના લોકો સાથે દિવ્ય ભાસ્કરે વાતચીત કરી હતી. આ ઘટના જ્યાં બની હતી ત્યાં પાણીની ટાંકી આવેલી છે અને ત્યાં જ એક એમ્બ્યુલન્સ પણ ઊભી રહે છે પરંતુ આ યુવકને બહાર કાઢવામાં સમય લાગ્યો, જેથી તેનો જીવ બચી શક્યો નહીં. અમે સ્થળ પર જોયું તો જાણે અહી કંઈ થયું જ ન હોય એવી રીતે દૃષ્ટિહીન તંત્રએ ઘટનાસ્થળે બેરેકેડિંગ કરીચેમ્બરને ઢાંકણ મારી કામગીરી પૂર્ણ કરી દીધી હતી. અમે અહીં પહોંચી સ્થાનિકો સાથે વાતચીત કરી હતી.આ ઘટના અંગે સ્થાનિક દશરથ લીલાધરભાઈ મિસ્ત્રીએ કોર્પોરેશન સામે આક્રોશ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે આ ઘટના અંગે જાણ્યું એ બહુ ખોટું થયું છે.

6 માળના મોલમાં જાપાનનાં ફૂલો સહિત 4 લાખ છોડનું વાવેતર; અદભુત 'ફ્લાવર વેલી' તમને કાશ્મીર ભુલાવી દેશે

# સુરતનો 'મોલ ઇન ગાર્ડન' જોઈ આંખો પહોળી થઈ જશે

■ **'4 લાખથી વધુ છોડની દેખભાળ માટે 100 માળી'**



રાજકોટ, તા.27

તમે અત્યારસુધી કાચ અને સિમેન્ટના મોલ જોયા હશે, પણ સુરતના સિટીલાઇટ વિસ્તારમાં જે આકાર પામી રહ્યું છે એ જોઈને તમારી આંખો પહોળી થઈ જશે. આ કોઈ સામાન્ય શોપિંગ સેન્ટર નથી, પણ પૃથ્વી પરનું એવું 'સ્વર્ગ' છે, જ્યાં શોપિંગ કરવા નહીં, પણ શ્વાસ લેવા માટે પડાપડી થશે. સુરતમાં પહેલીવાર 'ગાર્ડન ઈન મોલ' નહીં, પણ 'મોલ ઈન ગાર્ડન'નો એવો કન્સેપ્ટ આવ્યો છે, જેણે આખા ગુજરાતમાં ખળભળાટ મચાવી દીધો છે. આ પ્રોજેક્ટની સૌથી ચોંકાવનારી વાત એ છે કે અહીં 4 લાખથી વધુ છોડ લગાવવામાં આવ્યા છે. આ આંકડો સાંભળીને જ લાગે કે જાણે આખું જંગલ મોલની અંદર સમાવી લેવાયું હોય! એટલું જ નહીં, અહીં જોવા મળતી 'વેલી ઓફ ફ્લાવર્સ' માટે ખાસ જાપાનથી રંગબેરંગી ફૂલોના છોડ મગાવવામાં આવ્યા છે. જ્યારે તમે મોલમાં પ્રવેશશો ત્યારે તમને એવો અહેસાસ થશે કે તમે સુરતની ગરમીમાં નહીં, પણ કાશ્મીરની કોઈ ઠંડી વાદીમાં ઊભા છો. આ 6 માળના શોપિંગ પેલેસમાં માત્ર દુકાનો જ નથી. અહીં પગથિયાં આકારના સ્ટેપ ગાર્ડન છે, જ્યાં 20 અલગ-અલગ કલરનાં ફૂલો ખીલશે. ઈન્ડોર પ્લાન્ટ્સ માટે ખાસ ટ્રોપિકલ ગાર્ડન તૈયાર કરાયું છે, જેમાં ટેમ્પરેચર અને હ્યુમિડિટી કંટ્રોલ કરવા માટે હાઈ-ટેક મશીનો લગાવાયાં છે, જેથી વિદેશી ફૂલોને પણ ઘર જેવો અનુભવ થાય. અરે, નવાઈની વાત તો એ છે કે જે બેઝમેન્ટમાં લોકો ગાડી પાર્ક કરીને ઉતાવળે બહાર નીકળી જતા હોય છે ત્યાં પણ નેચરલ પ્લાન્ટ્સનું કલેક્શન રાખીને એને જોવાલાયક બનાવવામાં આવ્યું છે. 4 માળમાં શોપિંગ અને 2 માળમાં ફૂડ-મનોરંજનની સુવિધા તો છે જ, પણ અહીં આવનારી દરેક વ્યક્તિ માટે આકર્ષણનું કેન્દ્ર તો આ 6 પ્રકારના અનોખા ગાર્ડન જ રહેશે. ઓર્કિડ ગાર્ડનથી લઈને ટેરેસ ગાર્ડન સુધી દરેક જગ્યાએ તમને શુદ્ધ હવા અને કુદરતી સુગંધનો અનુભવ થશે.

### શહેરની નવી ઓળખ બનશે આ પ્રોજેક્ટ

4 માળમાં શોપિંગ અને 2 માળમાં ફૂડ-મનોરંજનની સુવિધા તો છે જ, પણ અહીં આવનારી દરેક વ્યક્તિ માટે આકર્ષણનું કેન્દ્ર તો આ 6 પ્રકારના અનોખા ગાર્ડન જ રહેશે. ઓર્કિડ ગાર્ડનથી લઈને ટેરેસ ગાર્ડન સુધી દરેક જગ્યાએ તમને શુદ્ધ હવા અને કુદરતી સુગંધનો અનુભવ થશે. કોંક્રીટના જંગલ બની ગયેલાં શહેરોમાં આ મોલ એક 'ગ્રીન આઈલેન્ડ' સમાન છે.

### હાઇ-ટેક મશીનોથી ટેમ્પરેચર અને હ્યુમિડિટી કંટ્રોલ

આ 6 માળના શોપિંગ પેલેસમાં માત્ર દુકાનો જ નથી. અહીં પગથિયાં આકારના સ્ટેપ ગાર્ડન છે, જ્યાં 20 અલગ-અલગ કલરનાં ફૂલો ખીલશે. ઈન્ડોર પ્લાન્ટ્સ માટે ખાસ ટ્રોપિકલ ગાર્ડન તૈયાર કરાયું છે, જેમાં ટેમ્પરેચર અને હ્યુમિડિટી કંટ્રોલ કરવા માટે હાઈ-ટેક મશીનો લગાવાયાં છે, જેથી વિદેશી ફૂલોને પણ ઘર જેવો અનુભવ થાય. અરે, નવાઈની વાત તો એ છે કે જે બેઝમેન્ટમાં લોકો ગાડી પાર્ક કરીને ઉતાવળે બહાર નીકળી જતા હોય છે.

## 31stના દિવસે 50,000 લોકો દાદાના જન્મોત્સવની ઉજવણી કરશે

### રાજકોટમાં આજથી 7 દિવસ હનુમાનચાલીસા યુવા કથા; બપોરે હાથી-ઘોડા, વિન્ટેજ કાર અને નાસિક ઢોલ સાથે પોથીયાત્રા નીકળશે

રાજકોટ, તા.27

રાજકોટમાં સતત બીજા વર્ષે રેસકોર્સ મેદાનમાં ભવ્ય હનુમાન ચાલીસા યુવા કથાનું આયોજન કરવામાં આવ્યું છે. આજરોજ (27 ડિસેમ્બર) બપોરે 2 વાગ્યે હાથી, ઘોડા, વિન્ટેજ કાર અને નાસિક ઢોલ સાથે ભવ્ય પોથીયાત્રાથી નીકળશે. 2 જાન્યુઆરી, 2026 સુધી સાળંગપુરધામના સ્વામી હરિપ્રકાશદાસજીના મુખારવિંદથી કથાનું રસપાન કરાવશે. સાત દિવસ સુધી રેસકોર્સમાં સાળંગપુરધામ જેવો માહોલ જોવા મળશે. 150 જેટલા યુવા યજમાનો દ્વારા આયોજિત આ કથા દરેક રાજકોટવાસીને યજમાન બનાવવાના ભાવ સાથે યુવાનોમાં ભારતીય સંસ્કૃતિનું સિંચન કરાવવાના શુભ આશયથી યોજાઈ રહી છે, જ્યાં એકસાથે 50 હજાર લોકો કથા શ્રવણ કરી શકશે. ઉલ્લેખનીય છે કે, દેશ આખું 31st ડિસેમ્બરના રોજ ન્યુયર પાર્ટીનું સેલિબ્રેશન કરશે, જ્યારે આ સમયે રાજકોટના હજારો યુવાનો કથામાં દાદાના જન્મના વધામણાં કરી હનુમાન ચાલીસાના પાઠ કરશે. બપોરે 2 વાગ્યે વિરાણી હાઈસ્કૂલ મેદાનથી અતિ ભવ્ય અને દિવ્ય પોથીયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પોથીયાત્રામાં હાથી, ઘોડા, વિન્ટેજ કાર, નાસિક ઢોલ,અઘોરી નૃત્ય, બાહુબલી હનુમાન, થાર જીપ અને બુલેટ સવારોનું આકર્ષણ રહેશે. આ સાથે નાસિકના ઢોલ-નગારા અને ભારતીય સાંસ્કૃતિક નૃત્યોની ઝલક પણ જામશે. ખાસ હાથીની અંબાડી પોથીયાત્રાની શોભા વધારશે. આ ઉપરાંત 551 બહેનો મસ્તક પર રામચરિત માનસની પોથી લઈ યાત્રામાં જોડાશે.

### રેસકોર્સમાં ડી.જે. અને બેન્ડવાજાના તાલે "જય શ્રી રામ"ના નાદ ગૂંજશે

આજરોજ બપોરે 2 વાગ્યે વિરાણી હાઈસ્કૂલ મેદાનથી અતિ ભવ્ય અને દિવ્ય પોથીયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પોથીયાત્રામાં હાથી, ઘોડા, વિન્ટેજ કાર, નાસિક ઢોલ,અઘોરી નૃત્ય, બાહુબલી હનુમાન, થાર જીપ અને બુલેટ સવારોનું આકર્ષણ રહેશે. આ સાથે નાસિકના ઢોલ-નગારા અને ભારતીય સાંસ્કૃતિક નૃત્યોની ઝલક પણ જામશે.

## વડોદરામાં સલમાન ખાનના બર્થ-ડેની ઉજવણી

રાજકોટ, તા.27

સુપરસ્ટાર સલમાન ખાનનો 60મો જન્મદિવસ છે. સુપરસ્ટારના જન્મ દિવસને લઈને તેમના ચાહકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ત્યારે તાજેતરમાં મુંબઈમાં એક કાર્યક્રમમાં સલમાન ખાનને મળી સોશિયલ મીડિયામાં વાઈરલ થયેલી ગર્લ અને સલમાન ખાનની સૌથી નાની ફેન અમાયરા શેખે આજે પોતાના આઈડલ એવા સલમાન ખાનના જન્મદિવસની પરિવાર સાથે વઉજવણી કરી હતી. 5 વર્ષની નાનકડી ફેને બીઈંગ હ્યુમન માટે પિગી બેંક બનાવી, વડોદરાના તાંદલજા વિસ્તારમાં રહેતી અમાયરાએ તેના મિત્રો અને ફેમિલી સાથે કેક કાપી સુપરસ્ટારના જન્મદિવસની ઉજવણી કરી હતી. સલમાન દ્વારા કરવામાં આવતા માનવતાના કાર્યથી પ્રભાવિત સલમાનની આ 5 વર્ષની નાનકડી ફેને પોતાનો બીઈંગ હ્યુમનના નામથી એક અલગ પિગી બેંક (ગલ્લો) બનાવ્યો છે, જેમાં છેલ્લા એક વર્ષથી પોતાની પોકેટમની ભેગી કરે છે. અમાયરાની ઈચ્છા છે કે, તે સલમાન ખાનને મળી આ પિગી બેંક તેને બીઈંગ હ્યુમન માટે ભેટ આપશે, જેથી ગરીબોની મદદ કરી શકે. અમાયરાને સલમાન ખાન સાથે ફિલ્મોમાં કામ કરવાની ઈચ્છા, અમાયરા આમ તો સલમાન ખાનની સૌથી મોટી ફેન છે. સલમાન ખાનની ફિલ્મના ડાયલોગ અને સોંગ તેને કંઠસ્થ છે અને તે આત્મવિશ્વાસ પૂર્વક બોલે છે. અમાયરાને ભવિષ્યમાં જો તક મળે તો સલમાન ખાન સાથે ફિલ્મોમાં કામ કરવાની ઈચ્છા છે. સલમાનની આ ઉંમરમાં નાની પરતું સૌથી મોટી ફેન આજે ચર્ચાનો વિષય બની હતી.

## ગોધરામાં ભારતનું પ્રથમ સાર્વજનિક આલ્કલાઈન ATM શરૂ:નાગરિકોને ₹25માં 20 લીટર શુદ્ધ પાણી મળશે

ગોધરા, તા.27

ગોધરામાં ભારતનું પ્રથમ સાર્વજનિક આલ્કલાઈન વોટર એટીએમ શરૂ કરવામાં આવ્યું છે. 27 ડિસેમ્બર, 2025ના રોજ ગોધરાના અટલ ઉદ્યાન ખાતે ધારાસભ્ય સી.કે. રાઉલજીના હસ્તે આ પ્રોજેક્ટનું લોકાર્પણ થયું હતું. આ પહેલ ગોધરા નગરપાલિકા અને નાસિક સ્થિત પ્રથમેશ એન્ટરપ્રાઈઝના સહયોગથી શરૂ કરવામાં આવી છે. આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ નાગરિકોને ઓછી કિંમતે શુદ્ધ અને આરોગ્યપ્રદ પીવાનું પાણી પૂરું પાડવાનો છે. પ્રથમેશ એન્ટરપ્રાઈઝના સીઈઓ હરીશ જૈને જણાવ્યું હતું કે, ગોધરામાં કુલ 6 આલ્કલાઈન વોટર એટીએમ સ્થાપિત કરવામાં આવશે, જ્યારે બે મોબાઈલ એટીએમ વાહનો પણ કાર્યરત રહેશે, જેથી લોકોને ઘરઆંગણે શુદ્ધ પાણી મળી શકે. આ પાણી અનેક રોગો સામે રક્ષણ આપવા માટે લાભદાયી માનવામાં આવે છે.

## અધિકારીઓની મનમાની, ગેરવર્તનનો બોલતો પુરાવો

### 32 વર્ષમાં માનવ અધિકાર હનનના 23 લાખ કેસ નોંધાયા, 263 કરોડથી વધુનું વળતર ચૂકવવું પડ્યું

અમદાવાદ, તા.27

સરકારી અધિકારીઓની આપખુદશાહી, દાદાગીરી અને ગેરવર્તનના કિસ્સા ઘણીવાર સામે આવતા હોય છે. પછી તે પોલીસ વિભાગના અધિકારી હોય કે પછી વહીવટી કામ સાથે જોડાયેલા હોય. આવા કિસ્સામાં શું કરવું? ક્યારેક એવું પણ બને કે નિર્દોષ વ્યક્તિ ભોગ બને પછી તેને ખબર જ ન હોય કે ફરિયાદ ક્યાં કરવી અને કેવી રીતે ન્યાય મેળવવો, પરંતુ કેન્દ્ર અને રાજ્ય સ્તરે માનવ અધિકાર આયોગ આવા કિસ્સામાં પગલાં લઈ શકે છે, જેમાં પીડિત વ્યક્તિ કે તેના પરિવારને ન્યાય મળવાની સાથે આર્થિક વળતર પણ અપાવવાની સત્તા આયોગ ધરાવે છે. કેટલીકવાર આયોગ સુઓમોટો લઈને પણ કાર્યવાહી કરે છે. રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગની સ્થાપના વર્ષ 1993માં થઈ ત્યારથી ઓક્ટોબર 2025 સુધીમાં, એટલે કે છેલ્લાં 32 વર્ષોમાં આયોગે કુલ 23,79,043 કેસો નોંધ્યા છે, જેમાંથી 2993 કેસમાં આયોગે સુઓમોટો અંતર્ગત કાર્યવાહી કરી છે. માનવ અધિકાર ભંગના 8,924 કિસ્સાઓમાં આયોગ દ્વારા અત્યારસુધીમાં કુલ 263 કરોડથી વધુનું વળતર ચૂકવવાની ભલામણ કરવામાં આવી છે. આજે વાંચો કેટલાક એવા કિસ્સાઓ, જેમાં માનવ અધિકાર આયોગ સમક્ષ ફરિયાદ થઈ અને અધિકારીઓ દોડતા થઈ ગયા, જેનું પરિણામ એવું આવ્યું કે અંતે પીડિતોને લાખો રૂપિયા વળતર પેટે આપવા પડ્યા, અધિકારીઓ સામે પગલાં લેવાયાં અને પીડિતોને કાયદાકીય રીતે ન્યાય પણ મળ્યો. રવિવારનો દિવસ હતો. ઢળતી સાંજે અમદાવાદનો ઓઢવ વિસ્તાર લોકોના ચિચિયારીથી ગુંજી ઊઠ્યો. શિવમ ફ્લેટ નામની એક સોસાયટીમાં પાંચ માળના બે ટાવર ધડાકાભેર તૂટી પડ્યા અને પળવારમાં અફરાતફરી મચી ગઈ. થોડા જ સમયમાં ફાયરબ્રિગેડની ગાડીઓ અને પોલીસની ટીમ આવી, રેસ્ક્યૂ-ઓપરેશન આખી રાત ચાલ્યું. આ દુર્ઘટનામાં 1 વ્યક્તિનું મોત થયું હતું અને 5 લોકોને ગંભીર ઈજા પહોંચી હતી.

## હાઈ વોલ્ટેજ ડ્રામા બાદ લવબર્ડના પ્રેમનો વિજય : કોર્ટે પ્રિયાની મરજી મુજબ યશ સાથે રહેવા મંજૂરી આપી

■ **પોલીસ પ્રોટેક્શનનો આદેશ; પ્રેમ લગ્ન કરનાર યુવક-પરિવાર પર હુમલાનો મામલો**

બોટાદ, તા.27

બોટાદના ગઢડા તાલુકાના રસનાળ ગામના યુવક યશ ઉપાધ્યાય અને ભાવનગરની પ્રિયા મોરડિયાના પ્રેમલગ્ન બાદ સર્જાયેલા વિવાદે હવે કાયદાકીય વળાંક લીધો છે. પત્નીનો કબજો મેળવવા માટે પતિ દ્વારા કરવામાં આવેલી 'સર્ચ વોરંટ'ની અરજી છતાં, નિર્ધારિત સમય સુધી પત્ની કે તેના પરિવારજનો કોર્ટમાં હાજર ન રહેતા મામલો ગરમાયો હતો. જ્યારે સાંજ યુવતી કોર્ટ સમક્ષ હાજર થઈ હતી. અને અંતે હાઈ વોલ્ટેજ ડ્રામા બાદ પ્રેમનો વિજય થયો. કોર્ટે પ્રિયાને તેની મરજી મુજબ યશ સાથે રહેવા મંજૂરી આપી છે અને પોલીસ પ્રોટેક્શનનો આદેશ કર્યો છે. બંનેને સાથે જ્યાં જવું હોય ત્યાં મૂકવાનો આદેશ કર્યો વકીલ દર્શના જોશીએ જણાવ્યું હતું કે, પ્રિયાએ કોર્ટમાં નિવેદન આપ્યું હતું કે મારે અને બીજો અંદરનો સ્ટાફ હતો કોઈ છોકરા પક્ષના નહોતા કે દીકરી પક્ષનાય કોઈ નહોતા, બંને તરફના કોઈ એડવોકેટને પણ અલાઉ નહોતા બધા બહાર રાહ જોઈને બેઠા હતા. પણ દીકરીએ એવું નિવેદન આપ્યું હશે કે, જેને કારણે ન્યાયાધીશએ આદેશ કર્યો કે દીકરીને દીકરા સાથે, પિયાને યશ સાથે રહેવું છે. એની લાઈફ એની સાથે જીવવી છે અને એને પોલીસ પ્રોટેક્શનની જરૂર છે. આથી અદાલતે એમને પોલીસ પ્રોટેક્શન સાથે બંનેને સાથે જ્યાં જવું હોય ત્યાં મૂકવાનો આદેશ કર્યો છે.

## રાજકોટમાં ન્યુયર પાર્ટી માટે 8 આયોજકોની મંજૂરી માટે અરજી : મંજૂરી વગરના આયોજકો સામે થશે કાર્યવાહી

રાજકોટ, તા.27

રાજકોટ શહેરમાં 31st ડિસેમ્બરને ધ્યાનમાં રાખી પોલીસ દ્વારા એક્શન પ્લાન બનાવી દેવામાં આવ્યો છે. ખાસ કરીને ન્યુયર પાર્ટીના સેલિબ્રેશન પર પ્રોહિબિશન તેમજ માદક પદાર્થનું સેવન કરી ફરતા લોકોને અટકાવવા માટે પોલીસે એક્સન પ્લાન બનાવ્યો છે અને અત્યારથી જ પોલીસે આ માટે કડક ચેકીંગ શરૂ કરી દીધું છે. સરકાર તરફથી રાજકોટ SOGને મોબાઈલ ફોરેન્સિક વાન આપવામાં આવી છે જેની મદદથી ખાસ ચેકીંગ શરૂ કરી માદક પદાર્થનું સેવન કરી નીકળતા શખ્સોને સ્થળ પર ચકાસી કાર્યવાહી કરી શકાય તે માટે આધુનિક ટેક્નોલોજી ઉપયોગ કરી પોલીસે કડક કાર્યવાહી શરૂ કરી છે અને આ ચેકીંગ ઝુંબેશ 31 ડિસેમ્બર સુધી સતત યથાવત પણ રાખવામાં આવશે. ઉલ્લેખનીય છે કે રાજકોટ શહેરમાં આ વર્ષે ન્યુયર પાર્ટીના આયોજન માટે હજુ સુધી માત્ર 8 અરજદારોએ જ એપ્લાય કરી મંજૂરી માંગવામાં આવી છે. જો કે પોલીસે આ પૈકી એક પણને મંજૂરી આપી નથી જેની સ્થળ યપાસ તેમજ જરૂરી દસ્તાવેજી પુરાવા ચેક કરી બાદમાં મંજૂરી આપવામાં આવશે અને જો કોઈ આયોજન મંજૂરી વગર થશે તો તેના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. રાજકોટમાં નવા વર્ષને આવકારવા યુવાવર્ગ દ્વારા ઉજવણીઓ કરવામાં આવતી હોય છે અને આ ઉજવણીમાં કોઈ અનીચ્છીય બનાવ ન બને તે માટે પોલીસ કમીશનર બજેશ કુમાર ઝા દ્વારા ચુસ્ત પેટ્રાલીંગનું આયોજન કરવામાં આવ્યુ છે.

## પાટીદાર સિંગર આરતી સાંગાણીએ અન્ય જ્ઞાતિમાં લગ્ન કરતાં વિરોધ

રાજકોટ, તા.27

પોપ્યુલર સિંગર કિંજલ દવેએ આંતરજ્ઞાતિય યુવક સાથે સગાઈ કરતાં તેના સમાજે બહિષ્કાર કર્યો હતો. આ જ રીતે હવે વધુ એક સિંગરના લવમેરેજને લઈ વિવાદ થયો છે. સુરત શહેરની જાણીતી પાટીદાર સિંગર આરતી સાંગાણીના પ્રેમલગ્નનો મુદ્દો હાલ ચર્ચાનો વિષય બન્યો છે. આરતી સાંગાણીએ તબલા ઉસ્તાદ દેવાંગ ગોહેલ સાથે પ્રેમલગ્ન કર્યા છે. આ પ્રેમલગ્નને લઈ સમાજ અને સોશિયલ મીડિયા પર વિવાદ શરૂ થયો છે. આરતીના પિતા લેસપટ્ટીનું કામ, એટલે કે સાડીના જોબવર્કનું કામ કરે છે. તેમને કુલ 5 દીકરી અને એક દીકરો છે, જેમાં આરતી અને તેની બહેન ટ્વિન્સ છે, જેમાં આરતી નાની છે, જ્યારે ભાઈ સૌથી નાનો છે. આ અંગે આરતીના પિતાએ જણાવ્યું હતું કે હું વિનંતી કરું છું કે તું પરત આવી જા અને સમાજ આપણો, આપણી સાથે છે. આપણો પરિવાર આપણી સાથે છે. જે ભૂલ થઈ હોય ઈ..ઈ ભૂલને સુધારી નાખ. હજી સમય છે અને તું પરત આવી જા. 'છેલ્લી મારે 16 ડિસેમ્બરે બપોરે એકથી દોઢ વાગ્યે વીડિયો કોલમાં વાત થઈ. ભાવનગર પ્રોગ્રામ હતો અને ભાવનગરથી પ્રોગ્રામ પૂરો કરીને વીડિયોમાં વાત થઈ અને પછી તેણે કહ્યું હતું કે હું સાંજે બસમાં બેસી જઈશ પપ્પા, સવારમાં હું પહોંચી જઈશ. મેં તેને કીધું કે તું કામરેજ પહોંચે એટલે મને ફોન કરજે, હું તને લઈ જઈશ. આ છેલ્લી વાત મારે થઈ હતી. પછી ફોન સ્વિચ ઓફ થઈ ગયો એટલે પછી મેં એક દિવસ પછી ગુમ થયાની ફરિયાદ બપોરે કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી.' 'તેણે મને વિશ્વાસ આપ્યો તો કે હું દીકરી નહીં, તમારો દીકરો છું' દીકરી સાથે 21 ડિસેમ્બરે વાત થઈ હતી. તેણે મને કહ્યું કે મને અહીં રહેવા દો. મેં તેને કીધું, કોઈ પ્રેશર કંઈપણ હોય તો કે.. પણ તું પાછી આવી જા. હજી કંઈ નથી થઈ ગયું, ભૂલ થઈ જાય, છોકરાથી ભૂલ થઈ જાય, પણ તું પરત આવી જા, હજી તારો બાપ છે ત્યાં સુધી પરત આવી જા. મેં તેના પર પૂરેપૂરો વિશ્વાસ મૂકેલો હતો.. અને તેણે મને વિશ્વાસ આપ્યો તો કે હું દીકરી નહીં, તમારો દીકરો છું.

### 'તેણે મને વિશ્વાસ આપ્યો તો કે હું દીકરી નહીં, તમારો દીકરો છું'

દીકરી સાથે 21 ડિસેમ્બરે વાત થઈ હતી. તેણે મને કહ્યું કે મને અહીં રહેવા દો. મેં તેને કીધું, કોઈ પ્રેશર કંઈપણ હોય તો કે.. પણ તું પાછી આવી જા. હજી કંઈ નથી થઈ ગયું, ભૂલ થઈ જાય, છોકરાથી ભૂલ થઈ જાય, પણ તું પરત આવી જા, હજી તારો બાપ છે ત્યાં સુધી પરત આવી જા. મેં તેના પર પૂરેપૂરો વિશ્વાસ મૂકેલો હતો.. અને તેણે મને વિશ્વાસ આપ્યો તો કે હું દીકરી નહીં, તમારો દીકરો છું. પણ તું પરત આવી જા, હજી તારો બાપ છે ત્યાં સુધી પરત આવી જા. મેં તેના પર પૂરેપૂરો વિશ્વાસ મૂકેલો હતો..

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# ભાજપનેતા ઘરમાં ઘૂસ્યો, છરી બતાવી દુષ્કર્મ આચર્યું

**પોલીસને ગાળો ભાંડી; 'ફરિયાદ લખી લે, મારું કંઈ બગડવાનું નથી', રેપ પીડિતાને પણ ધમકાવી...**



**સતના, તા.27**

મધ્ય પ્રદેશના સતના જિલ્લાના રામપુરબઘેલનમાં ભાજપ નેતા પર ચાકુની અણીએ દુષ્કર્મ આચરવાનો અને આપત્તિજનક વીડિયો બનાવવાનો આરોપ છે. પીડિતાનો આરોપ છે કે ભાજપ નેતા વીડિયો વાયરલ કરવાની ધમકી આપીને તેને ફરીથી શારીરિક સંબંધ બાંધવા દબાણ કરી રહ્યો હતો. ફરિયાદ કરી તો આરોપી ધમકાવવા લાગ્યો. ધમકાવતો એક વીડિયો પણ સામે આવ્યો છે. શુક્રવારે સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો, જેમાં આરોપી ભાજપ નેતા અશોક સિંહ પોલીસ અધિકારીને ગાળો આપતા કહી રહ્યો છે, 'મારું શું થશે, કંઈ નહીં થાય. જ્યાં ફરિયાદ કરવી હોય ત્યાં કરી લે, મારું કંઈ બગડવાનું નથી.' વીડિયોમાં પીડિતાના રડવાનો અવાજ સંભળાઈ રહ્યો છે, તે રડતા રડતા ફરિયાદ કરવાની વાત કહી રહી છે. જણાવી દઈએ કે, આરોપી અશોક સિંહની પત્ની નગર પંચાયતમાં ભાજપના કાઉન્સિલર છે. ભાજપના કાઉન્સિલરના પતિનો મહિલાને ધમકાવતો આ વીડિયો વાયરલ થઈ રહ્યો છે. પીડિતાએ SPને ફરિયાદ કરી પીડિતાએ 22 ડિસેમ્બરે આ મામલે ફરિયાદ કરી હતી. આ મામલો છેલ્લા પાંચ દિવસથી પોલીસ તપાસ હેઠળ છે. પીડિતાએ બાદમાં સોશિયલ મીડિયા પર ભાજપના નેતાનો ધમકાવતો વીડિયો પોસ્ટ કર્યો છે. પીડિતાએ એસપી હંસરાજ સિંહને લેખિત ફરિયાદ કરી હતી, જેમાં તેણે જણાવ્યું હતું કે કરહી (હનુમાનગંજ) નિવાસી આરોપી અશોક સિંહ છ મહિના પહેલા તેના ઘરમાં ઘૂસી આવ્યો હતો. તેણે ચાકુની અણીએ દુષ્કર્મ આચર્યું હતું અને વાંધાજનક સ્થિતિનો વીડિયો બનાવી લીધો હતો. આરોપીએ કોઈને કહેવા પર પરિવાર સહિત જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. તેથી તે ચૂપ રહી. ધમકી આપીને ફરી દબાણ કર્યું પીડિતાએ જણાવ્યું કે આ ઘટના પછી આરોપી 20 ડિસેમ્બરે ફરી તેની પાસે પહોંચ્યો અને છેડતી કરી. એસપીએ ફરિયાદ મળ્યાના તરત જ તપાસની જવાબદારી ડીએસપી (મુખ્યમથક) મનોજ ત્રિવેદીને સોંપી દીધી હતી. પીડિતાએ પોતાની ફરિયાદમાં એવો પણ આરોપ લગાવ્યો છે કે અશોક સિંહ ગુનાહિત પ્રવૃત્તિનો વ્યક્તિ છે અને અગાઉ તેને જિલ્લાબહાર કરવામાં આવ્યો છે. એસપીએ ડીએસપીને તપાસ સોંપી છે આ સંબંધમાં ડીએસપી (મુખ્યમથક) મનોજ ત્રિવેદીએ જણાવ્યું કે આ મામલે તપાસ ચાલી રહી છે. તેઓ મામલા સાથે જોડાયેલા રેકોર્ડ જોયા પછી જ કોઈ વિસ્તૃત માહિતી આપી શકશે. પીડિતાએ SPને ફરિયાદ કરી પીડિતાએ 22 ડિસેમ્બરે આ મામલે ફરિયાદ કરી હતી. આ મામલો છેલ્લા પાંચ દિવસથી પોલીસ તપાસ હેઠળ છે. પીડિતાએ બાદમાં સોશિયલ મીડિયા પર ભાજપના નેતાનો ધમકાવતો વીડિયો પોસ્ટ કર્યો છે. પીડિતાએ એસપી હંસરાજ સિંહને લેખિત ફરિયાદ કરી હતી, જેમાં તેણે જણાવ્યું હતું કે કરહી (હનુમાનગંજ) નિવાસી આરોપી અશોક સિંહ છ મહિના પહેલા તેના ઘરમાં ઘૂસી આવ્યો હતો. તેણે ચાકુની અણીએ દુષ્કર્મ આચર્યું હતું અને વાંધાજનક સ્થિતિનો વીડિયો બનાવી લીધો હતો. આરોપીએ કોઈને કહેવા પર પરિવાર સહિત જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. તેથી તે ચૂપ રહી. ધમકી આપીને ફરી દબાણ કર્યું પીડિતાએ જણાવ્યું કે આ ઘટના પછી આરોપી 20 ડિસેમ્બરે ફરી તેની પાસે પહોંચ્યો અને છેડતી કરી. એસપીએ ફરિયાદ મળ્યાના તરત જ તપાસની જવાબદારી ડીએસપી (મુખ્યમથક) મનોજ ત્રિવેદીને સોંપી દીધી હતી. પીડિતાએ પોતાની ફરિયાદમાં એવો પણ આરોપ લગાવ્યો છે કે અશોક સિંહ ગુનાહિત પ્રવૃત્તિનો વ્યક્તિ છે અને અગાઉ તેને જિલ્લાબહાર કરવામાં આવ્યો છે. એસપીએ ડીએસપીને તપાસ સોંપી છે આ સંબંધમાં ડીએસપી (મુખ્યમથક) મનોજ ત્રિવેદીએ જણાવ્યું કે આ મામલે તપાસ ચાલી રહી છે. તેઓ મામલા સાથે જોડાયેલા રેકોર્ડ જોયા પછી જ કોઈ વિસ્તૃત માહિતી આપી શકશે. પીડિતાએ SPને ફરિયાદ કરી પીડિતાએ 22 ડિસેમ્બરે આ મામલે ફરિયાદ કરી હતી. આ મામલો છેલ્લા પાંચ દિવસથી પોલીસ તપાસ હેઠળ છે. પીડિતાએ બાદમાં સોશિયલ મીડિયા પર ભાજપના નેતાનો ધમકાવતો વીડિયો પોસ્ટ કર્યો છે. પીડિતાએ એસપી હંસરાજ સિંહને લેખિત ફરિયાદ કરી હતી, જેમાં તેણે જણાવ્યું હતું કે કરહી (હનુમાનગંજ) નિવાસી આરોપી અશોક સિંહ છ મહિના પહેલા તેના ઘરમાં ઘૂસી આવ્યો હતો. તેણે ચાકુની અણીએ દુષ્કર્મ આચર્યું હતું અને વાંધાજનક સ્થિતિનો વીડિયો બનાવી લીધો હતો. આરોપીએ કોઈને કહેવા પર પરિવાર સહિત જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. તેથી તે ચૂપ રહી. ધમકી આપીને ફરી દબાણ કર્યું પીડિતાએ જણાવ્યું કે આ ઘટના પછી આરોપી 20 ડિસેમ્બરે ફરી તેની પાસે પહોંચ્યો અને છેડતી કરી.

# અનંતનાગમાં દેખાયા લશ્કરના આતંકવાદીઓ

**દાવો- તેમાંથી એક પાકિસ્તાની:બીજો કુલગામનો લતીફ; CCTV ફૂટેજમાં બજારમાં ફરતા દેખાયા, સર્ચ ઓપરેશન ચાલુ**



**અનંતનાગ, તા.27**

અનંતનાગના બજારમાં લશ્કરના બે આતંકવાદીઓનો CCTV ફૂટેજ સામે આવ્યા પછી ડેંગરપોરા અને કાઝીબાગ વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. રિપોર્ટ્સ અનુસાર તેમાંથી એક આતંકવાદી કુલગામના ખેરવનનો રહેવાસી મો. લતીફ ભટ છે. વીડિયોમાં દેખાયેલા બીજા આતંકવાદીના પાકિસ્તાની કમાન્ડર હંજુલ્લાહ હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. જોકે, તેની સત્તાવાર પુષ્ટિ થવાની બાકી છે. સેના અને કાશ્મીર પોલીસના જવાનો વિસ્તારમાં બંનેની શોધ કરી રહ્યા છે. સ્થાનિક લોકોની પણ પૂછપરછ કરવામાં આવી રહી છે જેથી આતંકવાદીઓને પકડવામાં મદદ મળી શકે. છેલ્લા દિવસોમાં ઉધમપુરમાં પણ 2 આતંકવાદીઓને જોયા પછી જમ્મુથી કાશ્મીર સુધીના 80 ગામોમાં તપાલ કરવામાં આવી હતી. જવાનોએ દરેક ઘરના દરવાજા ખોલાવીને તપાસ કરી હતી. જે વીડિયો સામે આવ્યો છે તેમાં 25 ડિસેમ્બરની તારીખ છે. સમય સાંજના 6.12 નો છે. વીડિયોમાં દેખાયેલો સ્થાનિક આતંકવાદી મોહમ્મદ લતીફ કુલગામના ખેરવનનો રહેવાસી છે. તેના વિશે એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે તેણે નવેમ્બરમાં લશ્કરના શેડો સંગઠન કાશ્મીર રિવોલ્યુશન આર્મી (KRA) માં જોડાયો હતો. સુરક્ષા દળો બંને આતંકવાદીઓની 30 કલાકથી શોધખોળ કરી રહ્યા છે, જોકે હજુ સુધી તેમને કોઈ સફળતા મળી નથી. બીજી તરફ, આતંકવાદીઓએ પણ હજુ સુધી કોઈ ઘટનાને અંજામ આપ્યો નથી. જેના કારણે તેમની હાજરીનો કોઈ પુરાવા મળી રહ્યા નથી. ગયા મહિને BSFના અધિકારીએ ખુલાસો કર્યો હતો કે ભારતના ઓપરેશન સિંદૂર પછી નુકસાન સહન કરવા છતાં, પાકિસ્તાને ફરી એકવાર જમ્મુ ક્ષેત્રની સામે લગભગ 72 આતંકી લોન્ચ પેડ સક્રિય કર્યા છે. તેમાંથી 12 લોન્ચ પેડ સિયાલકોટ અને ઝફરવાલ સેક્ટરમાં આંતરરાષ્ટ્રીય સરહદ નજીક છે, જ્યારે લગભગ 60 લોન્ચ પેડ LOC નજીક સક્રિય હોવાનું જણાવાયું છે. આ પછી સરહદ પર સુરક્ષા વધુ કડક કરવામાં આવી છે. જોકે હજુ સુધી તેમને કોઈ સફળતા મળી નથી. બીજી તરફ, આતંકવાદીઓએ પણ હજુ સુધી કોઈ ઘટનાને અંજામ આપ્યો નથી. જેના કારણે તેમની હાજરીનો કોઈ પુરાવા મળી રહ્યા નથી. ગયા મહિને BSFના અધિકારીએ ખુલાસો કર્યો હતો કે ભારતના ઓપરેશન સિંદૂર પછી નુકસાન સહન કરવા છતાં, પાકિસ્તાને ફરી એકવાર જમ્મુ ક્ષેત્રની સામે લગભગ 72 આતંકી લોન્ચ પેડ સક્રિય કર્યા છે. તેમાંથી 12 લોન્ચ પેડ સિયાલકોટ અને ઝફરવાલ સેક્ટરમાં આંતરરાષ્ટ્રીય સરહદ નજીક છે, જ્યારે લગભગ 60 લોન્ચ પેડ LOC નજીક સક્રિય હોવાનું જણાવાયું છે. આ પછી સરહદ પર સુરક્ષા વધુ કડક કરવામાં આવી છે.





શિમલામાં સેન્ટર ઓફ ઇન્ડિયન ટ્રેડ યુનિયન (CITU) સંલગ્ન 108 અને 102 એમ્બ્યુલન્સ વર્કર્સ યુનિયનના બેનર હેઠળ રાજ્યવ્યાપી હડતાળ દરમિયાન એમ્બ્યુલન્સ સેવાઓના કર્મચારીઓ વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે.

# જે ડોગના કારણે બહેનોએ જીવ આપ્યો, તેનું મોત

**લખનઉમાં આત્મહત્યા કરતી વખતે માતાને કહ્યું- ડોગીને ભગાડતા નહીં**

**લખનઉ, તા.27**

લખનઉમાં જે કૂતરા માટે બે સગી બહેનોએ આત્મહત્યા કરી હતી, તેનું પણ મૃત્યુ થયું છે. જર્મન શેફર્ડ ડોગ ટોની એક મહિનાથી પેટની બીમારીથી પીડાઈ રહ્યો હતો. બંને બહેનોને તેની સાથે ઊંડો લગાવ હતો. દવા લીધા પછી પણ તેની હાલતમાં સુધારો ન થયો તો બંને બહેનો ડિપ્રેશનમાં જતી રહી. ત્રણ દિવસ પહેલા રાધા અને જિયાએ ફિનાઈલ પીને જીવ આપી દીધો હતો. મરતા પહેલા તેમણે માતાને કહ્યું હતું - અમારા મર્યા પછી ડોગીને ઘરમાંથી ભગાડશો નહીં. આજે સવારે કૂતરાનું પણ મૃત્યુ થયું. પરિવારજનો ટોનીનો અંતિમ સંસ્કાર કરશે. પરિવારના લોકોએ જણાવ્યું કે રાધા અને જિયાએ મરતા પહેલા કૂતરાની દેખભાળ કરવાનું કહ્યું હતું. અમે લોકો તેની સારવાર કરાવી રહ્યા હતા, પરંતુ તેને બચાવી શક્યા નહીં. ઘટના પારા પોલીસ સ્ટેશન વિસ્તારના જલાલપુર ગામની છે.




આ જિયાની તસવીર છે. જિયા મોટી બહેન રાધા સાથે દુકાને સામાન લેવા ગઈ હતી. ત્યાં જ બંનેએ ફિનાઈલ ખરીદીને પી લીધું હતું. 9 વર્ષ પહેલાં બંને બહેનો કૂતરાને લઈને આવી હતી: પારા પોલીસ સ્ટેશન વિસ્તારના જલાલપુર નિવાસી કૈલાશ સિંહ (65)ની બે દીકરીઓ રાધા સિંહ (27) અને જિયા સિંહ (24) ગ્રેજ્યુએશન પાસઆઉટ હતી. પરિવારના જણાવ્યા મુજબ 9 વર્ષ પહેલાં બંને બહેનો જર્મન શેફર્ડ બ્રીડના ડોગને લઈને આવી હતી. ત્યારે તે માત્ર એક મહિનાનો હતો. તેનું નામ ટોની રાખ્યું. કૂતરાની બગડતી તબિયતથી ડિપ્રેશનમાં આવી ગઈ: બંને બહેનો નાની યાત્રાઓ કે આસપાસ તેને લઈને જતી હતી. ધીમે ધીમે બંને બહેનોને તેની સાથે ખૂબ જ લગાવ થઈ ગયો. એક મહિના પહેલાં ટોનીને પેટની ગંભીર બીમારી થઈ ગઈ. બહેનો તેની સારવાર કરાવી રહી હતી, તેમ છતાં તેની હાલતમાં સુધારો થઈ રહ્યો ન હતો. તેની બગડતી હાલતને કારણે બંને બહેનો તણાવમાં હતી.

મરતા-મરતા કહ્યું- કૂતરાને ભગાડશો નહીં: રાધા અને જિયાને આશંકા હતી કે તેમનો ડોગ હવે બચશે નહીં. 24 ડિસેમ્બરે મા ગુલાબા દેવીએ બંને બહેનોને સામાન ખરીદવા દુકાને મોકલી. થોડા સમય પછી બંને બહેનો ઘરે પહોંચી. મા ગુલાબા દેવીને જણાવ્યું કે બંનેએ દુકાનમાંથી ખરીદીને ફિનાઈલ પી લીધું છે. કહ્યું- ટોનીને ભગાડશો નહીં, તેનો ઈલાજ કરાવજો. આ કહીને બંને બેહોશ થઈ ગઈ. એકનું રસ્તામાં, તો બીજાનું હોસ્પિટલમાં મોત: મા ગુલાબા દેવીએ મોટા દીકરા વીર સિંહને ફોન કરીને આની જાણ કરી. વીર ઘરે પહોંચે તે પહેલા આસપાસના લોકોની મદદથી બંને બહેનોને રાણી લક્ષ્મીબાઈ હોસ્પિટલ પહોંચાડવામાં આવી.

# લાખોની મર્સિડિઝ સેકન્ડોમાં ખાક:ચાલતી ગાડીમાં આગ લાગી

**મધ્ય પ્રદેશના મૈહરમાં મા શારદાના દર્શન કરવા ગયો હતો નાગપુરનો પરિવાર**



**મધ્યપ્રદેશ, તા.27**

મધ્યપ્રદેશના મૈહરમાં એક મર્સિડીઝ કારમાં અચાનક આગ લાગી ગઈ. ધુમાડો નીકળતો જોઈ કારમાં સવાર બધા લોકો તરત બહાર નીકળી આવ્યા. થોડી જ સેકન્ડમાં આખી કાર આગની લપેટમાં આવી ગઈ. આ દરમિયાન હાઈવે પર વાહનોની કતાર લાગી ગઈ. અકસ્માત નેશનલ હાઈવે-30 પર હરદુઆ પાસે શુક્રવારે મોડી રાત્રે થયો. મહારાષ્ટ્રના નાગપુરના રહેવાસી દેવેશ પનરોતવાર (41) અને યોગેશ ગિલયતકર (38) મા શારદાના દર્શન કરવા મૈહર આવ્યા હતા. દર્શન કર્યા પછી કારથી મૈહરની આસપાસ ફરી રહ્યા હતા. આ દરમિયાન કારમાંથી ધુમાડો નીકળવા લાગ્યો. આગ એટલી ઝડપથી ફેલાઈ કે થોડી જ ક્ષણોમાં આખી મર્સિડીઝ સળગવા લાગી. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી અને આગ પર કાબૂ મેળવ્યો. ઘટનાને કારણે થોડા સમય માટે હાઈવે પર વાહનવ્યવહાર પ્રભાવિત થયો. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને પરિસ્થિતિને સંભાળી. હાલમાં, આગ લાગવાના કારણોની તપાસ કરવામાં આવી રહી છે. બે વર્ષ પહેલાં સેકન્ડ હેન્ડ કાર ખરીદી હતી કારમાં સવાર દેવેશે જણાવ્યું કે મર્સિડીઝનું મોડેલ 2011નું હતું, જેની કિંમત 60 લાખ રૂપિયા હતી. 2023માં તેને 13 લાખમાં સેકન્ડ હેન્ડ ખરીદી હતી.

# 'વડાપ્રધાનની હાર એ ભારતની હાર સમાન':થરૂર બોલ્યા, વિદેશનીતિ કોઈ પક્ષની નહીં દેશની હોય છે ; પાકિસ્તાન તરફથી તોળાતા જોખમને નજરઅંદાજ ન કરો





**થરૂરે કહ્યું- મારા માટે દેશ પહેલા, પાર્ટી નહીં: દેશ માટે બધા પક્ષોએ સાથે મળીને કામ કરવું જોઈએ, કેટલાક એને વિશ્વાસઘાત માની લે છે**

થરૂરે 4 નવેમ્બરે ભારતના વંશવાદી રાજકારણની ટીકા કરતાં એક લેખમાં કહ્યું હતું- ભારતમાં રાજકારણ ફેમિલી બિઝનેસ બની ગયું છે. જ્યાં સુધી રાજકારણ પરિવારોની આસપાસ ફરતું રહેશે, ત્યાં સુધી લોકતાંત્રિક સરકારનો સાચો અર્થ પૂરો થઈ શકશે નહીં. થરૂરે કહ્યું- મારા માટે દેશ પહેલા, પાર્ટી નહીં: દેશ માટે બધા પક્ષોએ સાથે મળીને કામ કરવું જોઈએ, કેટલાક એને વિશ્વાસઘાત માની લે છે કોંગ્રેસનેતા અને તિરુવનંતપુરમના સાંસદ શશિ થરૂરે કહ્યું હતું કે કોઈપણ નેતાની પ્રથમ વફાદારી દેશ પ્રત્યે હોવી જોઈએ, પાર્ટી પ્રત્યે નહીં.

**કોલકાતા, તા.27**

કોંગ્રેસ સાંસદ શશિ થરૂરે કહ્યું હતું કે વિદેશનીતિ ભાજપ કે કોંગ્રેસની નહીં, ભારતની હોય છે. જો રાજકારણમાં કોઈ વડાપ્રધાનની હાર પર ખુશ થાય છે, તો એ ભારતની હારની ખુશી મનાવી રહ્યો હોય છે. તેમણે પંડિત જવાહરલાલ નહેરુના શબ્દોને યાદ કરતાં કહ્યું, “જો ભારત મરી ગયું, તો કોણ જીવશે?” થરૂરે શુક્રવારે ઈન્ડિયા ટુડે સાથે વાતચીત કરી. આ દરમિયાન થરૂરે કહ્યું હતું કે ભારતે પાકિસ્તાનથી આવતાં જોખમોને હળવાશથી ન લેવા જોઈએ. પાકિસ્તાન પોતાની સૈન્ય રણનીતિ બદલી રહ્યું છે. તે હવે હાઈપરસોનિક મિસાઈલ ટેક્નોલોજી અને છુપાઈને હુમલો કરવાની નીતિ પર ભાર આપી રહ્યું છે. થરૂરે કહ્યું- પાકિસ્તાન પહેલા ડ્રોન, રોકેટ અને મિસાઈલ હુમલાઓનો સહારો લઈ ચૂક્યું છે અને હવે તે વધુ ખતરનાક ટેકનોલોજીઓ તરફ આગળ વધી રહ્યું છે. પાકિસ્તાનની આ નવી સૈન્ય નીતિ એવી નથી, જેને ભારત નજરઅંદાજ કરી શકે. પાકિસ્તાનની આંતરિક સ્થિતિ પર વાત કરતાં થરૂરે એને એક અત્યંત સમસ્યાગ્રસ્ત દેશ ગણાવ્યો. તેમણે કહ્યું હતું કે ત્યાં નામ માત્રની નાગરિક સરકાર છે, અસલી તાકાત સેનાના હાથમાં છે. નીતિ નિર્ધારણમાં સેનાનું વર્ચસ્વ રહે છે અને એ મુજબ જ નિર્ણયો લેવાય છે.

થરૂરની 7 મોટી વાત....

પાકિસ્તાનનો જીડીપી ગ્રોથ લગભગ 2.7 ટકા છે, જ્યારે ભારતનો આર્થિક વૃદ્ધિ દર 7 ટકા કે તેથી વધુ છે. પાકિસ્તાનની આર્થિક સ્થિતિ ખૂબ જ નાજુક છે. આંતરરાષ્ટ્રીય મદદ તેને થોડા સમય માટે ટેકો આપે છે, પરંતુ આ જ નબળાઈ ભવિષ્યમાં જોખમી પગલાં લેવા માટે ઉશ્કેરી શકે છે. પાકિસ્તાન હવે એવાં ક્ષેત્રોમાં આગળ વધવાનો પ્રયાસ કરી રહ્યું છે, જ્યાં ભારત પહેલેથી જ મજબૂત છે. ખાસ કરીને ટેક્સટાઈલ અને કૃષિ જેવાં ક્ષેત્રોમાં પાકિસ્તાનની ગતિવિધિઓ વધી રહી છે, જેનાથી પ્રાદેશિક બજારોમાં સ્પર્ધા વધી શકે છે. પાકિસ્તાને અમેરિકાને ખનિજ સંસાધનો સુધી પહોંચવાનો પ્રસ્તાવ આપ્યો છે અને તેના ક્રિપ્ટોકરન્સી સંબંધિત વ્યવસાય પણ એક એવી કંપનીને સોંપ્યો છે, જેનો સંબંધ ઝાચેરી વિટકોફ અને ડોનાલ્ડ ટ્રમ્પના પુત્રો સાથે હોવાનું કહેવાય છે. દુનિયા ઝડપથી બદલાઈ રહી છે અને વૈશ્વિક સ્તરે ઊથલપાથલનો સમય ચાલી રહ્યો છે. આવા સમયે સવાલ એ નથી કે કોને કાબૂમાં કરવામાં આવે, પરંતુ એ છે કે તે દેશો સાથે કેવી રીતે વ્યવહાર કરવામાં આવે, જેમને નિયંત્રિત કરવા સરળ નથી. બાંગ્લાદેશ આ સમયે ઘણી સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે. ત્યાં ઊર્જા સંકટ છે, મોંઘવારી વધી રહી છે અને રોકાણકારોનો વિશ્વાસ નબળો પડી રહ્યો છે. બાંગ્લાદેશ અને પાકિસ્તાન વચ્ચે સંરક્ષણ કરારો પર ચર્ચા એ સંકેત આપે છે કે બાંગ્લાદેશ ભારતને દુશ્મન તરીકે રજૂ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. કેટલાક લોકો ખુલ્લેઆમ ભારતનાં પૂર્વોત્તર રાજ્યોને દેશથી અલગ કરવાની ધમકી આપી રહ્યા છે અને અલગતાવાદી તત્ત્વોને આશ્રય આપી રહ્યા છે. જમાત-એ-ઈસ્લામી જેવી ઈસ્લામિક તાકાતોએ પરિસ્થિતિને વધુ સંવેદનશીલ બનાવી દીધી છે.

ભારતે બાંગ્લાદેશ માટે બંદર, રેલ અને ઊર્જા ગ્રિડ સંબંધિત પ્રાદેશિક કનેક્ટિવિટી યોજનાઓ પ્રસ્તાવિત કરી છે, જે બાંગ્લાદેશના હિતમાં છે, જોકે આ બધું દેશમાં સ્થિરતા પર નિર્ભર કરે છે. ભારત માટે એક શાંત અને સ્થિર બાંગ્લાદેશ અત્યંત જરૂરી છે, કારણ કે અસ્થિરતા તેને ભારતની ‘સોફ્ટ અંડરબેલી‘ બનાવી શકે છે.

25 ડિસેમ્બર: ગેરકાયદે પ્રવાસીઓ પર સરકારની કાર્યવાહી યોગ્ય

થરૂરે 25 ડિસેમ્બરે દેશમાં ગેરકાયદે રીતે રહેતા લોકો (અવૈધ પ્રવાસીઓ) વિરુદ્ધ સરકારની કાર્યવાહીને સમર્થન આપ્યું. તેમણે કહ્યું હતું કે દેશની સરહદોની સુરક્ષા અને ઈમિગ્રેશન વ્યવસ્થાને યોગ્ય રીતે સંભાળવી એ સરકારની જવાબદારી છે. 4 નવેમ્બર- ભારતમાં રાજકારણ ફેમિલી બિઝનેસ.

તંત્રી લેખ

# 35 દિવસ, 12 રાજ્ય; 30 BLOનાં મોત, વળતર શૂન્ય

'એ દિવસે લાગ્યું કે હું જીવતી પાછી નહીં ફરી શકું. હું રાયબરેલીના પાલ્હીપુર ગામમાં SIR ફોર્મ ભરાવવા ગઈ હતી. ગામના પ્રધાન દીપક યાદવ અને તેમના પિતા કૃષ્ણા યાદવ આવ્યા અને ફોર્મ છીનવી લીધાં અને બોલ્યા કે તમે લોકો ગામના વોટ કાપી રહ્યા છો. પ્રધાને ફોર્મ ફાડી નાખ્યું, ગાળો આપી અને મને મારવા દોડ્યા. ગામલોકો મને બચાવવા લાગ્યા. એનાથી પ્રધાન વધુ ભડકી ગયા. ઘરેથી બંદૂક લાવ્યા અને મારા પર તાકી દીધી. હું ડરથી ધ્રૂજી રહી હતી. લોકોની મદદથી જીવ બચાવીને બહાર નીકળી શકી.'

35 વર્ષની બૂથ લેવલ ઓફિસર એટલે કે BLO આરતી યાદવ પોતાને ખુશકિસ્મત માને છે કે તેમનો જીવ બચી ગયો. રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળ સહિત 9 રાજ્યો અને 3 કેન્દ્રશાસિત પ્રદેશોમાં 4 નવેમ્બરથી SIR એટલે કે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન ચાલી રહ્યું છે. સતત ફિલ્ડવર્ક, મોડીરાત સુધી ડેટા અપલોડ કરવો અને કામના દબાણને કારણે દેશભરમાં 8 ડિસેમ્બર સુધીમાં 30 BLOનાં મૃત્યુ થઈ ચૂક્યાં છે, જેમાં 9 સુસાઈડનો સમાવેશ થાય છે. મધ્યપ્રદેશમાં સૌથી વધુ 9 BLOનાં મોત થયાં છે. ઉત્તરપ્રદેશમાં 7, ગુજરાતમાં 6, બંગાળમાં 4, રાજસ્થાનમાં 2 અને તામિલનાડુ અને કેરળમાં 1-1 મૃત્યુ થયાં છે. મૃત્યુનું કારણ સુસાઈડ, બ્રેઈન હેમરેજ અને હાર્ટ-એટેક સામે આવ્યું છે. આરતી યાદવના કિસ્સાએ સુરક્ષાનો મુદ્દો ઉજાગર કરી દીધો છે. ભાસ્કરે SIR દરમિયાન મૃત્યુ પામેલા BLOના પરિવારો સાથે વાત કરી. તેમની પાસેથી જાણ્યું કે તેઓ કયા પ્રકારનું દબાણ સહન કરી રહ્યા હતા. પરિવારના લોકો એ વાતથી પણ નારાજ છે કે BLO દબાણમાં સુસાઈડ કરી રહ્યા છે અને ચૂંટણી પંચ 'ડાન્સ'ના વીડિયો પોસ્ટ કરી રહ્યું છે. સર્વેશ સિંહ ઉત્તરપ્રદેશના ભગતપુર ટાંડા વિસ્તારના ગામ જાહિદપુર-સિકંદરપુર કમ્પોઝિટ સ્કૂલમાં સહાયક શિક્ષક હતા. તેઓ બહેડી ગામમાં પત્ની બબલી અને ચાર દીકરીઓ (કનિષ્કા, નેન્સી, માહી અને રૂહી) સાથે રહેતા હતા. સર્વેશ સિંહને 7 ઓક્ટોબરે BLO બનાવવામાં આવ્યા હતા. 29 નવેમ્બરની રાત્રે તેઓ પરિવાર સાથે જમ્યા પછી ઊંઘવા માટે ગયા. સવારે પત્ની બબલીની આંખ ખૂલી ત્યારે સર્વેશ ઘરમાં નહોતા. તેમનો મૃતદેહ ઘાસચારાની કોઠરીમાં ફાંસો ખાધેલી હાલતમાં મળ્યો હતો. તેમની પાસેથી એક સુસાઈડ નોટ પણ મળી હતી, જેમાં લખ્યું હતું- 'હું જીવવા તો માગું છું, પણ શું કરું, મને ખૂબ જ બેચેની અને ગૂંગળામણ થઈ રહી છે. હું ડર અનુભવી રહ્યો છું. મારી દીકરીઓ ખૂબ જ માસૂમ છે, તેમનું ધ્યાન રાખજો. હું પહેલીવાર BLO બન્યો હતો. જો સમય વધારે મળ્યો હોત તો કદાચ આ કામ પૂરું કરી દીધું હોત.' સર્વેશની પત્ની બબલીએ કહ્યું, 'મારા પતિ સ્કૂલના હેડ માસ્ટર હતા, પણ તેમને BLO બનાવી દેવાયા. તેમના પર SIRના કામનું ખૂબ જ ભારણ હતું. તેઓ મોડીરાત સુધી કામ કરતા હતા. જમવાનો પણ સમય નહોતો. તેમને આ કામની યોગ્ય તાલીમ આપવી જોઈતી હતી. અધિકારીઓ સતત દબાણ બનાવી રહ્યા હતા. મૃત્યુ પામતાં પહેલાં તેમણે પોતાની પરેશાની જણાવવા માટે વીડિયો પણ બનાવ્યો હતો.' 4 નવેમ્બરથી SIRની પ્રક્રિયા શરૂ થયા બાદ યુપીમાં અત્યારસુધીમાં 7 BLOનાં મૃત્યુ થઈ ચૂક્યાં છે. આમાં 3 સુસાઈડ, 3 હાર્ટ-એટેક અને 1 બ્રેઈન હેમરેજને કારણે થયાં છે.

# એક્સિડન્ટનાં વળતર રૂપે સારી એવી રકમ મળી હતી છતાં રામુકાકા કેમ ઉદાસ હતાં?



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હમણાં અમદાવાદ જવાનું થયું અને ફોર લાઈન એક્સપ્રેસ હાઈવે પર પાણીના લીટા જેમ ગાડીઓ દોડતી જોઈ ખૂબ રાજી થવાયું, કે વાહ વિકાસ થયો છે ખરો! પણ ત્યાં રસ્તામાં શરાબ પીને ગાડી ચલાવશો નહીં, એવાં વારેવારે આવતાં બોર્ડ જોઈ દુઃખી થવાયું કે, ગુજરાતમાં દારુબંધી હવે માત્ર કહેવાની જ રહી છે! અને તંત્ર એ પણ એને સ્વાભાવિક સ્વીકારી લીધું છે, એટલે જ આવા બોર્ડ મુકવા પડે છે! અત્યારે ડિસેમ્બર ચાલે છે અને એ રીતે પણ અમદાવાદમાં યુવાનોની વિશેષ ચહેલપહેલ હતી! આપણને સવાલ એ થાય કે પોલીસ દર વર્ષે કેટલીય પાર્ટીમાં છાપો મારીને દારુ ડ્રગ્સ વગેરે પકડે છે! તો દારુબંધી હોવા છતાં આટલી માત્રામાં આ બધું આવે છે ક્યાંથી? અને બીજો સવાલ એ થાય કે આટલાં યુવાનો પકડાય છે! છતાં દર વર્ષે એનો એ જ સિલસીલો! તો શું યુવાનોમાં શરમ, ડર, કે ઈજ્જત, આબરુ! એવું કંઈ નથી રહ્યું? જોકે આપણે લાખ ઈન્કાર કરીએ કે આ આપણી સંસ્કૃતિ નથી, છતાં આપણે વ્યવહાર માટે અંગ્રેજી કેલેન્ડર જ સ્વીકાર્યું હોવાથી દર વર્ષે મોટા મોટા શહેરોમાં આવી પાર્ટી યોજાય છે, અને કારણે કેટલાય યુવાનો દારુ ડ્રગ્સ અને સિગારેટ પાછળ લાખો રૂપિયા ઉડાડશે! તો આ જ દેશમાં બીજો એક વર્ગ એવો છે જેને નસીબે એક ટંકનો રોટલો મેળવવો એ અઘરું થાય છે! ખભા નમી જાય એટલો વજન ઉંચકી ઉંચકીને મંજૂરી કરતાં જોઈએ, અનેઆપણી નજર સામે યુવાનોને મોજશોખ માટે રુપિયા ઉડાડતા જોઈએ, ત્યારે એક નજર આકાશ તરફ ચોક્કસ જાય ! કે હે ઈશ્વર માનવ કેટલો બદલાઇ ગયો છે! અથવા તું શું ઈચ્છે છે? ગયા ન્યુ યર પાર્ટીએ બનેલી એક ઘટના, કે જેણે એક વ્યક્તિને અપંગ કરી દીધાં, એવો એક કિસ્સો બોધકથામાં.

હેપ્પી ન્યુ યરની રાત્રે રામુકાકા મીલ માંથી કામ કરીને પાછા ફરતાં હતાં, અને મિલ માલિક એ લોન દેવાની ના પાડી દીધી! એ વિચારતાં હતાં. જોકે હજી પહેલાની ત્રણ લોનની ચૂકવણી થઈ નહોતી, એટલે ક્યાંથી હા પાડે! પણ આ વર્ષ બહુ જ અઘરું રહ્યું! પહેલાં પત્નીનું કોથળીનું ઓપરેશન કરાવ્યું! એ પણ ડોક્ટર એ ચેતવણી આપી કે હવે નહીં કરાવો તો કેન્સરની ગાંઠ થવાની શક્યતા છે! પછી દિકરો બાર સાયન્સમાં પાસ થતાં એન્જીનીયરીંગમાં એડમિશન લીધું, અને પછી મકાનની છત પડી જતાં રિનોવેશન કરવું પડ્યું! અને હવે લગ્ન! રામુકાકા આકાશ સામે જોઈને ઈશ્વરને કહેતા હતા કે સત્તર દિવસમાં દિકરીના લગ્ન છે, અને હું વેવાઈનું સ્વાગત કેમ કરીશ ? પોતાનાથી ઉંચી હેસિયત વાળા સંબંધમાં આવું જ થાય ! પણ આ અત્યારની પેઢી પ્રેમને નામે આવું કંઈ જોવે જ નહીં! આવા વિચારોમાં ખોવાયેલા રામુકાકાને ખ્યાલ ન રહ્યો, કે પોતે રસ્તાની વચ્ચોવચ્ચ ચાલતા હતાં, અને અચાનક એક મર્સિડીઝ બેન્ઝ તેને સહેજ ટક્કર



મારીને આગળ વધી! રામુકાકા પડી ગયા. રાતની સિફ્ટ પૂરી કરીને આવતા હતાં એટલે રસ્તા પર એટલી હિલચાલ પણ નહોતી, એટલે રામુકાકાને ઉઠાડવા વાળું કોઈ નહોતું, અને દૂરની કેબિનમાંથી કોઈ આવે એ પહેલા જ બીજી મર્સિડીઝ બેન્ઝ આવીને એણે રામુકાકાનાં પગ પરથી ગાડી ચલાવી દીધી! બંને ગાડી વચ્ચે સ્પર્ધા હોય એમ ગાડીમાં બેઠેલાં નશામાં ધૂત થયેલ યુવક યુવતીઓ અવાજ કરતાં હતાં, અને રામુકાકાની ચીસ કોઈએ સાંભળી પણ નહીં.. અંતે કેબિન વાળો એક માણસ આવ્યો, અને બીજી ગાડી વાળાને વિનંતી કરીને રામુકાકાને સિવીલ હોસ્પિટલ પહોંચાડ્યા, પણ અફસોસ રામુકાકાનો પગ ટૂંકો થઈ ગયો, અને ઘોડી આવી ગઈ.

દિકરીનાં લગ્ન આંગણે હતાં અને એમાં રામુકાકા નો પગ ટૂંકો થઈ ગયો! મિલ માલિક એ મિલમાં એક્સિડન્ટ થયો નથી, એમ કહીને કંઈ આપવાની ના પાડી દીધી. આખો પરિવાર આવી પડેલી પરિસ્થિતિ માંથી કેમ બહાર આવવું એ વિચારતો હતો! કંકોત્રી વહેંચાઈ ગઈ હોવાથી લગ્ન બંધ રહે એમ ન્હોતાં. ઉલટું વેવાઈને જાણ પણ નહોતી કરી, ક્યાંક સંબંધ કાપી નાખે તો! પત્નીનાં ઘરેણાં માંથી દિકરીના ઘરેણાં થઈ ગયા હતાં, અને આ મકાન પણ ગીરવે જ હતું! એટલે ક્યાંયથી રુપિયા આવે એમ ન્હોતાં! રામુકાકા વારેવારે ઈશ્વરને કહેતાં ,આવો અધમૂઓ માર્યો એની કરતાં પૂરો મારી નાખ્યો હોત તો! એક દિવસ રામુકાકા ફળિયામાં બેઠા હતાં, અને પત્નીને ચાનું કહ્યું, એટલે એણે છણકો કરીને કહ્યું કે આ વારેવારે ચાની ટેવ હવે છોડવી પડશે, કારણકે હવે નોકરીમાં તો કોઈ રાખશે નહીં! પતિપત્ની વચ્ચે આવી રકઝક ચાલતી હતી ત્યાં જ કમલ અગ્રવાલ નામે એક વકીલ રામુકાકાનું ઘર શોધતો આવી ગયો. એણે રામુ કાકાનો પગ ટૂંકો થઈ ગયો, એ બાબતે બેહદ અફસોસ કર્યો અને કહ્યું કે સીગ્નલ પરના સીસીટીવી કેમેરા પરથી જે બે ગાડી વાળાને કારણે તમારી આ હાલત થઈ છે, એની પર કેસ થયો છે, અને હું એમનો વકીલ છું. જો આ કેસમાં તમને એ ગાડીથી નુકસાન નથી થયું, પરંતુ વિચારમાં ચાલ્યા જતાં હતાં અને પગે ઠેસ વાગી એટલે પડ્યા અને એની ગાડીને બ્રેક ન લાગી એટલે સહેજ પગ પરથી ચાલી, બાકી એમણે તો બચાવવાની પૂરેપૂરી કોશિશ કરી, આવું બયાન આપો તો એ બંને નિર્દોષ સાબિત થાય, અથવા તો મિનિમમ સજા થાય, અને એના બદલામાં એમના માતા પિતા તમારી તમામ આર્થિક પરિસ્થિતિનો નિવેડો આવી જાય એટલી રકમ આપશે! રામકાકાએ કહ્યું કે મને વિચારવાનો સમય આપો! પણ એની પત્નીએ કહ્યું કે વિચારવાનો સમય જ નથી, હવે જે થઈ ગયું એ નથી થયું થવાનું નથી, અને દિકરીના લગ્ન હોવાથી રૂપિયા જોઈએ છે, એ વાસ્તવિકતા છે. રામુ કાકાને પણ પત્નીની વાત વ્યાજબી લાગી અને પોતાના પગનો સોદો કરી નાખ્યો! બંને પાર્ટી એ પણ પોતે કહ્યાં એટલા રૂપિયા આપી દીધા.

રંગે ચંગે દીકરીના લગ્નનો દિવસ આવી ગયો, અને અત્યંત વૈભવશાળી રીતે જાનનું સ્વાગત થયું. એસી હોલમાં લગ્ન થયાં, અને સાડા સાત સો રૂપિયાની ડીશનું જમણ જમતા જમતા લોકો બોલતા હતાં, કે રામુ કાકાના નસીબ આડેનુ પાંદડું એકાએક ખસી ગયું, અને હવે તો રુપિયા રુપિયા... બિચારા રામુકાકા એક જ એની કિંમત જાણતા હતાં, એટલે કે હવે બાકીની જિંદગી આ અપાહિજતામાં વિતાવી પડશે.

રામુકાકા નવા આલીસાન ફ્લેટની ગેલેરીમાંથી નીચે જોતાં હતાં ત્યાં એક મર્સિડીઝ બેન્ઝ પસાર થઈ, અને એને વિચાર આવ્યો કે આ સોદો કરી અને મેં તો મારી પરિસ્થિતિ સુલજાવી લીધી, પણ આ યુવાનોને બીજા કોઈ રમુકાકાનો પગ કાપવાનું લાયસન્સ તો નથી આપ્યું ને!? કારણ કે પોતાનું ભાગ્ય ખોલવામાં આ બાબતે તો વિચાર્યું જ નહીં! સજા વગર ખુલ્લેઆમ ફરી પાછા એ બંને યુવાનો ફરશે, ડ્રગ્સ અને દારૂનું સેવન કરી વળી પાછી સ્પર્ધા કરશે, અને વળી કોઈ રામુકાકા અથવા તો રમા કાકી... અને શક્ય છે કે એકસીડન્ટમાં એનું મૃત્યુ પણ થાય! તો ક્યાંક એને માટે હું તો જવાબદાર નહીં ઠરું ને?; આટલા કર્મોના ફળ ઓછા હોય એમ આવા કર્મ વિશે વિચારીને એની જિંદગી બોજરૂપ થવા લાગી! એણે પોતાની પત્નીને આ વાત કરી, અને રમાબેને કહ્યું કે, તમે એક લાચાર પિતા હતાં, અને તમારી પાસે આની સિવાય કોઈ વિકલ્પ જ નહોતો, એટલે હવે આવું બધું વિચારવાનું છોડીને

અંદર ચાલો દિકરી જમાઈ આવવાનાં છે! પણ એને હજી થતું હતું કે એકવાર આ બાજુ પણ વિચારવાની જરૂર હતી! નહીં તો દર હેપ્પી ન્યુ યરમાં આવાં કેટલાય રામુકાકા અપંગ થશે..!

# મંડળ રેલ પ્રબંધક અમદાવાદ દ્વારા સાબરમતી-કલોલ-મહેસાણા-પાલનપુર સેક્સનનું નિરીક્ષણ

**અમદાવાદ, તા. 27**

ગુજરાતમાં રેલ સંરક્ષા અને વિકાસની દિશામાં નિરંતર આગળ વધી રહેલી ભારતીય રેલવે દ્વારા રેલ સંરક્ષા તથા આધારભૂત માળખાની મજબૂતી માટે સતત કામગીરી કરવામાં આવી રહી છે. આ જ ક્રમમા તારીખ 26.12.2025ના રોજ પશ્ચિમ રેલવે, અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક(ડીઆરએમ) શ્રી વેદ પ્રકાશે વરિષ્ઠ રેલ અધિકારીઓ સાથે સાબરમતી-કલોલ-મહેસાણા-પાલનપુર રેલ વિભાગનું વિસ્તૃત નિરીક્ષણ કર્યું. નિરીક્ષણ દરમિયાન સાબરમતીથી પાલનપુર વચ્ચેના રેલવે ટ્રેક, લેવલ ક્રોસિંગ, નાના તથા મુખ્ય પુલો, પોઈન્ટ્સ અને ક્રોસિંગ, સેક્સનના કર્વ્સ, ક્રોસિંગ તેમજ વિવિધ સુરક્ષા ધોરણોની વિગતવાર સમીક્ષા કરવામાં આવી અને સંબંધિત અધિકારીઓ સાથે સંરક્ષા સંબંધિત વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી.નિરીક્ષણ દરમિયાન સાબરમતી-કલોલ સેક્સન વચ્ચે સ્થિત લેવલ ક્રોસિંગ નં. 240 (એસપીએલ) પર ચાલી રહેલા રિપેરિંગ અને સંરક્ષા કાર્યોની પ્રગતિનું મૂલ્યાંકન કરવામાં આવ્યું. તેમજ કલોલ રેલવે સ્ટેશન પર અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ ચાલી રહેલા પુનર્વિકાસ કાર્યોનું પણ નિરીક્ષણ કરવામાં આવ્યું. ડાંગરવા યાર્ડમાં પોઈન્ટ્સ અને ક્રોસિંગ (પીએન્ડસી) તેમજ સ્વિચ એક્સપેન્શન જોઇન્ટ્સ (એસઈજે)નું નિરીક્ષણ કરવામાં આવ્યું અને કર્વ્ નં. 116ની સંરક્ષા તપાસ કરવામાં આવી. આ ઉપરાંત મુખ્ય પુલ નં. 965 ડીએન (કમ્પોઝિટ ગર્ડર) નું પણ નિરીક્ષણ કરવામાં આવ્યું. ખારી નદી પર કાર્યરત પી-વે ગેંગનું નિરીક્ષણ કરતા મંડલ રેલ પ્રબંધકે ગેંગમેનો સાથે સંવાદ કર્યો અને ઉપયોગમાં લેવાતા સુરક્ષા સાધનો અંગે માહિતી મેળવી.

મહેસાણા સ્ટેશનના નિરીક્ષણ દરમિયાન આરપીએફ પોસ્ટની વ્યવસ્થાઓની સમીક્ષા કરવામાં આવી તેમજ રેલવે હેલ્થ યુનિટનું નિરીક્ષણ કરીને ઉપલબ્ધ તબીબી સુવિધાઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું. સાથે સાથે રેલવે કોલોનીની સુવિધાઓનું અવલોકન કરવામાં આવ્યું અને સ્ટેશન પરિસરમાં નવા વિકસિત પાર્કનું પણ નિરીક્ષણ કરવામાં આવ્યું. ઉંઝામાં રોડ અંડર બ્રિજનું નિરીક્ષણ કરીને સંરક્ષા અને મુસાફર સુવિધાઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું સાથે જ સિદ્ધપુરમાં રેલવે કોલોનીનું નિરીક્ષણ કરવામાં આવ્યું.કલોલ, મહેસાણા અને પાલનપુર રેલવે સ્ટેશનો પર માસ્ટર કેબિન, બુકિંગ કાઉન્ટર, ફૂટ ઓવર બ્રિજ, પ્લેટફોર્મ,વેટિંગ રૂમ સહિત વિવિધ આધારભૂત સંરચના કાર્યોનું નિરીક્ષણ કરવામાં આવ્યું. નિરીક્ષણ દરમિયાન મંડળ રેલ પ્રબંધકે અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ વિકસિત કરવામાં આવી રહેલા મહેસાણા, પાલનપુર અને સાબરમતી સ્ટેશનોના પુનર્વિકાસ કાર્યોની પ્રગતિનું પણ ઊંડાણપૂર્વક સમીક્ષા કરી.નિરીક્ષણ દરમિયાન મંડળ રેલ પ્રબંધકે સંબંધિત અધિકારીઓને કાર્યોની ગુણવત્તા, સમયસર પૂર્ણતા તેમજ મુસાફરોની સુરક્ષા અને સુવિધાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા સૂચના આપી. પાલનપુર રેલવે સ્ટેશનો પર માસ્ટર કેબિન, બુકિંગ કાઉન્ટર, ફૂટ ઓવર બ્રિજ, પ્લેટફોર્મ,વેટિંગ રૂમ સહિત વિવિધ આધારભૂત સંરચના કાર્યોનું નિરીક્ષણ કરવામાં આવ્યું. નિરીક્ષણ દરમિયાન મંડળ રેલ પ્રબંધકે અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ વિકસિત કરવામાં આવી રહેલા મહેસાણા, પાલનપુર અને સાબરમતી સ્ટેશનોના પુનર્વિકાસ કાર્યોની પ્રગતિનું પણ ઊંડાણપૂર્વક સમીક્ષા કરી.નિરીક્ષણ દરમિયાન મંડળ રેલ પ્રબંધકે સંબંધિત અધિકારીઓને કાર્યોની ગુણવત્તા, સમયસર પૂર્ણતા તેમજ મુસાફરોની સુરક્ષા અને સુવિધાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા સૂચના આપી.

# કાયમ આનંદમાં રહેવા માટે સુવિધાઓની નહીં પણ સમજણની જરૂર છે કુદરતે આપણને ફક્ત આનંદ આપ્યો છે દુઃખ એ આપણી શોધ છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

ભગવદ્ ગીતા જ્ઞાનમાં આજે આપણે આગળ જોઈએ તો કૃષ્ણ લીલામાં શુદ્ધ પ્રેમ છે. રામજીની લીલામાં શુદ્ધ મર્યાદા છે શ્રી કૃષ્ણને તેજ સમજી શકે જે રામજીની મર્યાદાનું પાલન કરે છે.રામજી સરળ છે,પણ કનૈયો તો ઊભો તોયે વાંકો.તેથી તેને બાંકે બિહારી કહે છે.શ્રીકૃષ્ણ વાંકા સાથે વાંકા છે.શ્રીકૃષ્ણ તો જેવા સાથે તેવા છે.યોગી સાથે યોગી, ભોગી સાથે ભોગી અને સંન્યાસી સાથે સંન્યાસી,વાંકા સાથે વાંકા, મિત્રના મિત્ર,દુશ્મનના દુશ્મન!શ્રી કૃષ્ણની બાળલીલા એવી દિવ્ય છેકે,શુકદેવજી જેવા જેનીલંગોટી પણ છૂટી ગઈ છે તે પણ તેનું વર્ણન કરતાં રડે છે, તેમાં પાગલ બને છે.મહાયોગીઓ હસતા નથી એટલે એમને રડવાનો પ્રસંગ આવતો નથી મહાયોગીઓને પણ શ્રીકૃષ્ણ લીલામાં આનંદ આવે છે શ્રીકૃષ્ણ યોગીઓના પણ યોગીછે

કેટલાક કહે છેકે,રામજી નાના અને શ્રીકૃષ્ણજી મોટા. રામજીમાં એક કળા ઓછી છે.રામજીમાં કળા ઓછી છે એમ ન માનો. બંને અવતારો પરિપૂર્ણ છે. શ્રી કૃષ્ણ પુષ્ટિનો-પ્રેમનો આનંદ બતાવે છે.રામજી ભક્તિનો આનંદ આપે છે.

રામચંદ્રજી વસિષ્ઠઋષિનાઆશ્રમ માં ભણવા ગયા છે.કોઈ સદગુરુ નો અનુગ્રહ ન થાય ત્યાં સુધી મન કાયમના માટે પવિત્ર થતું નથી. સંસાર માયા છે.સંસારમાં આવ્યા પછી સ્વરૂપ વિસ્મરણ થાય છે, તેથી પરમાત્માને પણ ગુરુની જરૂર પડે છે.શ્રીરામએ પરમાત્મા છે,તેને માયાનો સ્પર્શ થાય નહીં. છતાં જગતને આદર્શ બતાવવા ગુરુ પાસે વિદ્યાભ્યાસ કરવા ગયા છે અને ગુરુની સેવા કરી છે. વિદ્યાભ્યાસ કરીને પાછાં આવે છે

રામચંદ્રજી સોળ વર્ષની ઉંમરે જાત્રા કરવા જાય છે.જાત્રામાં તેમને વૈરાગ્ય થયો.તે વૈરાગ્ય દૂર કરવામાટે વસિષ્ઠજી તેમનેઉપદેશ આપે છે.એ ઉપદેશ યોગ વાસિષ્ઠ મહારામાયણમાં ગ્રંથસ્થ છે.યોગ વાસિષ્ઠ રામાયણનું પહેલું પ્રકરણ વૈરાગ્યનું છે, તે તો દરેકે ત્રણ-ચાર વખત વાંચવું જ જોઈએ. ભલે બીજું ન વાંચો.વસિષ્ઠજી ઉપદેશ કરે છેકે,વૈરાગ્યમાં આનંદ રાખજે. પ્રારબ્ધ ભોગવવું,પણ નવુંપ્રારબ્ધ ઊભું ન થાય તેની કાળજીરાખવી વનમાં જશો તો ત્યાં પણ સંસાર સાથે આવવાનો છે.ઘર બાધક થતું નથી પણ ઘરની એકએક વસ્તુમાં રહેલ આસક્તિ બાધક થાય છે.બાધક જે છે તે મન છે, ઘર નથી. રાજમહેલ છોડો તોપણ ઝૂંપડીની જરૂર પડશે. સારાં કપડાં પહેરવાનાં છોડી દો,તો પણ લંગોટીની જરૂર પડશે.સારું ખાવા નું છોડી દો,તો પણ કંદમૂળ તો ખાવાં પડશેને!માટે રાજ્ય છોડવાની જરૂર નથી.કામ,ક્રોધ, લોભ,આસક્તિ વગેરે છોડવાનાં છે.ઘરબાર નહીં,પણ વાસના બાધક છે.સાધુ થવાની જરૂરનથી સરળ થવાની જરૂર છે. વૈરાગ્ય બહારનો હોય તે કામનો નથી, અંદરનો જોઈએ..તેવી જ રીતે ભજન માટે ભોજન બાધક છે, પણ ભોજન ભજન માટે હોય તો એ સાધન છે,એનો ઉપયોગ છે.

વસિષ્ઠજીના ઉપદેશથી રામચંદ્ર જીનો વૈરાગ્ય દૂર થયો છે. હવે રઘુનાથજી સોળ વર્ષના થયા છે.

ઋષિ વિશ્વામિત્ર યજ્ઞ કરતા હતા. તેમના યજ્ઞમાં મારીચ,સુબાહુ વગેરે રાક્ષસો વિઘ્ન કરતા હતા. વિશ્વામિત્રે વિચાર્યું કે, રાક્ષસોનો નાશ બીજાથી નહીં થાય, કેવળ રામજી કરી શકશે. તેથી તેઓ રામ-લક્ષ્મણને તેડવા અયોધ્યા આવ્યા.



દશરથે ઊઠીને વંદન કર્યું અને મુનિનું પૂજન કર્યું.વિશ્વામિત્રે આશીર્વાદ આપ્યા.પછી કહ્યું, રાક્ષસો મારા યજ્ઞમાં વિઘ્ન કરે છે. તેથી રામલક્ષ્મણને મારા યજ્ઞનું રક્ષણ કરવા મોકલો.વિશ્વામિત્રે રામજીની માગણી કરી તેથી દશરથજી ગભરાયા. રામથી છૂટાં પડવાની વાતથી એમને આઘાત થયો.દશરથજી કહે છે, બાળકો બહુ નાનાં છે.કહો તો હું આપની સાથે આવવા તૈયાર છું,પણ વિશ્વામિત્ર કહે,ના,મારે રામ-લક્ષ્મણનું જ કામ છે.ઋષિ વિશ્વામિત્ર યજ્ઞ કરતા હતા. તેમના યજ્ઞમાં મારીચ,સુબાહુ વગેરે રાક્ષસો વિઘ્ન કરતા હતા. વિશ્વામિત્રે વિચાર્યું કે, રાક્ષસોનો નાશ બીજાથી નહીં થાય, કેવળ રામજી કરી શકશે. તેથી તેઓ રામ-લક્ષ્મણને તેડવા અયોધ્યા આવ્યા. દશરથે ઊઠીને વંદન કર્યું અને મુનિનું પૂજન કર્યું. વિશ્વામિત્રે આશીર્વાદ આપ્યા. પછી કહ્યું, રાક્ષસો મારા યજ્ઞમાં વિઘ્ન કરે છે. તેથી રામલક્ષ્મણને મારા યજ્ઞનું રક્ષણ કરવા મોકલો. વિશ્વામિત્રે રામજીની માગણી કરી તેથી દશરથજી ગભરાયા. રામથી છૂટાં પડવાની વાતથી એમને આઘાત થયો.દશરથજી કહે છે, બાળકો બહુ નાનાં છે.કહો તો હું આપની સાથે આવવા તૈયાર છું,પણ વિશ્વામિત્ર કહે,ના,મારે રામ- લક્ષ્મણનું જ કામ છે.

દશરથના કલેશનો પાર નથી. તેમને ખાતરી છે કે,જળ વિના માછલી કદાચ જીવે પણ રામ વિના પોતે નહીં જીવે.તેથી કહે, ગુરુજી,તમે માગો તો મારું રાજ્ય આપું,મારા પ્રાણ આપું. રામ સિવાય તમને ગમે તે આપવા તૈયાર છું,પણ મારા રામ વગર હું એક ક્ષણ પણ જીવી નહીં શકું.

પિતા પ્રાણ આપી શકે છેપણ પુત્ર આપી શકતા નથી.પિતા-પુત્રનો કેવો પ્રેમ છે!જગતમાં રામ જેવો પુત્ર થયો નથી.દશરથ જેવા પિતા થયા નથી.જ્યારે રામ વનમાં ગયા ત્યારે છેલ્લા શ્વાસ સુધી દશરથે રામજીનું સ્મરણ કર્યું છે. દશરથજી વારંવાર કૌશલ્યાને પૂછે, મારો રામ ક્યાં છે?મારા રામ પાસે મને લઈ જાઓ. રામ વગર હું જીવી શકીશ નહીં અને રામ વગર દશરથ જીવ્યા નથી. રામજી ગયા તે સાથે દશરથજીના પ્રાણ ગયા છે. રામાયણનું એક એક પાત્ર દિવ્ય છે.ભરત જેવો ભાઈ થયો નથી.સીતા જેવી સ્ત્રી થઈ નથી.રામજી કરતાં પણ સીતાજી નું હૃદય અતિ કોમળ છે. વાલ્મીકિ એકવાર સીતાજીનું વર્ણન કરતાં બોલી ઊઠ્યા છે કે, રામાયણમાં રામજીનું નહીં પણ સીતાજીનું ચરિત્ર અલૌકિક છે. રામજી સરળ છે,પણ સીતાજીની સરળતા અદ્ભુત છે.વાલ્મીકિ રામાયણમાં એક પ્રસંગ આવે છે. રાવણ સાથે યુદ્ધ પૂરું થયું છે. હનુમાનજી અશોકવનમાં આવ્યા છે.સર્વ રાક્ષસોનો વિનાશ થયો છે રામજીનો વિજય થયો છે. સીતાજીએ હનુમાનને અનેક આશીર્વાદ આપ્યા કે,કાળ તારો નોકર થઈને રહેશે.અષ્ટમા સિદ્ધિ ઓ તારી સેવામાં ઊભી રહેશે. મનના જેવો તારો વેગ રહેશે. બુદ્ધિવંતોમાં તું શ્રેષ્ઠ ગણાશે. બ્રહ્મચારીમાં તું આદર્શ ગણાશે. આવા કંઈકંઈ આશીર્વાદો આપ્યા પણ હનુમાનજીને તૃપ્તિ થઈ નહીં ભગવદ્ ગીતાજ્ઞાનમાં છેલ્લે જોઈએ તો એક સમયે,એકવર્ગ માં શિક્ષક તેના બધાવિદ્યાર્થીઓને સમજાવવા માંગતા હતા કે કુદરત દરેકને સમાન તકો આપે છે અને તે તકનો ઉપયોગ કરીને તેઓ પોતાનું ભાગ્ય ઘડી શકે છે. આ વાત સ્પષ્ટ રીતે સમજાવવા માટે, શિક્ષકે ત્રણ વાટકી લીધી. તેમણે પહેલા વાટકામાં બટેટા, બીજામાં ઈંડું અને ત્રીજામાં ચાના પાંદડા મૂક્યા.પછી તેમણે ત્રણેય વાટકી માં પાણી ભર્યું અને તેને ઉકળવા માટે ચૂલા પર મૂક્યું.બધા વિદ્યાર્થી ઓ આશ્ચર્યથી જોતા રહ્યા,પણ કોઈ સમજી શક્યું નહીં.વીસ મિનિટ પછી,જ્યારે ત્રણેય વાસણો ઉકળવા લાગ્યા,ત્યારે શિક્ષકે બધા વાટકા નીચે ઉતાર્યા અને બટેટા, ઈંડું અને ચા બહાર કાઢી પછી તેમણે બધા વિદ્યાર્થી ઓને ત્રણેય વાટકા કાળજીપૂર્વક તપાસવા કહ્યું.છતાં, કોઈ સમજી શક્યું નહીં.

છેવટે, શિક્ષકે એક બાળકને ત્રણેય (બટેટા, ઈંડું અને ચા) સ્પર્શ કરવા કહ્યું.જ્યારે વિદ્યાર્થીએ બટેટાને સ્પર્શ કર્યો, ત્યારે તેણે જોયું કે બટેટા,જે પહેલા ખૂબ જ કઠણ હતું,તે પાણીમાં ઉકાળ્યા પછી ખૂબ જ નરમ થઈ ગયું હતું. જ્યારે વિદ્યાર્થીએ ઈંડું ઉપાડ્યું, ત્યારે તેણે જોયું કે ઈંડું,જે પહેલા ખૂબ જ નાજુક હતું, તે ઉકાળ્યા પછી કઠણ થઈ ગયું હતું.હવે ચાના કપનો વારો હતો.જ્યારે વિદ્યાર્થી એ ચાનો કપ ઉપાડ્યો, ત્યારે તેણે જોયું કે ચાના પાંદડા ગરમ પાણી માં ભળીગયા પછી તેમનો આકાર બદલી નાખ્યો હતોઅને હવે ચા બની ગયા હતા.પછી શિક્ષકે સમજાવ્યું,'અમે ત્રણ અલગ અલગ વસ્તુઓને એક જ કસોટીમાં મૂકી-તેમને સમાન માત્રામાં પાણીમાં ઉકાળી ને, પરંતુ જ્યારે તે બહાર આવી, ત્યારે તે સમાન ન રહી.

બટેટા,જે કઠણ હતું,તે નરમ થઈ ગયું, ઈંડું પહેલા કરતાં કઠણ થઈ ગયું,અને ચાના પાંદડાએ પણ તેમનું સ્વરૂપ બદલી નાખ્યું.

વાચક ચાહક મિત્રો,મનુષ્યોને પણ આ જ વાત લાગુ પડે છે. દરેકને સમાન તકો અને પડકારો મળે છે,પરંતુ તે સંપૂર્ણપણે તમારા પર નિર્ભર છે કે તમે મુશ્કેલીઓનો સામનો કેવી રીતે કરો છો અને તેમને પાર કર્યા પછી તમે શું બનો છો.'ભગવદ્ ગીતા જ્ઞાનમાં આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

# આ પ્લાન્ટ આત્મનિર્ભર ભારતની સંકલ્પનાને સાકાર કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે : દિલીપ સંઘાણી

અમદાવાદ, તા. 27

ખાતર ક્ષેત્રની ભારતની અગ્રણી સહકારી સંસ્થા ઈન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઈઝર કોઓપરેટિવ લિમિટેડ (ઈફકો) દ્વારા કર્ણાટકના બેંગલુરુ નજીક દેવનહલ્લીમાં સ્થાપિત અદ્યતન નાનો ખાતર પ્લાન્ટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ પ્લાન્ટનું ઉદ્ઘાટન IFFCO અને NCUIના અધ્યક્ષ શ્રી દિલીપ સંઘાણીના હસ્તે કરવામાં આવ્યું. ઉદ્ઘાટન પ્રસંગે શ્રી સંઘાણીએ પ્લાન્ટનું વિગતવાર નિરીક્ષણ કર્યું અને નાનો ખાતરના ઉત્પાદન, ગુણવત્તા ધોરણો તથા તકનિકી ક્ષમતાઓ અંગે માહિતી મેળવી. આ પ્રસંગે શ્રી સંઘાણીએ જણાવ્યું હતું કે, "આ પ્લાન્ટ માનનીય





પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી તથા માનનીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહના 'સહકારથી સમૃદ્ધિ' સંકલ્પ ને સાકાર કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે."

12 એકર વિસ્તારમાં ફેલાયેલો આ અદ્યતન નાનો પ્લાન્ટ પ્રતિદિન 2 લાખ બોટલ નેનો યુરિયા પ્લસના ઉત્પાદન માટે સક્ષમ છે. દીર્ઘકાળીન દ્રષ્ટિએ આ પ્લાન્ટ દક્ષિણ ભારતમાં પરંપરાગત યુરિયા પરની નિર્ભરતા નોંધપાત્ર રીતે ઘટાડશે, આયાત ખર્ચમાં ઘટાડો કરશે અને ખેડૂતો માટે ખુબ જ ઉપયોગી સાબિત થશે. દેવનહલ્લીમાં સ્થાપિત આ અદ્યતન પ્લાન્ટ અડીનુક વિજ્ઞાન નું પ્રતીક છે, જ્યાં નવીનતમ ટેક્નોલોજી અને પ્રગતિશીલ સુવિધાઓનો ઉપયોગ કરીને ખાતરનું ઉત્પાદન કરવામાં આવે છે. ઉદ્ઘાટન અને પ્લાન્ટ નિરીક્ષણ બાદ શ્રી સંઘાણીએ પ્લાન્ટના અધિકારીઓ અને વૈજ્ઞાનિકો સાથે સંવાદ કર્યો. આ દરમિયાન તેમણે નેનો ખાતરના મહત્વ, તેની ભૂમિકા અને ભારતમાં કૃષિના ભવિષ્ય અંગે પોતાના વિચારો રજૂ કર્યા તેમજ નવીનતા આધારિત સહકારી વ્યૂહરચનાઓને વધુ મજબૂત બનાવવા માર્ગદર્શન આપ્યું. IFFCOના ઉપાધ્યક્ષ બલવીર સિંહ, પૂર્વ ચેરમેન કે શ્રીનિવાસન ગૌડા, મેનેજિંગ ડિરેક્ટર કે જે પટેલ, પ્રહલાદસિંહ, વિજય શંકર રાય, વિવેક કોહલે, સુબ્રજીત પાધી, મારા ગંગા રેડ્ડી, વાલ્મિકી ત્રિપાઠી, જગદીપ સિંહ નક્કઈ, જયેશ રાદડિયા, ઉમેશ ત્રિપાઠી, ભાવેશ રાદડિયા, યુનિટ હેડ સંજય કુલશ્રેષ્ઠ તેમજ બોર્ડ ઓફ ડિરેક્ટર્સના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## ચાકલીયા પોલીસે ટીંબી ચેક પોસ્ટ પરથી રૂ. 31.17 લાખનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો

ઝાલોદ પ્રતિનિધિ દ્વારા, તા. 27

દાહોદ જિલ્લાના ચાકલીયા પોલીસે રાજસ્થાન સરહદે આવેલી ટીંબી ચેક પોસ્ટ પર વાહન ચેકિંગ દરમિયાન પ્રશંસનીય કામગીરી કરી છે. નાતાલ અને આવનારા થર્ટી ફર્સ્ટના તહેવારોને ધ્યાનમાં રાખી ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ ચાલી રહેલી સઘન વોચ દરમ્યાન પોલીસને મોટી સફળતા મળી હતી. તા. 25/12/2025ના રોજ ચાકલીયા પોલીસ સ્ટેશનના પીઆઈ શ્રી એસ.વી. વસાવા તથા પીએસઆઈ શ્રી વી.એન. કોટવાલ અને પોલીસ સ્ટાફ ચેકિંગમાં વ્યસ્ત હતા. તે દરમિયાન રાજસ્થાન તરફથી આવતી આઈસર ગાડી નં. MH-18-BH-1143 શંકાસ્પદ જણાતા અટકાવી તપાસ કરવામાં આવી. ગાડી ઉપર બાંધેલ તાડપત્રી ખોલતાં ડુંગળીના થેલાઓની આડમાં છુપાવેલ ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂ તથા બિયરની કુલ 270 પેટીઓ અને 7,344 બોટલો મળી આવી. ઝડપાયેલ દારૂની કિંમત રૂ. 24,15,362/- ઉપરાંત દારૂ પરિવહનમાં વપરાયેલ આઈસર ગાડી (રૂ. 7,00,000/-) અને મોબાઈલ ફોન (રૂ. 2,000/-) સહિત કુલ રૂ. 31,17,362/-નો મુદામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ કાર્યવાહીમાં એક આરોપીને ઝડપી લેવામાં આવ્યો છે, જ્યારે અન્ય આરોપીઓ ફરાર હોવાનું બહાર આવ્યું છે. આ સમગ્ર કામગીરી મહાનિદેશક શ્રી આર. વી. અસારી સાહેબ (પંચમહાલ ગોધરા રેન્જ), દાહોદ જિલ્લાના પોલીસ અધિક્ષક શ્રી રવિરાજસિંહ જાડેજા સાહેબ તથા ઝાલોદ નાયબ પોલીસ અધિક્ષક શ્રી ડી.આર. પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવી હતી. ચાકલીયા પોલીસની આ કામગીરીથી તહેવારો દરમ્યાન પ્રોહીબિશનના ગુનાઓ પર કડક નિયંત્રણ લાવવામાં આવ્યું છે, જે માટે વિસ્તારના નાગરિકોમાં પોલીસ પ્રત્યે વિશ્વાસ અને પ્રશંસા જોવા મળી રહી છે.

## દેવગઢ બારીઆની એસ. આર. હાઈસ્કૂલનાં વિદ્યાર્થીએ ગુજરાત રાજ્ય કક્ષાની ક્વિઝ સ્પર્ધામાં મેળવ્યું. પ્રથમ સ્થાન



દેવગઢ બારીઆ, તા. 27

પ્રાપ્ત માહિતી અનુસાર શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ દ્વારા આયોજિત ૧૪મી રાજ્ય સ્તરીય સ્વામી વિવેકાનંદ વિષયક લેખિત ક્વિઝ સ્પર્ધા (૨૦૨૫-૨૬) માં દેવગઢ બારીઆની એસ. આર. હાઈસ્કૂલનાં ધોરણ ૧૦-ના તેજસ્વી વિદ્યાર્થી એ ગુજરાત રાજ્ય કક્ષાની ક્વિઝ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવી આ ઝળહળતી સિદ્ધિ પ્રાપ્ત કરીને પોતાનું અને પોતાનાં પરિવારજનો તથા શાળા તેમજ પંથકનું નામ રોશન કર્યું છે. આ ભવ્ય સિદ્ધિ પ્રાપ્ત કરવા બદલ શ્રી ઠાકોર વ્રજસિંહ વિજયસિંહ ને આગામી રવિવાર, ૪ જાન્યુઆરી ૨૦૨૬ નાં રોજ શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ ખાતે આયોજિત વિશેષ પુરસ્કાર વિતરણ સમારોહમાં વિશેષ સન્માનિત કરવામાં આવશે. આ પ્રસંગે ગુજરાત સરકારનાં માનનીય રાજ્ય કક્ષાનાં મંત્રી શ્રી ત્રિકમભાઈ બીજલભાઈ છાંગા (રાજ્યમંત્રી શ્રી, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ - ગુજરાત સરકાર. ગાંધીનગર) તથા અન્ય મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહી આ વિજેતાને પ્રોત્સાહિત કરશે.

આ રાજ્ય સ્તરીય સ્વામી વિવેકાનંદ વિષયક લેખિત ક્વિઝ સ્પર્ધા સ્પર્ધામાં સમગ્ર ગુજરાતના ૩૩ જિલ્લાઓની કુલ ૭૭૪ શાળાઓ માંથી ૫૭,૦૮૫ જેટલા વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આટલી વિશાળ સંખ્યા અને તીવ્ર સ્પર્ધા વચ્ચે વ્રજસિંહે પોતાની બૌદ્ધિક ક્ષમતા અને સ્વામી વિવેકાનંદના વિચારો પ્રત્યેની પોતાની સમજ દ્વારા સર્વોચ્ચ સ્થાન હાંસલ કર્યું છે, જે ખરેખર પ્રશંસનીય અને ગૌરવની બાબત છે. શાળા પરિવાર માટે હર્ષ અને પ્રેરણા સમાન શ્રી ઠાકોર વ્રજસિંહ વિજયસિંહની આ અનન્ય અને ઝળહળતી સફળતા બદલ એસ આર હાઈસ્કૂલ મંડળનાં આદરણીય તથા માનનીય પ્રમુખશ્રી શ્રીમંત રાજમાતા ,મહારાઉલ ઉર્વશીદેવીજી (બા સાહેબશ્રી), મંડળનાંદેવગઢ બારીઆની એસ. આર. હાઈસ્કૂલનાં વિદ્યાર્થીએ ગુજરાત રાજ્ય કક્ષાની ક્વિઝ સ્પર્ધામાં મેળવ્યું.

## કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહની અમદાવાદ મુલાકાત સંદર્ભે શહેર પોલીસ કમિશનરશ્રીનું 'નો ડ્રોન ફ્લાય ઝોન' અંગેનું જાહેરનામું

અમદાવાદ, તા. 27

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ ક્રમાંક: વિશેષ શાખા/ એ-સેકશન/ નો ડ્રોન ફ્લાય ઝોન/૧૩૯/૨૦૨૫ તા.૨૬/૧૨/૨૦૨૫ માનનીય કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિત શાહ નાઓ તા.૨૭, ૨૮/૧૨/૨૦૨૫ ના રોજ અમદાવાદ શહેરની મુલાકાતે પધારનાર હોય આવા સંજોગોમાં દેશ વિરોધી સંગઠનો, આતંકવાદીઓ અને ભાંગ ફોડીયા તત્વો માનવ રહિત રીમોટ સંચાલિત વિમાન જેવા સાધનો અથવા માનવ સંચાલિત નાની સાઈઝના વિમાન જેવા સંશાધનો અથવા એરોસ્પોર્ટસમાં વપરાતા ઉપકરણો (SUB-CONVENTIONAL AERIAL PLATFORM) ના ગેરલાભ લઈ મહાનુભાવશ્રી નાઓની તેમજ જાહેર જનતાની સુરક્ષાને તેમજ કાયદો અને વ્યવસ્થાને હાની પહોંચાડે તેવી શકયતા નકારી શકાય તેમ નથી. આથી હું જી.એસ.મલિક પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, (ગુજરાત રાજ્યના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૮૨ ના નોટીફીકેશન નં.જીજી/ ૪૨૨/ સીઆરસી/ ૧૦૮૨/૧૦૮૦-એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નં.જીજી/૬/ફકઅ/૧૦૮૮/ ૬૭૫૦/મ) અન્વયે મને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં આ નીચે જણાવેલ સમયે મહાનુભાવશ્રી અને જાહેર જનતાની સલામતીને ધ્યાને લઈ અમદાવાદ શહેરના તમામ વિસ્તારોમાં "નો ડ્રોન ફ્લાય ઝોન" જાહેર કરૂ છુ.

### મુસાફરો પરની અસર ઘટાડવી: સ્લીપર અને ફર્સ્ટ ક્લાસ ઓર્ડિનરી માટે પ્રતિ કિમી માત્ર 1 પૈસાનો વધારો

## AC અને નોન-AC વર્ગોમાં, મેલ/એક્સપ્રેસ ભાડામાં સુધારો પ્રતિ કિમી 2 પૈસા સુધી મર્યાદિત

અમદાવાદ, તા. 27

રેલવેએ મુસાફરો માટે પરવડે તેવી ક્ષમતા અને કામગીરીની ટકાઉપણું વચ્ચે સંતુલન જાળવવાના ઉદ્દેશ્ય સાથે 26 ડિસેમ્બર 2025 થી તેના પેસેન્જર ભાડાના માળખાને તર્કસંગત બનાવ્યું છે. સુધારેલા ભાડા માળખા હેઠળ, સબર્બન અને નોન-સબર્બન બંને રૂટ સહિત સબર્બન સેવાઓ અને સીઝન ટિકિટના ભાડામાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. ઓર્ડિનરી નોન-AC (નોન-સબર્બન) સેવાઓ માટે, સેકન્ડ ક્લાસ ઓર્ડિનરી, સ્લીપર ક્લાસ ઓર્ડિનરી અને ફર્સ્ટ ક્લાસ ઓર્ડિનરીમાં તબક્કાવાર રીતે ભાડાને તર્કસંગત બનાવવામાં આવ્યા છે. સેકન્ડ ક્લાસ ઓર્ડિનરીમાં, 215 કિમી સુધીની મુસાફરી માટે ભાડામાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી, જે સુનિશ્ચિત કરે છે કે ટૂંકા અંતરના અને દૈનિક મુસાફરોને અસર ન થાય. 216 કિમી થી 750 કિમી સુધીના અંતર માટે ભાડામાં 5 નો વધારો થાય છે. લાંબી મુસાફરી માટે, વધારો તબક્કાવાર લાગુ કરવામાં આવ્યો છે – 751 કિમી અને 1250 કિમી વચ્ચેના અંતર માટે 10, 1251 કિમી અને 1750 કિમી વચ્ચેના અંતર માટે 15, અને 1751 કિમી અને 2250 કિમી વચ્ચેના અંતર માટે 20. સ્લીપર ક્લાસ ઓર્ડિનરી અને ફર્સ્ટ ક્લાસ ઓર્ડિનરીમાં, નોન-સબર્બન મુસાફરી માટે ભાડામાં પ્રતિ કિલોમીટર 1 પૈસાના દરે સમાનરૂપે સુધારો કરવામાં આવ્યો છે, જે ભાડામાં ક્રમિક અને મર્યાદિત વધારો સુનિશ્ચિત કરે છે.

મેલ/એક્સપ્રેસ ટ્રેનોમાં, નોન-AC અને AC વર્ગોમાં ભાડામાં વધારો પ્રતિ કિલોમીટર 2 પૈસા પર તર્કસંગત કરવામાં આવ્યો છે. આમાં સ્લીપર ક્લાસ, ફર્સ્ટ ક્લાસ, AC ચેર કાર, AC 3-ટીયર, AC 2-ટીયર અને AC ફર્સ્ટ ક્લાસનો સમાવેશ થાય છે. ઉદાહરણ તરીકે, નોન-AC મેલ/એક્સપ્રેસ કોચમાં 500 કિમીની મુસાફરી માટે, મુસાફરોએ માત્ર 10 વધારાના ચૂકવવા પડશે. તેજસ રાજધાની, રાજધાની, શતાબ્દી, દુરંતો, વંદે ભારત, હમસફર, અમૃત ભારત, તેજસ, મહામના, ગતિમાન, અંત્યોદય, ગરીબ રથ, જન શતાબ્દી, યુવા એક્સપ્રેસ, નમો ભારત રેપિડ રેલ અને ઓર્ડિનરી નોન-સબર્બન સેવાઓ (જ્યાં લાગુ પડતું હોય ત્યાં AC MEMU/ DEMU સિવાય) સહિતની મુખ્ય ટ્રેન સેવાઓના હાલના બેઝિક ભાડામાં મંજૂર ક્લાસ-વાઈઝ બેઝિક ભાડા વધારાને અનુરૂપ સુધારો કરવામાં આવ્યો છે. સુધારો લાગુ પડતા વર્ગોમાં સમાનરૂપે અને માપાંકિત (calibrated) રીતે કરવામાં આવ્યો છે. તેજસ રાજધાની, રાજધાની, શતાબ્દી, દુરંતો, વંદે ભારત, હમસફર, અમૃત ભારત, તેજસ, મહામના, ગતિમાન, અંત્યોદય, ગરીબ રથ, જન શતાબ્દી, યુવા એક્સપ્રેસ, નમો ભારત રેપિડ રેલ અને ઓર્ડિનરી નોન-સબર્બન સેવાઓ (જ્યાં લાગુ પડતું હોય ત્યાં AC MEMU/DEMU સિવાય) સહિતની મુખ્ય ટ્રેન સેવાઓના હાલના બેઝિક ભાડામાં મંજૂર ક્લાસ-વાઈઝ બેઝિક ભાડા વધારાને અનુરૂપ સુધારો કરવામાં આવ્યો છે. સુધારો લાગુ પડતા વર્ગોમાં સમાનરૂપે અને માપાંકિત (calibrated) રીતે કરવામાં આવ્યો છે. નોંધનીય છે કે, રિઝર્વેશન ફી, સુપરફાસ્ટ સરચાર્જ અથવા અન્ય આનુષંગિક શુલ્કમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી, જે હાલના નિયમો મુજબ વસૂલવાનું ચાલુ રહેશે. GSTની લાગુ પડવાની ક્ષમતા યથાવત છે, અને ભાડા પ્રવર્તમાન ધોરણો મુજબ પૂર્ણાંકમાં (round off) ફેરવવાનું ચાલુ રહેશે. સુધારેલા ભાડા માત્ર 26 ડિસેમ્બર 2025 ના રોજ અથવા તે પછી બુક કરવામાં આવેલી ટિકિટો પર જ લાગુ થશે. આ તારીખ પહેલા બુક કરવામાં આવેલી ટિકિટો પર કોઈ વધારાના ચાર્જ લાગશે નહીં, ભલે મુસાફરી અસરકારક તારીખ પછી કરવામાં આવે. સ્ટેશનો પર પ્રદર્શિત ભાડાની સૂચિ પણ 26.12.2025 થી અમલમાં આવતા નવા ભાડાને પ્રતિબિંબિત કરવા માટે અપડેટ કરવામાં આવશે.

### મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં અમદાવાદમાં ક્રીડા ભારતીના અખિલ ભારતીય અધિવેશનનો પ્રારંભ

# ભારતમાં પુરાણકાળથી રમતગમત એ સંસ્કૃતિ અને જીવનશૈલીનો એક મહત્ત્વપૂર્ણ હિસ્સો રહી છે - મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

### ત્રિ-દિવસીય અધિવેશનમાં સમગ્ર દેશમાંથી ક્રીડા ભારતી સંસ્થા સાથે જોડાયેલા ખેલાડીઓ અને સ્વયંસેવકો રહેશે ઉપસ્થિત

અમદાવાદ, તા. 27

ક્રીડા ભારતીના અખિલ ભારતીય અધિવેશનનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કોમનવેલ્થ ગેમ્સની યજમાની ભારતને મળી અને તેમાં પણ અમદાવાદની પસંદગી થઈ તેવા ગૌરવપૂર્ણ અવસરે ક્રીડા ભારતીનું અધિવેશન અમદાવાદમાં યોજાયું છે. તેનાથી સ્પોર્ટ્સ સેક્ટરને નવી દિશા મળશે. વધુમાં તેમણે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું છે કે, જીવનમાં દરેક ક્ષેત્રે વિકાસ થવો જોઈએ અને તેમાં ખેલકૂદનું પણ મહત્વ છે. મુખ્યમંત્રીશ્રીએ આ સંદર્ભમાં કહ્યુ કે, વડાપ્રધાનશ્રીએ આવા ઉદાત ભાવ સાથે ગુજરાતમાં રમત-ગમત સંસ્કૃતિ વિકસાવવા ૨૦૧૦થી ખેલ મહાકુંભ શરૂ કરાવ્યો છે. ખેલ મહાકુંભના પરિણામે રાજ્યના ગ્રામીણ વિસ્તારો સુધી સ્પોર્ટ્સ પ્રત્યેની





ઉત્સુકતા વધી છે અને ખેલ મહાકુંભમાં ભાગ લેનારાઓની સંખ્યા ઉત્તરોત્તર વધી રહિ છે.

૨૦૧૦માં ૧૬લાખ લોકોની સહભાગીતાથી શરૂ થયેલા ખેલ મહાકુંભની ૨૦૨૫ એડીશનમાં ૭૨લાખ લોકો જોડાયા છે. એટલુ જ નહિ, ખેલ મહાકુંભની સફળતાને પગલે ગુજરાતના ૧૬ જેટલા પ્રતિભાવંત ખેલાડીઓએ રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય રમતોમાં રાજ્ય અને દેશનું પ્રતિનિધિત્વ કર્યુ છે. મુખ્યમંત્રીશ્રીએ પ્રાચીન ગ્રંથોના રમતોનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, ભારતમાં પુરાણકાળથી રમતગમત એ સંસ્કૃતિ અને જીવનશૈલીનો એક મહત્ત્વપૂર્ણ હિસ્સો રહી છે. હજારો વર્ષ પહેલા લખાયેલા ગ્રંથોમાં પણ 64 વિદ્યાઓ દ્વારા વ્યક્તિના કૌશલ્ય વિકાસની વાત કરવામાં આવી છે, તેમાં ઘણી વિદ્યાઓ રમત સાથે જોડાયેલી હોવાનો ઉલ્લેખ છે તેવું તેમણે જણાવ્યું હતું.તેમણે ઉમેર્યું કે, ભગવાન શ્રી કૃષ્ણ બાળપણમાં ગેડીદડાની રમત રમ્યાનો ઉલ્લેખ આપણા ગ્રંથોમાં છે, આ ઉપરાંત ગુરુ દ્રોણાચાર્યના ગુરુકુળમાં કૌરવો અને પાંડવો વચ્ચે ધનુષ્ય બાણ અને ગદા યુદ્ધ જેવું સ્પર્ધાઓનું વર્ણન પણ છે. યજુર્વેદમાં ફિઝિકલ ટ્રેનિંગ, અથર્વવેદમાં સ્વસ્થ શરીર અને સમાજને રાજ્યની કરોડરજ્જુ કહી છે. આ બધું ખેલભાવના માટેનું પ્રતિબિંબ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ક્રીડા ભારતીના પાંચમા અધિવેશનમાં સમગ્ર દેશમાંથી પધારેલા ખેલાડીઓ, પ્રશિક્ષકો અને સ્વયંસેવકોનું ગુજરાતની ધરતી પર પધારવા બદલ સ્વાગત કરી જણાવ્યું હતું કે ક્રીડા ભારતી સંસ્થા ભારતીય સંસ્કૃતિમાં વર્ણવાયેલી આવી અનેક રમતોના સંરક્ષણ માટે રમતગમત દ્વારા રાષ્ટ્રનિર્માણમાં યોગદાન આપી રહી છે. અને દેશપ્રેમના સંસ્કાર સિંચન થકી ખેલાડીઓ નહીં પણ ભાવિ નાગરિકો તૈયાર કરવાનું કામ ક્રીડા ભારતી કરે છે તેમ તેમણે ઉમેર્યું હતું. વધુમાં તેમણે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અને ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શનમાં ઓલિમ્પિકના ભાગરૂપે આગામી સમયમાં 5 જેટલી વર્લ્ડ ક્લાસ રમતોના આયોજન માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના હસ્તે ક્રીડા જ્યોત સ્મારિકા પુસ્તકનું વિમોચન કરાયું હતું. અમદાવાદના શ્રી કલ્કી તીર્થધામ, પ્રેરણપીઠ ખાતે આયોજિત ત્રિ-દિવસીય અધિવેશનમાં સમગ્ર દેશમાંથી ક્રીડા ભારતી સંસ્થા સાથે જોડાયેલા ખેલાડીઓ અને સ્વયંસેવકો ઉપસ્થિત રહેશે. ક્રીડા ભારતીના ગુજરાત પ્રદેશના અધ્યક્ષ શ્રી વિવેકભાઈ પટેલે સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યા હતા. આ ઉપરાંત અખિલ ભારતીય મહામંત્રી શ્રી રાજજી ચૌધરીએ અધિવેશન વિશે માહિતી આપી હતી તથા ક્રીડા ભારતી સંસ્થા વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. આ અધિવેશનમાં ક્રીડા ભારતીના અખિલ ભારતીય અધ્યક્ષ શ્રી ગોપાલજી સૈની, મધ્યપ્રદેશના કેબિનેટ મંત્રી અને ક્રીડા ભારતીના કાર્યકારી અધ્યક્ષ શ્રી ચૈતન્યજી કશ્યપ, ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી મીનેષભાઈ, મહાનગરના અધ્યક્ષ શ્રી આનંદભાઈ, ગુજરાત પ્રદેશ મંત્રી શ્રી ચિરાગભાઈ અને સમગ્ર દેશમાંથી ક્રીડા ભારતી સાથે જોડાયેલા લોકો ઉપસ્થિત રહ્યા હતા.




### કાંગારૂ ટીમ સિરીઝમાં 3-1થી આગળ

# ઓસ્ટ્રેલિયામાં 18 મેચ પછી ઇંગ્લેન્ડની ટીમ જીતી : એશિઝ સિરીઝની ચોથી ટેસ્ટમાં 4 વિકેટે હરાવ્યું

**મુંબઈ, તા. 27**

ભારતમાં સાઉથ ઇંગ્લેન્ડે એશિઝ સિરીઝની ચોથી ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાને 4 વિકેટે હરાવ્યું. આ સાથે ઇંગ્લેન્ડે ઓસ્ટ્રેલિયામાં 18 ટેસ્ટ મેચથી ચાલી રહેલા જીતના રાહનો અંત લાવ્યો. આ પહેલા ઇંગ્લેન્ડને ઓસ્ટ્રેલિયામાં છેલ્લી ટેસ્ટ જીત 2011માં સિડની (SCG)માં મળી હતી. આ પછી રમાયેલી 18 ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાએ 16 મેચ જીતી, જ્યારે 2 મેચ ડ્રો રહી. ઇંગ્લેન્ડનો આ જીત વગરનો સમયગાળો 2013-14ની એશિઝ સિરીઝમાં 5-0થી હાર્યા પછી શરૂ થયો હતો. મેચના બીજા દિવસે શનિવારે ઓસ્ટ્રેલિયાએ ઇંગ્લેન્ડને જીતવા માટે 175 રનનો ટાર્ગેટ આપ્યો હતો, જેને ઇંગ્લિશ ટીમે 6 વિકેટ ગુમાવીને ચેઝ કરી લીધો. મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડમાં રમાયેલી આ મેચમાં ઓસ્ટ્રેલિયા બીજી ઇનિંગ્સમાં 132 રન પર ઓલઆઉટ થઈ ગયું હતું. આ પહેલા ઓસ્ટ્રેલિયા પ્રથમ ઇનિંગ્સમાં 152 રન પર સમેટાઈ ગયું હતું, જ્યારે ઇંગ્લેન્ડ પ્રથમ ઇનિંગ્સમાં માત્ર 110 રન જ બનાવી શક્યું હતું. આ રીતે ઓસ્ટ્રેલિયાને પ્રથમ ઇનિંગ્સમાં 42 રનની લીડ મળી હતી, પરંતુ બીજી ઇનિંગ્સમાં ઇંગ્લેન્ડે શાનદાર વાપસી કરીને મેચ પોતાના નામે કરી લીધી. મેચમાં કુલ 7 વિકેટ લેનાર ઇંગ્લિશ પેસર જોશ ટંગને પ્લેયર ઓફ ધ મેચ તરીકે પસંદ કરવામાં આવ્યો. 175 રનના ટાર્ગેટને ચેઝ કરતા ઇંગ્લેન્ડને બીજી ઇનિંગ્સમાં સારી શરૂઆત મળી. ટીમને પહેલો ઝટકો 51 રન પર લાગ્યો. મિચેલ સ્ટાર્કે બેન ડકેટને ક્લીન બોલ્ડ કર્યો. તેણે 26 બોલમાં 34 રન બનાવ્યા. બ્રાઇડન 6 રન બનાવીને જે રિચાર્ડસનનો શિકાર બન્યો. ત્યારબાદ ઝેક ક્રોલીએ જેકબ બેથેલ સાથે ત્રીજી વિકેટ માટે 47 રનની ભાગીદારી નોંધાવી અને ઇંગ્લેન્ડની સ્થિતિ મજબૂત કરી. ક્રોલી 48 બોલમાં 37 રન બનાવીને આઉટ થયો. જ્યારે, રૂટ અને બેથેલ વચ્ચે 25 રનની ભાગીદારી થઈ. બેથેલ 40 રન બનાવીને આઉટ થયો. રૂટ 15 રન બનાવીને આઉટ થયો. જ્યારે, કેપ્ટન બેન સ્ટોક્સ બે રન બનાવી શક્યો. હેરી બ્રુક 18 રન અને જેમી સ્મિથ ત્રણ રન બનાવીને અણનમ રહ્યા. ઓસ્ટ્રેલિયા તરફથી સ્ટાર્ક, રિચાર્ડસન અને બોલેન્ડે 2-2 વિકેટ લીધી. આ પહેલાં, બીજી ઇનિંગ્સમાં ઓસ્ટ્રેલિયા માટે ટ્રેવિસ હેડે સૌથી વધુ 46 રન બનાવ્યા. કેપ્ટન સ્ટીવ સ્મિથ 24 રન બનાવીને અણનમ રહ્યો. જ્યારે કેમરૂન ગ્રીને 19 રન જોડ્યા. ટીમના આઠ બેટર્સ બે આંકડાનો આંકડો પણ પાર કરી શક્યા નહીં, જેમાં ત્રણ ખેલાડી ઝીરો પર આઉટ થયા. ઇંગ્લેન્ડ તરફથી બ્રાયડન કાર્સએ શાનદાર બોલિંગ કરતા 4 વિકેટ ઝડપી. બેન સ્ટોક્સે 3 અને જોશ ટંગે 2 વિકેટ લીધી. ગસ એટકિન્સનને 1 વિકેટ મળી. ત્યારબાદ ઝેક ક્રોલીએ જેકબ બેથેલ સાથે ત્રીજી વિકેટ માટે 47 રનની ભાગીદારી નોંધાવી અને ઇંગ્લેન્ડની સ્થિતિ મજબૂત કરી. ક્રોલી 48 બોલમાં 37 રન બનાવીને આઉટ થયો. જ્યારે, રૂટ અને બેથેલ વચ્ચે 25 રનની ભાગીદારી થઈ. બેથેલ 40 રન બનાવીને આઉટ થયો. રૂટ 15 રન બનાવીને આઉટ થયો. જ્યારે, કેપ્ટન બેન સ્ટોક્સ બે રન બનાવી શક્યો. હેરી બ્રુક 18 રન અને જેમી સ્મિથ ત્રણ રન બનાવીને અણનમ રહ્યા. ઓસ્ટ્રેલિયા તરફથી સ્ટાર્ક, રિચાર્ડસન અને બોલેન્ડે 2-2 વિકેટ લીધી. આ પહેલાં, બીજી ઇનિંગ્સમાં ઓસ્ટ્રેલિયા માટે ટ્રેવિસ હેડે સૌથી વધુ 46 રન બનાવ્યા. કેપ્ટન સ્ટીવ સ્મિથ 24 રન બનાવીને અણનમ રહ્યો. જ્યારે કેમરૂન ગ્રીને 19 રન જોડ્યા. ટીમના આઠ બેટર્સ બે આંકડાનો આંકડો પણ પાર કરી શક્યા નહીં, જેમાં ત્રણ ખેલાડી ઝીરો પર આઉટ થયા. ઇંગ્લેન્ડ તરફથી બ્રાયડન કાર્સએ શાનદાર બોલિંગ કરતા 4 વિકેટ ઝડપી. બેન સ્ટોક્સે 3 અને જોશ ટંગે 2 વિકેટ લીધી. ગસ એટકિન્સનને 1 વિકેટ મળી. એટકિન્સનના હેમસ્ટ્રિંગમાં ઈજા થઈ બોક્સિંગ ડે ટેસ્ટના બીજા દિવસે ઇંગ્લેન્ડના ઝડપી બોલર ગસ એટકિન્સન ઈજાગ્રસ્ત થઈને મેદાનની બહાર ચાલ્યો ગયો. બીજા દિવસે પહેલા સેશન દરમિયાન તેના ડાબા હેમસ્ટ્રિંગમાં ઈજા પહોંચી. સવારે એટકિન્સને નાઇટવોચમેન સ્કોટ બોલેન્ડની વિકેટ લીધી, પરંતુ પોતાની પાંચમી ઓવરનો છેલ્લો બોલ નાખતી વખતે તેને તકલીફ અનુભવાઈ. બોલ નાખ્યા પછી તેણે તરત જ પોતાની ડાબો પગ પકડી લીધો અને સારવાર માટે ડ્રેસિંગ રૂમમાં ચાલ્યો ગયો. તેની જગ્યાએ સબસ્ટિટ્યુટ ફિલ્ડર ઓલી પોપને મેદાનમાં ઉતાર્યો. લંચ પછી એટકિન્સન ફરીથી મેદાન પર પરત ફર્યો નહીં. એટકિન્સને આ ટેસ્ટના પહેલા દિવસે 14 ઓવરમાં 28 રન આપીને 2 વિકેટ લીધી હતી. ઓસ્ટ્રેલિયા અને ઇંગ્લેન્ડ વચ્ચે એશિઝ સિરીઝની ચોથી ટેસ્ટ મેલબોર્નમાં રમાઈ હતી. મેચના પહેલા દિવસે શુક્રવારે ઇંગ્લેન્ડે ટૉસ જીતીને પ્રથમ બોલિંગ પસંદ કરી હતી. ઓસ્ટ્રેલિયા પ્રથમ દાવમાં 152 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. જ્યારે ઇંગ્લેન્ડની ટીમ માત્ર 110 રન જ બનાવી શકી હતી. આમ, ઓસ્ટ્રેલિયાને પહેલી ઇનિંગમાં 42 રનની લીડ મળી હતી. ઓસ્ટ્રેલિયાની પહેલી ઇનિંગ્સ 45.2 ઓવરમાં અને ઇંગ્લેન્ડની પ્રથમ ઇનિંગ્સ 29.5 ઓવરમાં સમાપ્ત થઈ. એટલે કે 75.1 ઓવરમાં 20 વિકેટ પડી ગઈ. આ 123 વર્ષમાં પહેલીવાર છે, જ્યારે એશિઝ દરમિયાન મેલબોર્નમાં પહેલા જ દિવસે આટલી વિકેટો પડી હોય. આ પહેલા 1901-02માં પહેલા દિવસે 25 વિકેટ પડી હતી.

# બાંગ્લાદેશ પ્રીમિયર લીગમાં કોચનું નિધન : ઢાકા કેપિટલ્સની મેચ પહેલા મેદાન પર ઢળી પડ્યા



**મુંબઈ, તા. 27**

બાંગ્લાદેશ પ્રીમિયર લીગ (BPL)માં ઢાકા કેપિટલ્સના સહાયક કોચ મહેબૂબ અલી ઝાકીનું શનિવારે અચાનક અવસાન થયું. તેઓ સિલહટ ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં રાજશાહી વોરિયર્સ સામેની તેમની ટીમના પ્રથમ મેચના થોડી મિનિટો પહેલા અચાનક મેદાન પર પડી ગયા. ટીમ સ્ટાફ અને મેડિકલ ટીમે તરત જ તેમને CPR આપ્યું અને એમ્બ્યુલન્સ દ્વારા અલ હરામૈન હોસ્પિટલ લઈ જવામાં આવ્યા, જ્યાં ડોકટરોએ તેમને મૃત જાહેર કર્યા. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB)ના મુખ્ય ચિકિત્સક દેબાશીષ ચૌધરીએ મૃત્યુની પુષ્ટિ કરી. પહેલાથી કોઈ સ્વાસ્થ્ય સમસ્યા નહોતી આ અચાનક ઘટનાથી સ્ટેડિયમમાં હાજર તમામ લોકો સ્તબ્ધ રહી ગયા. ટીમ અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઝાકીએ આ પહેલા કોઈ પણ પ્રકારની સ્વાસ્થ્ય સમસ્યાની ફરિયાદ કરી ન હતી. ઘટનાના સમાચાર ફેલાતા જ ઘણી BPL ટીમના ખેલાડીઓ હોસ્પિટલ પહોંચ્યા. સિલહટ ટાઇટન્સ, નોઆખાલી એક્સપ્રેસ અને ચટગ્રામ રોયલ્સના ખેલાડીઓ અલ હરામૈન હોસ્પિટલ ગયા. તસ્કીન અહેમદ સાથે કામ કર્યું ઝાકી તે સમયે ચર્ચામાં આવ્યા હતા જ્યારે 2016માં ભારતમાં યોજાયેલા T20 વર્લ્ડ કપ દરમિયાન તસ્કીન અહેમદના બોલિંગ એક્શન પર સવાલો ઉઠ્યા હતા અને તેમણે તસ્કીન સાથે મળીને કામ કર્યું હતું. BCBએ શોક સંદેશમાં જણાવ્યું કે, BCBને ગેમ ડેવલપમેન્ટના સ્પેશિયાલિસ્ટ પેસ બોલિંગ કોચ મહેબૂબ અલી ઝાકીના નિધન પર ઊંડો શોક છે. તેઓ 59 વર્ષના હતા. ઝાકી ભૂતપૂર્વ ઝડપી બોલર હતા મહેબૂબ અલી ઝાકી બાંગ્લાદેશના ભૂતપૂર્વ ઝડપી બોલર હતા. તેમણે નેશનલ ક્રિકેટ ચેમ્પિયનશિપમાં કુમિલા જિલ્લાનું પ્રતિનિધિત્વ કર્યું હતું. આ ઉપરાંત, તેમણે ઢાકા પ્રીમિયર ડિવિઝન ક્રિકેટ લીગમાં અબાહાની અને ધનમંડી જેવા મોટા ક્લબ માટે પણ રમ્યા હતા. રમતમાંથી નિવૃત્તિ લીધા પછી, ઝાકીએ પોતાને કોચિંગ અને ખેલાડીઓના વિકાસ માટે સમર્પિત કર્યા. તેઓ 2008માં હાઈ પરફોર્મન્સ કોચ તરીકે BCB સાથે જોડાયા અને દેશમાં ઝડપી બોલિંગના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું. BCBએ તેમના પરિવાર, મિત્રો અને સમગ્ર ક્રિકેટ સમુદાય પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી છે અને દિવંગત આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી છે. બાંગ્લાદેશને U-19 વર્લ્ડ કપ જીતાડ્યો મહેબૂબ અલી ઝાકી બાંગ્લાદેશ ક્રિકેટમાં લાંબા સમયથી જોડાયેલા હતા અને ઘણા ખેલાડીઓના મેન્ટર રહ્યા હતા. તેઓ બાંગ્લાદેશની તે ટીમનો કોચિંગ સ્ટાફનો પણ ભાગ હતા, જેણે વર્ષ 2020માં ICC અંડર-19 વર્લ્ડ કપનો ખિતાબ પોતાના નામે કર્યો હતો, જે બાંગ્લાદેશની પ્રથમ અને એકમાત્ર ICC ટ્રોફી પણ છે.

### BBL મેચમાં હેમસ્ટ્રિંગની ઈજા થઈ; ઘાયસ હોવા છતાં તેણે મેચ વિનિંગ ઈનિંગ રમી

# T20 વર્લ્ડ કપ પહેલા ટિમ ડેવિડ ઘાયલ

### ટિમ ડેવિડ આ પહેલા 2022 અને 2024ના T20 વર્લ્ડ કપમાં ઓસ્ટ્રેલિયાનું પ્રતિનિધિત્વ કરી ચૂક્યો છે

**મુંબઈ, તા. 26**

ICC T20 વર્લ્ડ કપ 2026 પહેલાં ઓસ્ટ્રેલિયન ટીમના મિડલ ઓર્ડર બેટર ટિમ ડેવિડ બિગ બેશ લીગ (BBL)ની એક મેચ દરમિયાન હેમસ્ટ્રિંગ ઈજાનો શિકાર બન્યો. આ ઈજા તેને શુક્રવારે હોબાર્ટ હરિકેન્સ અને પર્થ સ્કોર્ચર્સ વચ્ચે રમાયેલી મેચમાં થઈ. ઈજા થવા છતાં ટિમ ડેવિડે મેદાન છોડ્યું નહીં અને ટીમને જીત સુધી પહોંચાડી. તેણે 28 બોલમાં 42 રનની મહત્વપૂર્ણ ઈનિંગ રમી, જેની મદદથી હોબાર્ટ હરિકેન્સે 151 રનનો ટાર્ગેટ ચેઝ કર્યો. આ ટીમની સીઝનની ત્રીજી જીત હતી. ઓસ્ટ્રેલિયાએ T20 વર્લ્ડ કપ ટીમ જાહેર કરી નથી ઓસ્ટ્રેલિયાએ હજુ સુધી T20 વર્લ્ડ કપ 2026 માટે પોતાની ટીમ જાહેર કરી નથી. આ ટુર્નામેન્ટ 7 ફેબ્રુઆરીથી ભારત અને શ્રીલંકામાં શરૂ થશે. ઓસ્ટ્રેલિયન પસંદગીકારોએ આવતા મહિનાની શરૂઆતમાં ટીમની જાહેરાત કરવાની છે અને ફિટનેસને લઈને ચિંતા હોવા છતાં ટિમ ડેવિડની પસંદગીની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. ટિમ ડેવિડ આ પહેલા 2022 અને 2024ના T20 વર્લ્ડ કપમાં ઓસ્ટ્રેલિયાનું પ્રતિનિધિત્વ કરી ચૂક્યો છે. ગયા મહિને હોબાર્ટમાં ભારત સામે રમાયેલી તેની 74 રનની ઈનિંગે મિડલ ઓર્ડરમાં તેની અગત્યતા ફરી સાબિત કરી હતી. જો ઈજા ગંભીર હોય અને તે ટુર્નામેન્ટમાંથી બહાર થાય, તો તે ઓસ્ટ્રેલિયા માટે મોટો ફટકો હશે. ટિમ ડેવિડે અત્યાર સુધી 56 T20 આંતરરાષ્ટ્રીય મેચમાં 1,231 રન બનાવ્યા છે. આ દરમિયાન તેની સરેરાશ 39.70 અને સ્ટ્રાઈક રેટ 172.89 રહ્યો છે. તેના નામે એક સદી અને સાત અડધી સદી નોંધાયેલી છે. IPLમાં સારું પ્રદર્શન કર્યું છે ટિમ ડેવિડનું IPLમાં પણ પ્રભાવશાળી પ્રદર્શન રહ્યું છે. તે ફિનિશરની ભૂમિકામાં સતત ઉપયોગમાં લેવાયો છે અને મર્યાદિત બોલમાં ઝડપથી રન બનાવવાની ક્ષમતા માટે ઓળખાય છે. નંબર-4, નંબર-5 એ 197ના સ્ટ્રાઈક રેટથી રન બનાવ્યા છે આ વર્ષે ઓસ્ટ્રેલિયા માટે તેને બેટિંગ ક્રમમાં ઉપર મોકલ્યો. નંબર ચાર અને પાંચ પર બેટિંગ કરતા તેણે 10 ઈનિંગ્સમાં 395 રન બનાવ્યા.



# બિગ બોસની ટ્રોફી હાર્યા બાદ ફરહાનાનો ગુસ્સો ફાટ્યો



**મુંબઈ, તા. 27**

'બિગ બોસ 19' ની આ સીઝન ડ્રામા, ઈમોશન અને જબરદસ્ત ગેમપ્લેનો સંગમ રહી. આ સિઝનમાં પોતાની સાદગી, ઈમાનદારી અને દમદાર અંદાજથી દર્શકોનું દિલ જીતનાર ફરહાના ભટ્ટે ફાઈનલ સુધીની સફર ખેડીને બીજું સ્થાન મેળવ્યું. ઘરની બહાર આવતા જ ફરહાનાએ પોતાના અનુભવો, સંબંધો અને શોના વિજેતા ગૌરવ વિશે ખુલીને વાત કરી. તેનું કહેવું છે કે તે ગૌરવમાં કોઈ વિનર ક્વોલિટી નથી અને જો દર્શકોએ તેને જીતાડ્યો ન હોત, તો કદાચ તે ક્યારેય આ ટ્રોફી પોતાના નામે કરી શક્યા ન હોત. 'બિગ બોસ'માંથી બહાર આવીને શું જલ્દી જ અમે તને 70 એમએમના મોટા પડદા પર ફરીથી જોવાના છીએ? ચોક્કસ, મારી તો હંમેશાથી એ જ ઈચ્છા રહી છે કે હું સારા લોકો અને સારી ટીમ સાથે કામ કરું. હાલમાં હું ઘરની બહાર આવી છું, માહોલ અને તકોને સમજી રહી છું. જોઈએ કે આગળ શું-શું ઓફર આવે છે અને કયું કામ મારા માટે યોગ્ય રહેશે. આશા છે કે જલ્દી જ દર્શકોને મારા નવા પ્રોજેક્ટ્સ જોવા મળશે.શું તમને એ વાતનો અફસોસ છે કે ટ્રોફીની આટલી નજીક પહોંચીને પણ તમે તેને જીતી શક્યા નહીં? ના, બિલકુલ નહીં. હું દુઃખી નથી, પરંતુ ખૂબ ખુશ છું કે દર્શકોએ મને આટલો પ્રેમ આપ્યો. લોકો કહી રહ્યા હતા કે આ સિઝન મારા નામથી ઓળખાશે, આનાથી મોટું સન્માન બીજું શું હોઈ શકે? જીતવું મારા નસીબમાં જેટલું લખ્યું હતું, તેટલું મેં મેળવી લીધું છે. મારા માટે આ પ્રેમ જ સૌથી મોટી જીત છે. અચાનક તમે બિગ બોસ હાઉસમાં આટલાં 'શેરની' કેવી રીતે બની ગયાં? જ્યારે હું સિક્રેટ રૂમમાં ગઈ અને ત્યાંથી એક પછી એક બધાની અસલિયત દેખાવા લાગી કે કોણ મારી પીઠ પાછળ શું વાત કરે છે, ત્યારે મને ઘણું બધું સમજાયું. બસીર અમાલને હું મારી મિત્ર માનતી હતી, તેની સાથે પ્રેમ અને ઈજ્જતથી વાત કરતી હતી, પરંતુ તેણે મારા વિશે જે વાતો કહી, તેમાં કોઈ કસર છોડી નહીં. તે બધાએ મને વધુ મજબૂત બનાવી અને ત્યારે જ મેં નક્કી કરી લીધું કે હવે હું કોઈના પણ ખોટા વર્તનને જવાબ આપ્યા વિના છોડીશ નહીં. સામાન્ય રીતે છોકરીઓની મિત્રતા ઓછી જોવા મળે છે. શું તમારી અને નેહલની મિત્રતા બિગ બોસની બહાર પણ જોવા મળશે? નેહલ સાથે મારી બોન્ડિંગ સારી હતી, પરંતુ શો દરમિયાન અને હવે બહાર આવ્યા પછી કેટલીક વાતો સામે આવી છે જેના પર મને સ્પષ્ટતા જોઈએ છે. હું કોઈપણ સંબંધને ઉતાવળમાં આગળ વધારવા માંગતી નથી. જ્યારે બધી વાતો સ્પષ્ટ થશે.

# રિયા ચક્રવર્તી માં બનવા માગે છે

### એક્ટ્રેસે એગ્ઝ ફ્રી કરાવવા માટે ગાયનેકોલોજિસ્ટની સલાહ લીધી; કહ્યું,'બોડી ક્લોક કહે છે હવે બાળક પેદા કરો'



**મુંબઈ, તા. 27**

બોલિવૂડ એક્ટ્રેસ રિયા ચક્રવર્તી સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહે છે અને પોતાના સ્પષ્ટ નિવેદનોને કારણે ચર્ચામાં રહે છે. તાજેતરમાં જ, તેણે એગ ફ્રીઝિંગનો ઉલ્લેખ કર્યો અને જણાવ્યું કે તે આ માટે ડૉક્ટર પાસે પહોંચી હતી. તેણે મહિલાઓ પર લગ્ન અને બાળક કરવાના દબાણ વિશે પણ વાત કરી. બોલિવૂડ એક્ટ્રેસ અને પોડકાસ્ટર રિયા ચક્રવર્તીએ તેના પોડકાસ્ટ 'ચેપ્ટર 2' ના નવા એપિસોડમાં ખૂબ જ અંગત નિર્ણય શેર કર્યો છે. ગેસ્ટ હુમા કુરેશીની સામે, રિયાએ ખુલાસો કર્યો કે તે 33 વર્ષની ઉંમરે એગ ફ્રીઝિંગ કરાવવાનું વિચારી રહી છે અને આ માટે તેણે તાજેતરમાં જ ગાયનેકોલોજિસ્ટની સલાહ લીધી છે. રિયા ચક્રવર્તીએ પોડકાસ્ટમાં હુમા કુરેશી સાથેની વાતચીતમાં તેના મનની વાત કરી અને સાથે જ કરિયર અને બાળક પેદા કરવાના દબાણ વિશે વાત કરી. આ વાતચીતમાં તેણે કહ્યું, 'હું 33 વર્ષની છું અને તાજેતરમાં જ એગ ફ્રીઝિંગ માટે ગાયનેકોલોજિસ્ટ પાસે ગઈ હતી. હું તેના વિશે વિચારી રહી છું.' તેણે આગળ જણાવ્યું કે આ નિર્ણય કેટલો મુશ્કેલ છે, 'આ એક ખૂબ જ વિચિત્ર જગ્યા છે. તમારું બોડી ક્લોક કહે છે કે હવે બાળકો પેદા કરો, પરંતુ તમારું મન કહે છે કે તમારું બાળક તો પહેલાથી જ છે. તમારી બ્રાન્ડ, તમારો બિઝનેસ છે, પહેલા તેને ઉછેરો.' રિયાએ સ્પષ્ટ કહ્યું કે એગ ફ્રીઝિંગ કોઈ રોમેન્ટિક નિર્ણય નથી. 'એગ ફ્રીઝિંગ ત્રાસદાયક છે... ખૂબ પીડાદાયક છે.

# વી. શાંતારામની બાયોપિકમાંથી તમન્ના ભાટિયાનો લુક રિવીલ

### ગુજરાતી થિયેટરથી કરિયર શરૂ કરનાર એક્ટ્રેસ અને વી. શાંતારામના પત્ની જયશ્રીનું પાત્ર ભજવશે



**મુંબઈ, તા. 27**

ફિલ્મમેકર વી. શાંતારામના જીવન પર બની રહેલી બાયોગ્રાફિકલ ફિલ્મ 'વી. શાંતારામ'નું શૂટિંગ શરૂ થઈ ગયું છે. આ ફિલ્મમાં 'ગલી બોય' ફેમ સિદ્ધાંત ચતુર્વેદી શાંતારામનું પાત્ર ભજવી રહ્યા છે. શાંતારામ ભારતીય સિનેમાના જાણીતા ફિલ્મમેકર, સમાજ સુધારક અને કલાકાર હતા. ફિલ્મમાં શાંતારામના પત્નીનું પાત્ર ભજવનાર એક્ટ્રેસ તમન્ના ભાટિયાનો પહેલો લુક રિવીલ થયો છે. આ ફિલ્મમાં એક્ટ્રેસ તમન્ના ભાટિયા, શાંતારામના પત્ની અને જાણીતા એક્ટ્રેસ જયશ્રીના પાત્રમાં જોવા મળશે. મંગળવારે ફિલ્મ સાથે જોડાયેલું નવું પોસ્ટર સામે આવ્યું છે, જેમાં તમન્ના ગુલાબી નવ્વારી સાડીમાં દેખાઈ રહી છે. તેનો લુક જૂના જમાનાની યાદ અપાવે છે. તમન્ના શાંતારામના પત્ની જયશ્રીનું પાત્ર ભજવી રહી છે, જેમણે ગુજરાતી થિયેટરથી કરિયરની શરૂઆત કરી હતી. તમન્ના શાંતારામના પત્ની જયશ્રીનું પાત્ર ભજવી રહી છે, જેમણે ગુજરાતી થિયેટરથી કરિયરની શરૂઆત કરી હતી. જયશ્રીએ ગુજરાતી થિયેટરથી કરિયરની શરૂઆત કરી હતી, જયશ્રી ભારતીય સિનેમાના જાણીતા એક્ટ્રેસ અને સિંગર હતાં. તેમણે ગુજરાતી થિયેટરથી કારકિર્દી શરૂ કરી અને બાદમાં ફિલ્મોમાં આવ્યાં. જયશ્રીએ વી. શાંતારામ દ્વારા નિર્દેશિત ફિલ્મો જેવી કે, 'શકુંતલા', 'ડો. કોટનીસ કી અમર કહાની', 'દહેજ' અને 'પરછાઈયાં'માં કામ કર્યું હતું. જયશ્રીએ 1941માં વી. શાંતારામ સાથે લગ્ન કર્યા અને 1956માં તેમના છૂટાછેડા થઈ ગયા. જયશ્રીએ 1941માં વી. શાંતારામ સાથે લગ્ન કર્યા અને 1956માં તેમના છૂટાછેડા થઈ ગયા. 'આ પાત્ર ભજવવું મારા માટે મોટી જવાબદારી': તમન્ના તમન્ના ભાટિયાએ પોતાના પાત્ર વિશે વાત કરતા કહ્યું, 'આ પાત્ર ભજવવું એક મોટી જવાબદારી છે. જયશ્રી એ સમયનો ભાગ હતાં, જે ભારતીય સિનેમા માટે ખૂબ જ મહત્વપૂર્ણ હતો. તેમણે પોતાના કામમાં જેટલી શાલીનતા અને ગરિમા દર્શાવી, તે પ્રેરણાદાયક છે. વી. શાંતારામની દુનિયાને સમજવી મારા માટે એક ખાસ અનુભવ રહ્યો.'

### લાઈકા લેન્સ સાથે 200 મેગાપિક્સલ કેમેરા અને 6800mAh બેટરી, પ્રારંભિક કિંમત ₹89,450

# શાઓમી 17 અલ્ટ્રા ફ્લેગશિપ સ્માર્ટફોન લોન્ચ

## ફોનથી 8K વીડિયો રેકોર્ડ કરી શકાય છે. જ્યારે, સેલ્ફી અને વીડિયો કોલિંગ માટે ફોનમાં 50 મેગાપિક્સલનો ફ્રન્ટ કેમેરા મળશે

**નવી દિલ્હી, તા. 27**

ટેક કંપની શાઓમીએ તેના હોમ માર્કેટ ચીનમાં નવો ફ્લેગશિપ સ્માર્ટફોન શાઓમી 17 અલ્ટ્રા લોન્ચ કર્યો છે. ફોનને સ્નેપડ્રેગન 8 એલાઈટ જનરલ 5 પ્રોસેસર, 200 મેગાપિક્સલ કેમેરા અને 6800mAh બેટરી સાથે રજૂ કરવામાં આવ્યો છે. ફોનને ત્રણ સ્ટોરેજ વેરિઅન્ટમાં રજૂ કરવામાં આવ્યો છે. તેની પ્રારંભિક કિંમત 6999 યુઆન (લગભગ 89,450) છે. તેના લાઈકા એડિશનની કિંમત લગભગ 1 લાખ રૂપિયા છે. ફોનમાં ચાર કલર ઓપ્શન- બ્લેક, વ્હાઈટ, કૂલ પર્પલ અને સ્ટારી સ્કાય ગ્રીન મળશે. કંપનીએ તાજેતરમાં શાઓમી 17, 17 પ્રો અને પ્રો મેક્સ મોડલ ચીનમાં લોન્ચ કર્યા હતા. શાઓમી 2026માં 17 સિરીઝના તમામ મોડલ ભારતમાં લોન્ચ કરવાની તૈયારી કરી રહી છે. કંપનીએ 17, 17 પ્રો અને પ્રો મેક્સ મોડલ્સને દિલ્હીમાં યોજાયેલા એક ઈવેન્ટમાં રજૂ કર્યા હતા. કેમેરા: શાઓમી 17 અલ્ટ્રામાં ફોટોગ્રાફી માટે લાઈકા લેન્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે. મોબાઈલના બેક પેનલ પર ટ્રિપલ કેમેરા સેટઅપ આપવામાં આવ્યું છે. તેમાં 50 મેગાપિક્સલ લાઈટ ફ્યુઝન 1050L મેઈન સેન્સર, 50 મેગાપિક્સલ અલ્ટ્રા વાઈડ એંગલ લેન્સ અને 200 મેગાપિક્સલ 3.2-4.3x પેરિસ્કોપ ટેલિફોટો લેન્સ શામેલ છે. ફોનથી 8K વીડિયો રેકોર્ડ કરી શકાય છે. જ્યારે, સેલ્ફી અને વીડિયો કોલિંગ માટે ફોનમાં 50 મેગાપિક્સલનો ફ્રન્ટ કેમેરા મળશે. ડિસ્પ્લે: શાઓમી 17 અલ્ટ્રામાં 2608 x 1200 પિક્સેલ રિઝોલ્યુશનવાળો 6.9 ઈંચનો 2K ડિસ્પ્લે આપવામાં આવ્યો છે. M10 ઓલેડ પેનલ પર બનેલી આ સ્ક્રીન 120Hz રિફ્રેશ રેટ પર કામ કરે છે. તેની PWM ડિમિંગ 1920 હર્ટ્ઝ અને પીક બ્રાઈટનેસ 3500 નિટ્સ છે. કંપનીએ ફોન સ્ક્રીનને ડોલ્બી વિઝન અને DC ડિમિંગથી પણ સજ્જ કરી છે. મોબાઈલ ઈન-ડિસ્પ્લે 3D અલ્ટ્રાસોનિક ફિંગરપ્રિન્ટ સેન્સરને સપોર્ટ કરે છે અને સ્ક્રીન પર શાઓમી શીલ્ડ ગ્લાસ 3.0નું પ્રોટેક્શન આપવામાં આવ્યું છે. પર્ફોર્મન્સ: શાઓમી 17 અલ્ટ્રા એન્ડ્રોઈડ 16 પર આધારિત શાઓમી હાઈપર OS 3.0 પર કામ કરે છે. પર્ફોર્મન્સ માટે સ્માર્ટફોનમાં 3 નેનોમીટર ફેબ્રિકેશન્સ પર બનેલો ક્વોલકોમનો સ્નેપડ્રેગન 8 એલાઈટ જનરલ 5 ઓક્ટા-કોર પ્રોસેસર આપવામાં આવ્યું છે, જે 4.6GHz સુધીની ક્લોક સ્પીડ પર રન કરી શકે છે. AI ક્ષમતા માટે તેમાં હેક્ઝાગોન NPU અને બહેતર નેટવર્ક કનેક્ટિવિટી માટે X85 5G મોડેમ RF સિસ્ટમ લગાવવામાં આવી છે. ગ્રાફિક્સ માટે શાઓમી 17 અલ્ટ્રા એડ્રેનો 840 GPU સપોર્ટ કરે છે. શાઓમી 17 અલ્ટ્રામાં કંપનીએ 3D ડ્યુઅલ ચેનલ આઈસલૂપ સિસ્ટમ લગાવી છે, જે પાછલી જનરેશનની સરખામણીમાં 50% બહેતર થર્મલ કૂલિંગ આપે છે. જ્યારે આ ફોનથી એપલ આઈફોન, આઈપેડ અને મેક પણ કનેક્ટ અને કંટ્રોલ કરી શકાય છે.



## આ અઠવાડિયે સોના-ચાંદીના ભાવે હદ પાર કરી : સપ્તાહમાં ચાંદી રૂ.27,771 મોંઘી થઈ

### વર્ષમાં 165% ભાવ વધ્યો; સોનું 61 હજાર મોંઘું થયું: તેજીનાં કારણો જાણો

**નવી દિલ્હી, તા. 27**

ચાંદીની કિંમતમાં સતત પાંચમા અઠવાડિયે તેજી જોવા મળી. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન (IBJA) અનુસાર 19 ડિસેમ્બરે એક કિલો ચાંદીની કિંમત 2,00,336 રૂપિયા હતી, જે એક અઠવાડિયામાં 27,771 રૂપિયા વધીને 26 ડિસેમ્બરે 2,28,107 રૂપિયા/કિલો પર પહોંચી ગઈ છે. આ અઠવાડિયે ચાંદીએ ભાવ સતત ચાર દિવસ ઓલ ટાઈમ હાઈ બનાવ્યો અને અઠવાડિયાના છેલ્લા દિવસે શુક્રવારે 9,124 રૂપિયા વધીને બંધ થઈ. આ તરફ સોનામાં પણ તેજી રહી. ગયા અઠવાડિયાના છેલ્લા કારોબારી દિવસે એટલે કે 19 ડિસેમ્બરે 10 ગ્રામ 24 કેરેટ સોનું 1,31,779 રૂપિયાનું હતું. એ એક અઠવાડિયામાં 6,177 રૂપિયા મોંઘું થઈને શુક્રવાર, 26 ડિસેમ્બરે 1,37,956 રૂપિયા પર પહોંચી ગયું. આ સોનાની સૌથી ઊંચી કિંમત છે. સોનું ખરીદતી વખતે આ 2 બાબતોનું ધ્યાન રાખો, સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશાં બ્યૂરો ઓફ ઈન્ડિયન



સ્ટાન્ડર્ડ (BIS)નો હોલમાર્ક લાગેલો સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યૂમેરિક એટલે કે કંઈક આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે. કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે એની કિંમત ઘણા સોર્સિસ (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશનની વેબસાઈટ)થી ક્રોસ ચેક કરો.

# EPFO ઓફિસો હવે પાસપોર્ટ સેવા કેન્દ્ર જેવી બનશે

### PF ખાતાધારકો માટે 'સિંગલ-વિન્ડો સર્વિસ સેન્ટર'ની સુવિધા; કોઈપણ શહેરની ઓફિસમાં તમામ કામ થશે

**મુંબઈ, તા. 27**

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી મનસુખ માંડવિયાએ શુક્રવારે કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) ના કામકાજમાં મોટા ફેરફારોની જાહેરાત કરી છે. હવે દેશની તમામ EPFO ઓફિસોને પાસપોર્ટ સેવા કેન્દ્રોની જેમ 'સિંગલ-વિન્ડો સ ર્વિસ સેન્ટર'માં બદલવામાં આવશે. તેનો સૌથી મોટો ફાયદો એ થશે કે PF ખાતાધારકો દેશની કોઈપણ પ્રાદેશિક કચેરી એટલે કે રિજનલ ઓફિસમાં જઈને પોતાની સમસ્યાઓનું નિરાકરણ લાવી શકશે. હવે તેમને તે ખાસ ઓફિસના ધક્કા ખાવા નહીં પડે, જ્યાં તેમનું પીએફ ખાતું રજીસ્ટર થયેલું છે. અમદાવાદના વટવામાં EPFOના નવા 'ભવિષ્ય નિધિ ભવન'ના ઉદ્ઘાટન દરમિયાન મંત્રી માંડવિયાએ જણાવ્યું કે, આ નવી વ્યવસ્થાનો ટ્રાયલ દિલ્હીમાં શરૂ થઈ ચૂક્યો છે. પહેલા નિયમ એ હતો કે કર્મચારીને પોતાની ફરિયાદો કે દાવાઓ માટે તે જ પ્રાદેશિક કાર્યાલયે જવું પડતું હતું, જેનાથી તેની સંસ્થા જોડાયેલી હતી. હવે આધુનિક ટેકનોલોજીની મદદથી તેને સંપૂર્ણપણે ડિજિટલ અને કનેક્ટેડ બનાવવામાં આવી રહ્યું છે, જેથી કોઈપણ શહેરનો વ્યક્તિ નજીકની EPFO ઓફિસ જઈને પોતાનું કામ કરાવી શકે. સરકાર ટૂંક સમયમાં 'EPF સુવિધા પ્રોવાઈડર'ની નવી મિકેનિઝમ લોન્ચ કરશે. આ અધિકૃત ફેસિલિટેટર હશે, જે એવા કર્મચારીઓને મદદ કરશે જેમને ડિજિટલ સિસ્ટમ ચલાવવામાં મુશ્કેલી પડે છે અથવા જેઓ પહેલીવાર PF સાથે જોડાઈ રહ્યા છે. આ સુવિધા પ્રોવાઈડર નાગરિકો અને EPFO



વચ્ચે એક પુલ તરીકે કામ કરશે અને દાવાઓ એટલે કે ક્લેમ્સના નિરાકરણમાં માર્ગદર્શન આપશે. દેશના લાખો કર્મચારીઓના પૈસા એવા EPF ખાતાઓમાં ફસાયેલા છે, જે વર્ષોથી બંધ અથવા ઈનઓપરેટિવ પડ્યા છે. શ્રમ અને રોજગાર મંત્રીએ કહ્યું કે EPFO હવે આ ખાતાઓ માટે 'મિશન મોડ'માં KYC વેરિફિકેશન કરશે. આ માટે એક સમર્પિત ડિજિટલ પ્લેટફોર્મ લોન્ચ કરવામાં આવશે. તેનાથી તે ખાતાધારકો અથવા તેમના વારસદારોની ઓળખ કરીને તેમને હકના પૈસા સુરક્ષિત રીતે પરત કરી શકાશે. ભારત હવે તેના મુક્ત વ્યાપાર કરારો (FTAs)માં સોશિયલ સિક્યોરિટી ક્લોઝને પણ સામેલ કરી રહ્યું છે. માંડવિયાએ જણાવ્યું કે ભારત-યુકે કરારની જેમ હવે અન્ય દેશો સાથે થનારી ડીલમાં પણ આ જોગવાઈ હશે કે જો કોઈ ભારતીય કર્મચારી વિદેશમાં કામ કરીને પાછો ફરે છે, તો તેનું ત્યાં જમા PF કન્ટ્રીબ્યુશન નકામું નહીં જાય.

# ચોથી જનરેશન રેનો ડસ્ટર 26 જાન્યુઆરીએ રજૂ થશે : SUVમાં હાઈબ્રિડ સાથે ત્રણ એન્જિન વિકલ્પો મળશે

**નવી દિલ્હી, તા. 27**

રેનો ઈન્ડિયા 26 જાન્યુઆરીએ ભારતીય બજારમાં તેની લોકપ્રિય SUV ડસ્ટરનું ચોથી જનરેશન મોડેલ રજૂ કરવાની તૈયારી કરી રહી છે. ફ્રેન્ચ કાર નિર્માતા કંપનીએ 25 ડિસેમ્બરે કારનું પહેલું ટીઝર જાહેર કર્યું છે. વર્ષ 2012માં પ્રથમ વખત લોન્ચ થયેલી ડસ્ટરે ભારતમાં કોમ્પેક્ટ SUV સેગમેન્ટની શરૂઆત કરી હતી, જેને 2022માં બંધ કરી દેવામાં આવી હતી. હવે કંપની તેને બિલકુલ નવા અવતાર અને એડવાન્સ ફીચર્સ સાથે ફરીથી રજૂ કરી રહી છે. કારના ટીઝર વીડિયોમાં જૂની ડસ્ટરની યાદો બતાવવામાં આવી છે. તેમાં બાળકના રમકડાનું મોડેલ, જૂની ડસ્ટરનું રફ ટેરેન પર ચાલવું અને ગેંગ્સ ઓફ ડસ્ટર કમ્યુનિટીના વિઝ્યુઅલ છે. અંતે નવી ડસ્ટર લાલ કવરમાં બતાવવામાં આવી, સાથે LED DRL અને રિયર લાઈટિંગ હાઈલાઈટ કરવામાં આવી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, નવી ડસ્ટર 10-20 લાખ રૂપિયાની આસપાસ લોન્ચ થઈ શકે છે. ભારતીય બજારમાં તેનો મુકાબલો હ્યુન્ડાઈ ક્રેટા, ટાટા હેરિયર, કિયા સેલ્ટોસ, ફોક્સવેગન ટાઈગુન,



સ્કોડા કુશાક, મારુતિ સુઝુકી ગ્રાન્ડ વિટારા અને ટોયોટા અર્બન ક્રુઝર હાઈરાઈડર સાથે થશે. નવી જનરેશન ડસ્ટરને CMF-B પ્લેટફોર્મ પર બનાવવામાં આવી છે. આ પ્લેટફોર્મને ડેસિયા, રેનો અને નિસાન દ્વારા સંયુક્ત રીતે વિકસાવવામાં આવ્યું છે. નવી ડસ્ટરની ડિઝાઈન ગ્લોબલ માર્કેટમાં વેચાતા મોડેલ ડેસિયાથી પ્રેરિત હશે. કારનો લુક પહેલા કરતા વધુ એગ્રેસિવ છે. ગાડીમાં Y-આકારની LED હેડલાઈટ્સ, વર્ટિકલ એર ઈનલેટ્સ સાથે નવા ડિઝાઈનના ફ્રન્ટ બમ્પર અને સ્કિડ પ્લેટ્સ છે. આ ઉપરાંત, ગાડીમાં નવા ડિઝાઈનનું બોનેટ, ચોરસ વ્હીલ આર્ચ, V-આકારની ટેલલાઈટ્સ મળે છે. કાર 5 અને 7 સીટોના વિકલ્પ સાથે આવશે. તેની લંબાઈને હાલના મોડેલથી વધારીને 4340mm કરવામાં આવી છે, જ્યારે વ્હીલબેઝને ઘટાડીને 2,657mm કરવામાં આવ્યો છે.

# કાવાસાકી નિન્જા 650નું અપડેટેડ વર્ઝન લોન્ચ : E20 કમ્પ્લાયન્ટ એન્જિન સાથે ટ્રેક્શન કંટ્રોલ સેફ્ટી ફીચર; બાઈકની કિંમત ₹7.91 લાખ

**નવી દિલ્હી, તા. 27**

ટુ-વ્હીલર મેકર કંપની કાવાસાકીએ 24 ડિસેમ્બરે તેની લોકપ્રિય મિડલવેટ સ્પોર્ટ્સ બાઈક 'કાવાસાકી નિન્જા 650'નું અપડેટેડ 2026 મોડેલ લોન્ચ કર્યું છે. મોટરસાઈકલમાં હવે OBD2B એમિશન નોર્મ્સને અનુરૂપ અપડેટેડ એન્જિન આપવામાં આવ્યું છે અને તે E20 પેટ્રોલ (20% ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ) પર પણ ચાલી શકશે. બાઈકમાં ડ્યુઅલ-ચેનલ ABS સાથે ટ્રેક્શન કંટ્રોલ સિસ્ટમ મળે છે. તેની કિંમત એક્સ-શોરૂમ 7.91 લાખ રૂપિયા રાખવામાં આવી છે. નવા અપડેટ સાથે બાઈકની કિંમતમાં 14,000 રૂપિયાનો વધારો થયો છે. આ 'ટ્રાયમ્ફ ડેટોના 660', 'યામાહા R15 400' અને 'હોન્ડા CBR650R' જેવી મોટરસાઈકલને ટક્કર આપે છે.

ડિઝાઈન વિશે વાત કરીએ તો, '2026 નિન્જા 650'માં બહુ મોટા ફેરફારો કરવામાં આવ્યા નથી, પરંતુ તેને ફ્રેશ દેખાવ આપવા માટે નવી લિવરી (ગ્રાફિક્સ) નો ઉપયોગ કરવામાં આવ્યો છે. બાઈક તેના સિગ્નેચર 'લાઈમ ગ્રીન' કલર શેડમાં જ ઉપલબ્ધ છે. તેમાં શાર્પ ટ્વીન LED હેડલેમ્પ્સ, મસ્ક્યુલર ફ્યુઅલ ટેન્ક, લેયર્ડ ફેરિંગ, ફેરિંગ માઉન્ટેડ ORVMs, અંડરબેલી એક્ઝોસ્ટ, ફ્લશ-ફિટ વિન્ડશિલ્ડ અને અપર કાઉલ આપવામાં આવ્યું છે, જે તેને આક્રમક સ્પોર્ટી લુક આપે છે. નવી ગ્રાફિક ડિઝાઈન થોડા સમય પહેલા ઈન્ટરનેશનલ માર્કેટમાં રજૂ કરવામાં આવી હતી, જેને હવે ભારતમાં લાવવામાં આવી છે. આ ઉપરાંત, લેટેસ્ટ બાઈકમાં LED ટેલલાઈટ્સ, ફેન્સી એલ્યુમિનિયમ સ્વિંગઆર્મ, ફેરિંગમાં લાગેલા હેલોજન ટર્ન ઈન્ડિકેટર્સ, પાછળની તરફ સ્ટેપ્ડ સીટ, થોડું સીધું રાઈડિંગ પોસ્ચર અને ન્યુટ્રલ ફૂટપેગ મળે છે. '2026 કાવાસાકી નિન્જા 650'માં 649ccનું 4 સ્ટ્રોક, પેરેલલ-ટ્વીન, DOHC 8 વાલ્વ, લિક્વિડ કૂલ્ડ એન્જિન આપવામાં આવ્યું છે, જે 8000rpm પર 68hp પાવર અને 6700rpm પર 48.5Nm ટોર્ક જનરેટ કરે છે.ટ્રાન્સમિશન માટે એન્જિનને આસિસ્ટ સ્લિપર ક્લચ સાથે 6-સ્પીડ ગિયરબોક્સ સાથે ટ્યુન કરવામાં આવ્યું છે. હવે આ એન્જિન સ્મૂથ રાઈડિંગ અને શિફ્ટિંગ સાથે E20 ફ્યુઅલ રેડી છે, એટલે કે, તે પર્યાવરણને અનુકૂળ હોવા ઉપરાંત બહેતર પર્ફોર્મન્સ આપશે. બાઈકને ટ્રેલિસ ફ્રેમ પર ડિઝાઈન કરવામાં આવી છે. કમ્ફર્ટ રાઈડિંગ માટે નિન્જા 650ના ફ્રન્ટમાં 41mmના હાઈડ્રોલિક ટેલિસ્કોપિક ફોર્ક્સ અને રિયરમાં પ્રી-લોડ એડજસ્ટેબલ મોનોશોક સસ્પેન્શન આપવામાં આવ્યું છે. બ્રેકિંગ માટે બાઈકના ફ્રન્ટમાં 300mmના પેટલ-ટાઈપ ડિસ્ક સાથે 2 પિસ્ટન કેલિપર્સ બ્રેક યુનિટ આપવામાં આવી છે. જ્યારે, રિયરમાં 220mmના પેટલ-ટાઈપ ડિસ્ક સાથે સિંગલ પિસ્ટન કેલિપર્સ બ્રેક યુનિટ મળે છે. સુરક્ષાના દૃષ્ટિકોણથી, તેમાં ડ્યુઅલ-ચેનલ ABS (એન્ટી-લોક બ્રેકિંગ સિસ્ટમ) સ્ટાન્ડર્ડ આપવામાં આવ્યું છે, જે અચાનક બ્રેક લગાવવા પર વ્હીલ્સને લોક થતા અટકાવે છે. 2026 મોડેલમાં 4.3-ઈંચનું ફુલ-કલર TFT ઈન્સ્ટ્રુમેન્ટ ક્લસ્ટર આપવામાં આવ્યું છે. તેમાં કાવાસાકીની રેડિયોલોજી એપ દ્વારા સ્માર્ટફોન કનેક્ટિવિટી મળે છે, જેનાથી યુઝર કોલ/મેસેજ એલર્ટ અને નેવિગેશન જેવી માહિતી જોઈ શકે છે. બાઈકમાં કાવાસાકી ટ્રેક્શન કંટ્રોલ (KTRC) સિસ્ટમ આપવામાં આવી છે. તેમાં બે મોડ મળે છે - મોડ 1 સ્પોર્ટ્સ રાઈડિંગ માટે અને મોડ 2 ખરાબ અથવા ભીના રસ્તાઓ પર સારી પકડ માટે છે. તેને સંપૂર્ણપણે બંધ પણ કરી શકાય છે.



# પર્સનલ લોન એપ્સ પર ડેટા ચોરી અને હેરેસમેન્ટનો ખતરો

**નવી દિલ્હી, તા. 27**

ઓનલાઈન પર્સનલ લોન લેવી આજકાલ ખૂબ જ સરળ બની ગઈ છે. ફક્ત પાન, આધાર અને બેંક સ્ટેટમેન્ટ અપલોડ કરો અને થોડી જ મિનિટોમાં પૈસા ખાતામાં આવી જાય છે. આ સુવિધા જેટલી સરળ દેખાય છે, તેટલી જ જોખમી પણ હોઈ શકે છે. ખરેખરમાં, લોન માટે અરજી કરતી વખતે તમે ફક્ત તમારી કમાણીની માહિતી જ નથી આપતા, પરંતુ તમારી ઓળખ, ખર્ચ કરવાની ટેવો અને ઘણીવાર તમારા અંગત સંપર્કો સુધીનો એક્સેસ પણ અજાણતા એપ્સને આપી દો છો.

**ઓનલાઈન એપ્સ વચેટિયા જેવી, ડેટા ચોરીનો ખતરો**

મોટાભાગના લોકો એ નથી જોતા કે તેઓ લોન માટે ક્યાં અરજી કરી રહ્યા છે. કોઈ જાણીતી બેંક કે રજિસ્ટર્ડ NBFC (નોન-બેંકિંગ ફાઈનાન્સિયલ કંપની) અને કોઈ રેન્ડમ લોન એપમાં જમીન-આસમાનનો ફરક હોય છે. બેંકો RBIના નિયમોથી બંધાયેલી હોય છે અને તેમનું નિયમિત ઓડિટિંગ થાય છે. જ્યારે, ઘણી ઈન્સ્ટન્ટ-લોન એપ્સ ફક્ત વચેટિયા હોય છે. તેમનું કામ તમારો ડેટા એકત્રિત કરવો અને તેને આગળ વેચવાનું હોય છે. આવા કિસ્સામાં તમારો ડેટા ઘણા હાથોમાંથી પસાર થાય છે, જેનાથી પ્રાઈવસીનો ખતરો વધી જાય છે.

**સંપર્કો અને ગેલેરીનો એક્સેસ આપવો જરૂરી નથી**

લોન એપ્સ ઘણીવાર તમારા ફોનના સંપર્કો, કોલ લોગ્સ, ફોટા અને લોકેશનનો એક્સેસ માગે છે. ક્રેડિટ સ્કોર તપાસવા માટે આ વસ્તુઓની કોઈ જરૂર હોતી નથી. જૂના કિસ્સાઓમાં જોવા મળ્યું છે કે જ્યારે લોકો સમયસર લોન ચૂકવી શક્યા નહીં, ત્યારે આ એપ્સે તેમના સંબંધીઓ અને મિત્રોને ફોન કરીને પરેશાન કર્યા. જોકે રેગ્યુલેટર્સે આના પર કડકાઈ કરી છે, પરંતુ આ સંપૂર્ણપણે સમાપ્ત થયું નથી. જો કોઈ એપ બિનજરૂરી પરવાનગી માગી રહ્યું છે, તો સમજી લો કે કંઈક ગડબડ છે.

**લોન રિજેક્ટ થયા પછી પણ ડેટા ડિલીટ થતો નથી**

ઘણીવાર લોકો વિચારે છે કે જો લોન ન મળી તો ડેટા સુરક્ષિત છે, પરંતુ એવું નથી થતું. તમારા દસ્તાવેજો અને આઈડી વર્ષો સુધી આ કંપનીઓના સર્વર પર સંગ્રહિત રહે છે. પ્રાઈવસી પોલિસીમાં 'બિઝનેસ પર્પસ' અથવા 'એનાલિસિસ'ના નામે ડેટાને પોતાના પાર્ટનર કે વેન્ડર્સ સાથે શેર કરવાની છૂટ લઈ લેવામાં આવે છે. આ જ કારણ છે કે એકવાર લોન એપ્લાય કર્યા પછી તમારી પાસે અનિચ્છનીય કોલ્સ અને સ્પામ મેસેજની ભરમાર આવી જાય છે.

**ટર્મ્સ એન્ડ કન્ડિશન્સ વાંચીને જ 'એગ્રી' પર ક્લિક કરો**

જ્યારે કોઈને પૈસાની સખત જરૂર હોય છે, ત્યારે તે ઘણીવાર પ્રાઈવસી પોલિસી કે ટર્મ્સ એન્ડ કન્ડિશન્સ વાંચ્યા વિના 'એગ્રી' એટલે કે સહમત છો, પર ક્લિક કરી દે છે. કોઈપણ સવાલ વિના કે તરત જ મંજૂરી જેવા વચનો આકર્ષક તો લાગે છે, પરંતુ તેની પાછળ તમારી પ્રાઈવસીનો ભોગ લેવાઈ રહ્યો હોય છે. ડિજિટલ લોનના યુગમાં તમારી ઝડપ તમારી સુરક્ષા પર ભારે પડી શકે છે.

**ડેટાનો ખોટો ઉપયોગ થઈ રહ્યો હોય તો શું કરવું?**

જો કોઈ કંપની તમને ધમકીભર્યા ફોન કરી રહી હોય અથવા તમારા નજીકના લોકોને મેસેજ મોકલી રહી હોય, તો સૌથી પહેલા તે બધી વસ્તુઓના સ્ક્રીનશોટ લો. એપની પરમિશન તરત જ બંધ કરો અને તેને અનઈન્સ્ટોલ કરી દો. આ પછી, કંપનીના ફરિયાદ પોર્ટલ પર અને પછી RBIના લોકપાલ અથવા સાયબર સેલમાં તેની ફરિયાદ નોંધાવો. આ ફક્ત ખરાબ વર્તન નથી, પરંતુ કાનૂની અપરાધ છે.


**પશ્ચિમ રેલવે - અમદાવાદ**

**જાહેર સૂચના**

આથી જાણ કરવામાં આવે છે કે મોટી આદરજ-વિજાપુર સેક્શનની વચ્ચે મોટી આદરજ-વિજાપુર ગેજ કન્વર્ઝન પર નવી બિછાવેલી બીજી લાઇન પર પેસેન્જર અને માલગાડીઓ ચાલુ થશે અને 29.12.2025 અને 30.12.2025ના રોજ C R S નિરીક્ષણ કરવામાં આવશે. 30.12.2025ના રોજ 120 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ટ્રાયલ રન પણ કરવામાં આવશે સામાન્ય જનતાને રેલવે ટ્રેકથી દૂર રહેવાની વિનંતી કરવામાં આવે છે.

રેલવે ટ્રેક ક્રોસ કરવો અથવા રેલવે ટ્રેકની નજીક અવરજવર કરવી જીવલેણ બની શકે છે.

CPM 103

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly



**પશ્ચિમ રેલવે - અમદાવાદ મંડળ**

**નોન ફેર રેવેન્યૂ અને પે એન્ડ યુઝ કોન્ટ્રાક્ટ માટે ઈ-હરાજી સૂચના**

અમદાવાદ મંડળના નોન ફેર રેવેન્યૂ અને પે એન્ડ યુઝ કોન્ટ્રાક્ટ માટે ઈ-હરાજી સૂચના. કેટલોગ IREPS પોર્ટલ પર પહેલાથી જ અપલોડ કરવામાં આવેલ છે, અને સંક્ષિપ્ત વિગતો નીચે આપેલ છે.

| કેટલોગ નં. | કેટલોગનો પ્રકાર | શ્રેણી | ઈ-હરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|
| NFR-ADI -21-25 | જાહેરાત | • આઉટ ઓફ હોમ • ટ્રેનનો આંતરિક ભાગ • ટ્રેનનો બાહ્ય ભાગ (ફુલ ફેસ) • સ્ટેશન પરિસર પર (ડિજિટલ) • સ્ટેશન પરિસર પર (નોન-ડિજિટલ) | લોટ માટે ઈ-હરાજી સવારે 10:00 વાગ્યે શરૂ થશે. તારીખ 08.01.2026 |
| | પાર્કિંગ | મિશ્ર | |
| | પે એન્ડ યુઝ | શૌચાલય | |
| | ATM | સામાન્ય | |
| | વિવિધ સ્ટેટિક સેવાઓ | • EV ચાર્જિંગ સ્ટેશન • ડિજિટલ મોબાઇલ ચાર્જિંગ કિઓસ્ક | |

નોંધ: 1. સંભવિત બોલી લગાવનારાઓ નોંધણી અને ભાગ લેવા માટે IREPS (www.ireps.gov.in) પર ઇ-ઓક્શન લીઝિંગ મોડ્યુલની મુલાકાત લઈ શકે છે. 2. આગામી ઇ-ઓક્શન (ઝોન: પશ્ચિમ રેલ્વે, એકમ: અમદાવાદ મંડળ - વાણિજ્યિક) હેઠળ લોટ મુજબ વિગતો ઉપલબ્ધ છે. 3. પ્રારંભિક કૂલિંગ-ઓફ સમયગાળો 30 મિનિટ છે. 4. ક્રમિક લોટ બંધ થવાનો અંતરાલ 10 મિનિટ છે. 5. કોઈપણ સ્પષ્ટતા માટે, બોલી લગાવનારાઓ srdcm@adi.railnet.gov.in અથવા 9724093968 પર સંપર્ક કરી શકે છે.

ADI 241

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

### અમદાવાદના આશીર્વાદ એવન્યુના પાર્કિંગનો ગેટ બંધ હતો તે ખોલાયો, કોમ્પ્લેક્સ પાસેથી દબાણ હટાવાયા

# કોમર્શિયલ-કમ- રેસિડેન્સીમાં સ્પાની આડમાં ગોરખધંધો ચાલતો હોવાનો સ્થાનિકોનો આક્ષેપ

- **કોમર્શિયલ કોમ્પ્લેક્સમાં સ્પા ચાલે છે, જેમાં અનેક અનૈતિક કામો થાય છે. સ્પા નહીં. પરંતુ કૂટણખાનાં હોવાનો સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે.**

**અમદાવાદ, તા.27**

અમદાવાદના નરોડા વિસ્તારમાં આવેલા હરી દર્શન ચાર રસ્તા પાસે શેલ્બી હોસ્પિટલની સામે આશીર્વાદ એવન્યુ નામનું કોમર્શિયલ-કમ-રેસિડેન્સી બિલ્ડિંગ આવેલું છે. સ્થાનિક રહીશો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે કે, કોમર્શિયલ કોમ્પ્લેક્સમાં જે સ્પા ચલાવવામાં આવે છે તેમાં અનૈતિક કામો(ગોરખધંધો) થાય છે, મોડીરાત સુધી દુકાનો ચાલુ રહેતી હોય છે અને ત્યાં અસામાજિક તત્વો બેસેલા હોય છે જેના કારણે થઈને સોસાયટીના રહીશોને અવરજવરમાં ડર લાગે છે. નરોડા પોલીસ સ્ટેશનમાં આ મામલે ફરિયાદ કરવામાં આવી હતી, ત્યારે થોડા સમય માટે પોલીસ આવી અને જતી રહે છે. સોસાયટીનો બેઝમેન્ટ પાર્કિંગમાં જવાનો રસ્તો પણ કોમર્શિયલ દુકાનવાળા દ્વારા બંધ કરી દેવામાં આવ્યો હતો. આ સમગ્ર મામલે સ્થાનિક રહીશોમાં ભારે રોષ ફેલાયો છે. આ સમગ્ર મામલે હાલ એસ્ટેટ વિભાગ અને નરોડા પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. એસ્ટેટ વિભાગ દ્વારા કોમ્પ્લેક્સ પરના તમામ દબાણ દૂર કરી દેવામાં આવ્યા છે. જ્યારે નરોડા પોલીસ દ્વારા સ્થાનિક રહીશોની અને દુકાનદારો વચ્ચે જે બોલાચાલી થઈ છે તે અંગેની રજૂઆત સાંભળવા પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યા છે. પોલીસ આ મામલે હાલ સ્થાનિક રહીશોની રજૂઆતોને સાંભળી કાર્યવાહી કરશે. અમદાવાદ શહેરના નરોડા વિસ્તારમાં હરી દર્શન ચાર રસ્તા પાસે શેલ્બી હોસ્પિટલની સામે આશીર્વાદ એવન્યુ નામનું કોમર્શિયલ કોમ્પ્લેક્સ કમ રેસીડેન્ટ બિલ્ડિંગ આવેલું છે આશીર્વાદ એવન્યુમાં અંદાજે 308 જેટલા મકાનો આવેલા છે જેમાં 1000થી વધારે લોકો રહે છે. આશીર્વાદ એવન્યુના કોમ્પ્લેક્સમાં સ્થાનિક લોકોએ આક્ષેપ કર્યો છે કે કોમર્શિયલ કોમ્પ્લેક્સમાં 10થી 15 જેટલા સ્પા ચાલે છે. જેમાં અનેક અનૈતિક કામો થાય છે સ્પા નહીં પરંતુ કુટણખાના છે. જેના કારણે હેરાન પરેશાન થઈ ગયા છે આ બાબતે સ્થાનિક નરોડા પોલીસ સ્ટેશનને અવારનવાર જાણ કરવા છતાં પોલીસ આવી અને જતી રહે છે. સ્થાનિક પોલીસ દ્વારા સ્પાની સામે ફરિયાદ કરવાની જગ્યાએ સોસાયટીના લોકો સામે ફરિયાદ કરવા લઈ જાય છે.



### કોમ્પ્લેક્સ પાસેથી દબાણ દૂર કરાયા અને બંધ ગેટ ખોલાયો

આ સમગ્ર મામલે હાલ એસ્ટેટ વિભાગ અને નરોડા પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. એસ્ટેટ વિભાગ દ્વારા કોમ્પ્લેક્સ પરના તમામ દબાણ દૂર કરી દેવામાં આવ્યા છે. જ્યારે નરોડા પોલીસ દ્વારા સ્થાનિક રહીશોની અને દુકાનદારો વચ્ચે જે બોલાચાલી થઈ છે.

### આશીર્વાદ એવન્યુમાં બંને ગેટ બંધ કરતાં સ્થાનિકોનો હોબાળો

સ્થાનિક કેટલાક લોકો દ્વારા તો જણાવવામાં આવ્યું હતું કે, આ બાબતે અવારનવાર રજૂઆતો કરવા છતાં પણ અહીંયા પોલીસ દ્વારા કોઈ કાર્યવાહી થતી નથી. તરફ શહેરમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જે કોમ્પ્લેક્સ આવેલા છે તેમાં પાર્કિંગ માટેની જગ્યા હોવી જોઈએ.

**લોકોનાં ટોળાં ભેગાં થઈ ગયાં અને પોલીસ બોલાવાઈ હતી** નરોડા પોલીસ સ્ટેશનમાં સ્થાનિક રહીશો દ્વારા અવારનવાર સ્પા બાબતે અને હેરાનગતિ બાબતે રજૂઆત કરવા છતાં પણ કોઈ કાર્યવાહી ન કરવામાં આવતા પોલીસ સ્ટેશનના પીઆઈની સામે પણ સવાલો ઉભા થઈ રહ્યા છે.

# 31 ડિસેમ્બરે CG-સિંધુ ભવન રોડ તમામ વાહનો માટે બંધ

### પકવાન ચાર રસ્તાથી સાણંદ ચોકડી સુધી પાર્કિંગ પર પ્રતિબંધ; જાણો કયા વૈકલ્પિક રૂટનો ઉપયોગ કરી શકશો

**અમદાવાદ, તા.27**

31 ડિસેમ્બરે લઈને અમદાવાદ પોલીસ કમિશનર દ્વારા ટ્રાફિક ડાયવર્ઝનનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે, કારણ કે 31 ડિસેમ્બર અને 1 જાન્યુઆરીએ રાત્રિના સમયે નવા વર્ષની ઉજવણી કરવા મોટી જનમેદની ઊમટી પડતી હોય છે, જેને લઈને જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. એમાં સી.જી. રોડના સ્ટેડિયમ સર્કલથી પંચવટી સુધી 31 ડિસેમ્બરના સાંજે 6 વાગ્યાથી 1 જાન્યુઆરી મોડીરાતના 3 વાગ્યા સુધી તમામ પ્રકારનાં વાહનો માટે પ્રવેશ બંધી લગાવવામાં આવી છે. જ્યારે સિંધુ ભવન રોડ પર ઝાઝરમાન ચાર રસ્તાથી તાજ સ્કાય લાઈન ચાર રસ્તા સુધીનો બંને તરફનો માર્ગ બંધ રહેશે. સમથેશ્વર મહાદેવથી બોડીલાઈન ચાર રસ્તા, ગુલબાઈ ટેકરાથી બોડી લઈને ચાર રસ્તા થઈ સમથેશ્વર મહાદેવ તરફ બંને બાજુનો રોડ ચાલુ રાખીને સી.જી. રોડ ક્રોસ કરી શકાશે, પરંતુ સીજી રોડ ઉપર વાહન હંકારી શકાશે નહીં. મીઠાખળી સર્કલથી ગિરીશ કોલ્ડ ડ્રિંક્સ ચાર રસ્તા થઈ સેન્ટ ઝેવિયર્સ રોડ તથા નવરંગપુરા બસ સ્ટેન્ડથી સ્વસ્તિક ચાર રસ્તા થઈ કોમર્સ છ રસ્તા થઈ સી.જી. રોડ જઈ શકાશે. અમિત શાહના પ્રવાસને લઈને અમદાવાદ શહેર



પોલીસ કમિશનર દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. અમદાવાદ શહેરના તમામ વિસ્તારોમાં નો-ડ્રોન ફ્લાય ઝોન જાહેર કરવામાં આવ્યો છે. ડ્રોન, ક્વાડ કોપટર, પાવર્ડ એરક્રાફ્ટ તેમજ માનવ સંચાલિત માઈક્રો લાઈટ એરક્રાફ્ટ, પેરા મોટર, હોટ એર બલૂન ચલાવવાની મનાઈ ફરવામાં આવી છે. નો-ડ્રોન ફલાય ઝોન 27 ડિસેમ્બર સાંજે 6 વાગ્યાથી 28 ડિસેમ્બર રાત્રે 12 વાગ્યા સુધી અમલમાં રહેશે. જાહેર જનતાની સલામતીને ધ્યાનમાં રાખીને આ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જો કોઈ જાહેરનામાનો ભંગ કરશે તો તેના સામે ભારતીય ન્યાય સંહિતા 2023ની કલમ મુજબ કાર્યવાહી પણ કરવામાં આવશે. ઝાઝરમાન ચાર રસ્તાથી અશ્વમેઘ બંગલો ચાર રસ્તા થઈ કાલી બારી મંદિર રોડ થઈ ઉમિયા ટ્રેડર્સ ટી થઈ તાજ સ્કાયલાઈન તરફ જઈ શકાશે. શહેરમાં સવારે 8 વાગ્યાથી રાત્રિના 11 વાગ્યા સુધી ભારે તથા મધ્યમ પ્રકારનાં માલવાહક અને પેસેન્જર વાહનો પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. પેસેન્જર વાહન સિવાયના તમામ પ્રકારનાં વાહનો એસ.જી હાઈવે એટલે કે સરખેજ ગાંધીનગર હાઈવે પર 31 ડિસેમ્બર રાત્રે 8 વાગ્યાથી 1 જાન્યુઆરી મોડીરાતના 3 વાગ્યા સુધી અવરજવર કરી શકશે નહીં. વાહનચાલકોને પ્રતિબંધિત વિસ્તાર સિવાયના સરદાર પટેલ રિંગ રોડનો ઉપયોગ કરવો પડશે. પેસેન્જર વાહન સિવાયના તમામ પ્રકારનાં વાહનો એસ.જી હાઈવે એટલે કે સરખેજ ગાંધીનગર હાઈવે પર 31 ડિસેમ્બર રાત્રે 8 વાગ્યાથી 1 જાન્યુઆરી મોડીરાતના 3 વાગ્યા સુધી અવરજવર કરી શકશે નહીં. વાહનચાલકોને પ્રતિબંધિત વિસ્તાર સિવાયના સરદાર પટેલ રિંગ રોડનો ઉપયોગ કરવો પડશે.

# કુવારપાઠાનાં ફૂલનું શાક, રાગીના ગુલાબજાંબુ

### જો આ પ્રકારના જરા હટકે ખાવાના શોખીન હોવ તો અમદાવાદમાં ચાલી રહેલા 'વીસરાતી વાનગી મહોત્સવ'માં પહોંચી જજો

**અમદાવાદ, તા.27**

અમદાવાદીઓએ અલગ-અલગ કલ્ચરને હંમેશાં આવકાર આપ્યો છે. એમાં પણ ફૂડની વાત આવે તો અમદાવાદીઓ ક્યારેય પણ પાછા પડતા નથી. નવા સ્વાદની વાત આવે અને અમદાવાદીઓમાં એને ટેસ્ટ કરવાની થનગનાટ ના થાય એવું બને જ નહીં. સાઉથ ઈન્ડિયન અને ચાઈનીઝથી માંડી અમેરિકી, મેક્સિકન ફૂડને પણ હવે તો લોકો પસંદ કરી રહ્યા છે. રોજબરોજના જીવનમાં ઈન ઓર્ગેનિક પદાર્થો અને અને ફાસ્ટ ફૂડ ખાવા સહજ રીતે ટેવાઈ ગયા છીએ. એના કારણે સાત્ત્વિક વાનગીઓ ભુલાઈ રહી છે. એના કારણે ભાગવત વિદ્યાપીઠ પરિષદમાં વીસરાતી વાનગીઓનો મહોત્સવ યોજવામાં આવ્યો છે. આ સાત્ત્વિક મહોત્સવ આપણને વીસરતા ખાદ્ય વારસાની પુનઃ યાદ અપાવે છે. અમદાવાદમાં ખાવાના શોખીનો માટે ફાસ્ટ ફૂડનો નહીં, પરંતુ વીસરાતી વાનગીઓનો મહોત્સવ યોજાયો છે. સોલામાં આવેલી ભાગવત વિદ્યાપીઠના પરિસરમાં વીસરાતી વાનગીઓનું મહોત્સવ યોજાયો છે, જે આજથી લઈને આગામી 31 ડિસેમ્બર સુધી ચાલવાનો છે, જેમાં આ વર્ષે ફેસ્ટિવલમાં વાનગીઓના મહોત્સવમાં ગરમ વાનગીના કુલ 70 સ્ટોલ છે, જેમાં 450 કરતાં વધારે વીસરાતી વાનગીઓ બનાવવામાં આવી છે.

# CMએ રમકડાં આપતાં ભૂલકાં ટોળું વળ્યાં

**અમદાવાદ, તા.27**

અમદાવાદના ફન બ્લાસ્ટમાં આજે રાજ્યના CM ભૂપેન્દ્ર પટેલે કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રી અમિત શાહ પ્રેરિત 'રમશે બાળક ખીલશે બાળક' અંતર્ગત આંગણવાડીના નાના ભૂલકાઓ સાથે સમય વિતાવીને તેમના ચહેરા પર હાસ્ય ખીલવ્યું હતું. મુખ્યમંત્રીએ પદ અને હોદ્દાનો ભાર છોડીને 'દાદા' બનીને બાળકો સાથે ગોષ્ઠિ કરી, પ્રશ્નોત્તરીમાં ભાગ લીધો, વિવિધ ગેમ્સ રમતા નિહાળ્યા, નાસ્તો કરાવ્યો અને રમકડાં વહેંચીને વહાલ વરસાવ્યું હતું. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે 27 ડિસેમ્બરના રોજ સવારે 10 વાગ્યે અમદાવાદના



એસ.જી. હાઈવે ખાતે આવેલા ફન બ્લાસ્ટમાં પહોંચ્યા હતા. ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં આવતી તમામ વિધાનસભાની આંગણવાડીનાં બાળકો દર શનિવારે એસ.જી. હાઈવે અને સિંધુભવન રોડ પર આવેલા ફન બ્લાસ્ટ ખાતે ગેમ ઝોનમાં રમત રમવા માટે અને મજા કરવા માટે આવતાં હોય છે ત્યારે આજે નાનાં બાળકોની સાથે સમય વિતાવવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પહોંચ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ગાંધીનગર સંસદીય ક્ષેત્રના ઉપક્રમે 'રમશે બાળક ખીલશે બાળક' ઉમદા અભિયાન અંતર્ગત ગાંધીનગર સંસદીય ક્ષેત્રની આંગણવાડીના બાળકો માટે રમકડાં વિતરણ તેમજ મનોરંજન પ્રવાસ કાર્યરત છે. ગરીબ બાળકના જીવનમાંથી અસંતોષ દૂર થાય અને તેમના ચહેરા પર હાસ્ય રેલાવી શકાય, બાળપણને માણવાની આ બાળકોને મનોરંજન માટે સમાન તક મળે તેવા માનવીય સંવેદના સાથેના આ અભિગમના અનુસંધાને પ્રત્યેક મહિનાના બીજા અને ચોથા શનિવારે લોકસભામાં સમાવિષ્ટ વિભિન્ન વિધાનસભા ક્ષેત્રોની આંગણવાડીના બાળકો માટે મનોરંજન પ્રવાસ યોજવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત ગાંધીનગર સંસદીય ક્ષેત્રમાંથી બિન વપરાશી રમવા લાયક એકત્રિત કરાયેલા રમકડાઓનું વિતરણ પણ આ પ્રવાસ દરમિયાન કરવામાં આવી રહ્યું છે. આ અનુપમ પહેલનો શુભારંભ વર્ષ 2023ના ઓગસ્ટ માસથી કરવામાં આવ્યો હતો. જેમાં પ્રત્યેક પ્રવાસમાં બેથી ત્રણ આંગણવાડીના 3થી 6 વર્ષના બાળકોનો સમાવેશ કરવામાં આવે છે. 2023માં 425 અને 2025માં 215 આંગણવાડીઓના સમાવેશ સાથે વર્તમાન સ્થિતિએ કુલ 3300થી વધુ બાળકોને આ ઉમદા પ્રવાસનો આનંદ માણવા મળ્યો છે. 14 ઓક્ટોબર, 2023ના રોજ શાહ પણ આ મનોરંજન પ્રવાસમાં સ્વયં ઉપસ્થિત રહીને બાળકો સાથે ગોષ્ઠિ કરી ચૂક્યા છે.

# અમદાવાદમાં વેપારીઓ સાથે કરોડોની છેતરપિંડીનો ખેલ : શાહીબાગમાં 1.58 કરોડ, કુબેરનગરમાં 91 લાખ અને નવરંગપુરામાં 1.29 કરોડની ઠગાઈ

**અમદાવાદ, તા.27**

અમદાવાદ શહેરના વેપારીઓ છેતરપિંડીનો ભોગ બની રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસથી કાપડના વેપારીઓ સાથે અન્ય વેપારીઓ છેતરપિંડી આચરી રહ્યા છે. શાહીબાગમાં વેપારી સાથે 1.58 કરોડની, કુબેરનગરના વેપારી સાથે 91 લાખની અને નવરંગપુરા ના વેપારી સાથે 1.29 કરોડની અન્ય વેપારીઓ છેતરપિંડી આચરી છે. ફરિયાદી વેપારી પાસેથી માલ ખરીદ્યા બાદ ટુકડે ટુકડે રકમ આપી જે બાદ મોટું પેમેન્ટ આપ્યું નહીં. જ્યારે ફરિયાદીઓએ પેમેન્ટ માટેની માંગણી કરતા અન્ય વેપારીઓએ આપવાનો ઈનકાર કરી દીધો હતો. જેથી, ફરિયાદીઓએ આર્થિક ગુના નિવારણ શાખામાં ફરિયાદ નોંધાવી છે. શાહીબાગમાં રહેતા નીરવ કનોડિયાની 'કનોડિયા ડેનિમ' નામની ઓફિસ સારંગપુર વિસ્તારમાં આવેલી છે. નીરવ કનોડિયા બેનીમ ફેબ્રિકનો વેપાર કરે છે. નીરવ કનોડિયા પાસેથી નંદપ્રિયા ફેબ્રિક્સ પ્રાઈવેટ લિમિટેડના ડાયરેક્ટર સંજય પાંડે અને નિરૂપમા પાંડેએ વિશ્વાસ કેળવી જથ્થાબંધ ડેનિમ ફેબ્રિકનો માલ ખરીદ્યો હતો. 8.35 કરોડનો માલ ખરીદી 90 દિવસમાં પેમેન્ટ ચૂકવવાની ખાતરી આપી હતી. જે બાદ ટુકડે-ટુકડે 2019થી 2023 સુધીમાં 6.76 કરોડ રૂપિયા ચૂકવ્યા હતા તેમછતાં 1.58 કરોડ રૂપિયા લેવાના બાકી હોવાથી નીરવ કનોડિયાએ ઉઘરાણી કરતા બાકીના રૂપિયા આપવાની મનાઈ ફરમાવી દીધી હતી. જે બાદ તેની દુકાનના સરનામા પર જઈને તપાસ કરતા દુકાન બંધ કરી ભાગી ગયો હોવાનું સામે આવતા ફરિયાદીએ બંને લોકો સામે 1.58 કરોડની છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. નીરવ કનોડિયા પાસેથી કલરિધાન ટ્રેન્ડસ લિમિટેડના માલિક આદિત્ય નિરંજન અગ્રવાલે કંપનીના દલાલ મહેશ મારફતે નંદપ્રિયા ફેબ્રિક્સ પ્રાઈવેટ લિમિટેડમાં 64 લાખથી પણ વધુનો માલ ખરીદ્યો હતો.

# અમદાવાદમાં ભગવા સેનાએ ક્રિસમસ ટ્રી ઉતારીને ફેંક્યાં

**અમદાવાદ, તા.27**

હિંદુ સંગઠનો દ્વારા નાતાલની ઉજવણીને લઈને વિરોધ કરવામાં આવી રહ્યો છે. આજે 27 ડિસેમ્બરના રોજ અમદાવાદના એસજી હાઈવે પર થલતેજ નજીક આવેલા પેલેડિયમ મોલમાં ભગવા સેના દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. ભગવા સેનાના ચારથી પાંચ કાર્યકર્તા પેલેડિયમ મોલ ખાતે પહોંચી ગયા હતા અને મોલમાં લગાવવામાં આવેલા ક્રિસમસ ટ્રીને નીચે પાડી તોડફોડ કરવામાં આવી હતી. જે પણ ક્રિસમસ ટ્રી લગાવ્યાં હતાં એને તાત્કાલિક દૂર કરવા માટે ભગવા સેના દ્વારા માગ કરવામાં આવી હતી. ઘટનાની જાણ પોલીસને કરવામાં આવતાં ઘટનાસ્થળે પહોંચી કાર્યકર્તાઓની અટકાયત કરી લઈ ગઈ હતી. ઉલ્લેખનીય છે કે 25 ડિસેમ્બરથી લઈ 31 ડિસેમ્બર સુધી નાતાલ અને નવા વર્ષની ઉજવણીને લઈને અલગ-અલગ જગ્યાઓ અને મોલ પર ક્રિસમસ ટ્રી, સાંતાક્લોઝ, લાઈટિંગ સહિતના શણગાર કરવામાં આવતા હોય છે.

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત આપે છે તક...**

**બનો સોશિયલ જર્નાલિસ્ટ**

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

વોટ્સએપ નંબર - 8980070599

